દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 299 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ વદ-૩૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 December 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વિપક્ષના દેકારા વચ્ચે જી-રામ-જી ખરડો મંજૂર

## વિપક્ષે ખરડાનાં કાગળો ફાડી કેન્દ્રીય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણ પર ફેંક્યા: રાષ્ટ્રવ્યાપી લડત શેરીઓમાં લઈ જવાની ખડગેની ધમકી

નવી દિલ્હી: લોકસભામાં ગુરુવારે વિરોધ પક્ષોના વિરોધ વચ્ચે વીબી-જી-રામ-જી બીલ પાસ થયું હતું. ખરડો પસાર થયા બાદ વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો અને બિલના કાગળો ફાડીને ફેંકી દીધા હતા. ગૃહમાં વાતાવરણ એટલું તંગ બની ગયું કે કાર્યવાહી શુક્રવાર સુધી સ્થગિત કરવી પડી હતી. વિકસિત ભારત ગેરન્ટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) બિલ, જેને વીબી-જી-રામ-જી તરીકે પણ ઓળખવામાં આવે છે.આ બિલ ૨૦ વર્ષ જૂના મનરેગા યોજનાનું સ્થાન લેશે, જે દર વર્ષે ૧૨૫ દિવસો માટે ગ્રામીણ રોજગારની ગેરન્ટી આપે છે. આ બિલ વિપક્ષના વિરોધ વચ્ચે પાસ થયું હતું અને કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણે ભારપૂર્વક જણાવ્યું હતું કે યોજનામાં ખામીઓ સુધારવા માટે આ ફેરફાર જરૂરી હતો.

બિલ પર આઠ કલાકની ચર્ચાનો જવાબ આપતા ગ્રામીણ વિકાસ મંત્રી ચૌહાણે કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા અને દાવો કર્યો હતો કે વિપક્ષી પાર્ટીએ મહાત્મા ગાંધીના આદર્શોની ઘણી વખત 'હત્યા' કરી છે અને રાજકીય ફાયદા માટે તેમના નામનો ઉપયોગ કર્યો છે.ચૌહાણે જણાવ્યું હતું કે યુપીએ શાસન દરમિયાન મનરેગામાં ખૂબ ભ્રષ્ટાચાર થતો હતો નક્કી કરેલા કામો માટે સામગ્રી ખરીદવા પર અપેક્ષિત ભંડોળનો ખર્ચ કરવામાં આવ્યો ન હતો.

રાજ્યોને અપેક્ષા મુજબ ભંડોળ ફાળવવામાં આવતું ન હતું. મનરેગા કાયદો સમસ્યાઓથી ઘેરાયેલો હતો. કાયદા મુજબ, ૬૦ ટકા ભંડોળ મજૂરી પર અને ૪૦ ટકા સામગ્રી પર ખર્ચવાનું હતું. પરંતુ ફક્ત ૨૬ ટકા સામગ્રી પર ખર્ચ કરવામાં આવ્યો હતો અને ભંડોળની ચોરી કરવામાં આવતી હતી. મનરેગા હેઠળ ભ્રષ્ટાચાર વ્યાપક હતા.

સંસદના સંકુલમાં ગુરુવારે વિપક્ષના સાંસદોએ વિકસિત ભારત-ગેરંટી ફૉર રોજગાર ઍન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) ('જી-રામ-જી') ખરડાનો ભારે વિરોધ કર્યો હતો અને તેને પગલે ઘણી ધાંધલ-ધમાલ થઇ હતી.

કૉંગ્રેસના વડા મલ્લિકાર્જુન ખડગેએ આ ખરડાને 'વિશ્વની સૌથી મોટી રોજગાર યોજના પદ્ધતિસર બંધ કરાવવાના કાવતરાં સમાન' ગણાવ્યો હતો અને આ ખરડા સામેની રાષ્ટ્રવ્યાપી લડત શેરીમાં લઇ જવાની ધમકી આપી હતી.

વિપક્ષના સાંસદો 'મહાત્મા ગાંધી એનઆરઇજીએ'નું વિશાળ બૅનર લઇને પ્રેરણાસ્થળ ખાતેની મહાત્મા ગાંધીની પ્રતિમાથી લઇને મકર દ્વાર સુધી ગયા હતા અને સરકાર-વિરોધી સૂત્રોચ્ચાર કર્યો હતો.

કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, કૉંગ્રેસ મહાસભાના મહામંત્રી કે. સી. વેણુગોપાલ, દ્રમુકનાં કે. કનિમોઝી, ટી. આર. બાલુ, એ. રાજા, આઇયુએમએલના ઇ.ટી. મોહંમદ બશીર, શિવસેના (યુબીટી)ના અરવિંદ સાવંત અને આરએસપીના એન. કે. પ્રેમચંદ્રન સહિત વિપક્ષના અનેક સાંસદે વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.ખડગેએ દેખાવ બાદ 'એક્સ' પરના પોસ્ટમાં હિંદીમાં લખ્યું હતું કે મોદી સરકારે માત્ર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું અપમાન નથી કર્યું, પરંતુ ભારતના ગામડાંમાં લોકોને રોજગારી માટેના અધિકારથી વંચિત રાખવામાં આવી રહ્યા છે.

ખડગેએ અન્ય પોસ્ટમાં આક્ષેપ કર્યો હતો કે આ માત્ર એમજીએનઆરઇજીએનું નવું નામ આપવાની વાત નથી, પરંતુ વિશ્વની સૌથી મોટી રોજગારી યોજનાને બંધ કરાવવાનું ષડ્યંત્ર છે. કૉંગ્રેસનાં વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી મકર દ્વાર ખાતેથી વિપક્ષના અન્ય સાંસદોની સાથે વિરોધ પ્રદર્શનમાં જોડાયાં હતાં. (એજન્સી)



વિરોધપ્રદર્શન: બ્રસેલ્સમાં ગુરુવારે ઈયુ સમિટની બહાર વિરોધપ્રદર્શન દરમિયાન ખેડૂતોએ ટ્રેક્ટરથી રસ્તામાં અવરોધ ઊભો કરી કરેલા વિરોધપ્રદર્શન દરમિયાન પીપળામાં ભભૂકી રહેલી આગ. (એજન્સી)

# એ મહિલા જહન્નમમાં જાય: ગિરિરાજ સિંહ

## હિજાબ ખેંચવાને મામલે નીતીશના ટેકામાં બોલતી વખતે ભાજપના કેન્દ્રીય પ્રધાને બળતામાં ઘી હોમ્યું

નવી દિલ્હી/પટણા: બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારે પટણામાં પોતાના સચિવાલય ખાતે સોમવારે 'આયુષ' ડૉક્ટરોને અપૉન્ટમેન્ટ લૅટર (નિમણૂક પત્ર) આપતી વખતે એક મુસલમાન મહિલાનો 'નકાબ' ખેંચી કાઢતા ઊભો થયેલો વિવાદ ચોથા દિવસે વધ્યો હતો, કારણ કે કેન્દ્રના પ્રધાન ગિરિરાજ સિંહે નીતીશ કુમારના આ પગલાંનો બચાવ કરતા જણાવ્યું હતું કે (જેનો નકાબ ખેંચાયો હતો તે) મહિલાએ નિમણૂક (અપૉઇન્ટમેન્ટ લૅટર) સ્વીકારવો કે નકારવો, તે નક્કી કરવાનું રહે છે અથવા તે જહન્નમ (નરક)માં જાય. હિજાબ ખેંચવાની ઘટના પછી એ મહિલા ડૉક્ટરે પોતાનો અપૉઇન્ટમેન્ટ લેટર સ્વીકાર્યો નથી.

ગિરિરાજ સિંહનું આ નિવેદન વીડિયો સાથે બહુ જ ફેલાતા બીજો મોટો રાજકીય વિવાદ ઊભો થયો છે અને તેમની પાસે માફીની માગણી થઇ રહી છે.

અગાઉ, મુખ્ય પ્રધાન નીતીશ કુમારે એક મુસલમાન મહિલા 'આયુષ' ડૉક્ટર પોતાની નિમણૂકનો પત્ર લેવા આવી ત્યારે તેનો નકાબ ખેંચી કાઢ્યો હતો અને બોલ્યા હતા કે 'આ શું છે?' (બુરખો પહેરીને કેમ આવ્યા). બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારનો એક મહિલા ડૉક્ટરનો હિજાબ ઉતારતા વાયરલ વીડિયો મામલે ભાજપના નેતા અને કેન્દ્રીય પ્રધાન ગિરિરાજ સિંહે ગુરુવારે દાવો કર્યો હતો કે મુખ્ય પ્રધાનની કાર્યવાહીમાં કંઈ ખોટું નથી.તેમની ટિપ્પણી વિપક્ષી પક્ષો દ્વારા કરવામાં આવેલી આકરી ટીકા વચ્ચે આવી છે, જેમણે આ ઘટનાને અયોગ્ય અને અપમાનજનક ગણાવી છે.પત્રકારો સાથે વાત કરતા, સિંહે દલીલ કરી હતી કે આ ઘટનાને ધાર્મિક દૃષ્ટિકોણથી જોવી જોઈએ નહીં અને કુમારની કાર્યવાહીને પ્રક્રિયાગત ગણાવી હતી.

તેમણે કહ્યું કે નીતીશ કુમારે કંઈ ખોટું કર્યું નથી. જો કોઈ પોતાનો નિમણૂક પત્ર લેવા જાય, તો શું તેઓ પોતાનો ચહેરો નહીં બતાવે? શું આ ઇસ્લામિક રાષ્ટ્ર છે? નીતીશ કુમારે વાલી તરીકે આ કર્યું. શું તમે પાસપોર્ટ ઓફિસ જાઓ છો ત્યારે તમારો ચહેરો નથી બતાવતા? શું તમે એરપોર્ટ જાઓ છો ત્યારે તમારો ચહેરો નથી બતાવતા? આ ભારત છે અને તે કાયદાના શાસન દ્વારા સંચાલિત થશે. નીતીશ કુમારે જે કર્યું તે સાચું છે.

આ અઠવાડિયાની શરૂઆતમાં પટણામાં મુખ્ય પ્રધાનના નિવાસસ્થાને નવા ભરતી થયેલા આયુષ ડોકટરો માટે નિમણૂક પત્ર વિતરણ કાર્યક્રમ દરમિયાન બનેલી એક ઘટનાથી આ વિવાદ ઉભો થયો હતો. નુસરત પરવીન તરીકે ઓળખાતી એક મહિલા ડોકટર હિજાબથી ચહેરો ઢાંકીને સ્ટેજ પર આવી ત્યારે કુમાર નારાજ દેખાયા હતા, તેમણે ટિપ્પણી કરી હતી કે, આ શું છે? અને નીચે ઝૂકીને બુરખો નીચે ખેંચી લીધો.

એક અધિકારીએ મહિલાને બાજુ પર ખસેડી ત્યારે તે સ્પષ્ટપણે અસ્વસ્થ દેખાઈ, જ્યારે સમ્રાટ ચૌધરી કુમારની બાંય ખેંચતા દેખાયા, દેખીતી રીતે તેમને રોકવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

મુખ્ય પ્રધાન કાર્યાલયના જણાવ્યા અનુસાર, કાર્યક્રમમાં આયુર્વેદ, હોમિયોપેથી અને યુનાની પ્રેક્ટિશનરો સહિત ૧,૨૮૩ આયુષ ડોકટરને નિમણૂક પત્રોનું વિતરણ સામેલ હતું, જેમાં ફક્ત ૧૦ને રૂબરૂ પત્રો મળ્યા હતા અને બાકીનાને ઓનલાઇન પત્રો અપાયા હતા. (એજન્સી)

dt Dolphin Tours & Travels® 2026

**U.S.A.**
21 NIGHTS OR 17 NIGHTS
24 Apr. | 8, 15, 29 May | 5, 19 Jun.




WHY ONLY WITH DOLPHIN?
- OWNER સમીર/જુગલ શાહ Start to End
- CONFIRMED 100% Guaranteed Hotels
- 2 Internal flights with 2 PC bags per person
- Expensive Branded Indian Restaurants
- ADDITIONAL DISCOUNT IF TOTAL GUESTS:
- Above 42 : USD 200 off per person

21 Nights: $7050 = ₹6,28,000* per adult
17 Nights: $5750 = ₹5,12,000* per adult
+ Air Ticket + GST + TCS + VISA

**CANADA**
10 NIGHTS + 7N ALASKA CRUISE
2 July (Only in PEAK Season)



WHY ONLY WITH DOLPHIN?
- OWNER સમીર શાહ from Start to End
- CONFIRMED 100% Guaranteed Hotels
- 2 Lake boat rides - ONLY WITH DOLPHIN
- 2 Cable car rides - ONLY WITH DOLPHIN
- Mt. Robson and Helmcken Waterfalls
- ADDITIONAL DISCOUNT IF TOTAL GUESTS:
Above 38 : USD 200 off per person

Per Adult (2 in 1 room) = $4800 = ₹4,28,000*
+ Alaska Cruise + Air Ticket + GST + TCS + VISA

**JAPAN**
11 NIGHTS / 12 DAYS
24 Mar* | 31 Mar* | 7, 18 Apr | 7 May



CHERRY BLOSSOM & ALPINE ROUTE
- OWNER સમીર/જાગૃતિ શાહ Start to End
- SHIBUYA SKYDECK 750m above the ground
- Tea Ceremony, Gardens, Castles, etc.
- Ninja Samurai Museum with experience
- Hiroshima with 2-way BULLET TRAIN
- ADDITIONAL DISCOUNT IF TOTAL GUESTS :
Above 38 : USD 200 off per person

*Per Adult (2 in 1 room) = $4050 = ₹3,60,000*
+ Air Ticket + GST + TCS

BOOK EARLY & GET MAXIMUM DISCOUNT TILL 31 DECEMBER 2025 ONLY.

www.dolphintravels.com
info@dolphintravels.com
FOLLOW US NOW
Jugal Shah: +91 97690 00799
Sameer Shah: +91 98200 26046
Harshad / Bhakti: +91 83695 11649
410-411 ZEST Building, M.G. Road, Above RBL Ghatkopar E, Mumbai.
SCAN THE CODE & DOWNLOAD ITINERARY

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નીતીશે બુરખો ખેંચ્યો તેનો બચાવ ના કરી શકાય

**ભારતમાં** સાવ ફાલતું કહેવાય એવા મુદ્દાઓને ચગાવીને ચોળીને ચિકણું કરવાની ફેશન છે ને નીતીશ કુમારે બિહારમાં એક ડૉક્ટર યુવતીનો હિજાબ એટલે કે બુરખો ખેંચ્યો એ મુદ્દે એવું જ થઈ રહ્યું છે. નીતીશની હરકત યોગ્ય નથી તેમાં બેમત નથી પણ તેમાં આભ તૂટી પડ્યું હોય એવો દેકારો મચાવી દેવાની પણ જરૂર નથી. સામે નીતીશ મુસ્લિમ ડૉક્ટર યુવતીની માફી માગીને આ વિવાદ પર પડદો પાડી શકે પણ તેમને પણ અહમ નડતો હશે તેથી જેમાં કોઈ દમ જ નથી એવી ઘટના રાષ્ટ્રીય વિવાદનો મુદ્દો બની ગઈ છે.

આ વિવાદમાં ઘણાં લોકો પોતાનો રોટલો શેકી રહ્યા છે. કેટલાક નમૂના આખી વાતને ઈસ્લામના નિયમો અને હિજાબની પવિત્રતા સાથે જોડીને જુદું જ વાજું વગાડી રહ્યા છે તો સોશ્યલ મીડિયાના કારણે જેમની દુકાનો ચાલે છે એવી કેટલીક કહેવાતી સેલિબ્રિટી તો નીતીશને થપ્પડ મારવાની ને તેમની ધોતી ઉતારી નાખવા સુધીની વાતો પર પહોંચી ગઈ છે. નીતીશે કરેલી હરકત કરતાં પણ વધારે છિછરી હરકત કરવાની હોડ જામી ગઈ છે.

આ મોંકાણ મંડાઈ તેના મૂળમાં અઠવાડિયાં પહેલાંની ઘટના છે. ગયા અઠવાડિયે બિહારમાં ૧,૦૦૦ થી વધુ આયુષ ડૉક્ટરોને નિમણૂક પત્ર આપવા માટેના સમારોહમાં ડૉ. નુસરત પરવીન નામની મુસ્લિમ મહિલા હિજાબ એટલે કે બુરખો પહેરીને આવેલી. નુસરત પોતાનો એપોઈન્ટમેન્ટ લેટર લેવા માટે હિજાબ પહેરીને જ સ્ટેજ પર ગઈ હતી. નીતીશે તેને એપોઈન્ટમેન્ટ લેટર આપીને અભિનંદન આપ્યા પછી શું કુમતિ સૂઝી કે, નુસરતના ચહેરા પરથી બુરખો ખેંચીને નીચે કરી દીધો. અત્યારે મોબાઈલ ફોન હાથવગા છે તેથી નીતિશની હરકતનો વીડિયો ઉતરી ગયો ને આરજેડીએ વાઇરલ કરી દીધો તેમાં નીતીશ વાયપે ચડી ગયા.

નીતીશે આવી હરકત કેમ કરી એ ખબર નથી. ચહેરા પર બુરખો પહેરેલો હોય તેથી ફોટો સારો નહીં આવે એવું નીતીશને લાગ્યું હશે કે પછી પડદે કે પીછે ક્યા હૈ એ જાણવાની ચટપટી થઈ તેની ચોખવટ તો નીતિશ જ કરી શકે પણ નીતીશની આ હરકતે બબાલ ઉભી કરી દીધી છે. આ બબાલમાં રાજકારણીઓથી માંડીને સેલિબ્રિટી સુધીના બધા કૂદી પડ્યા છે અને ભાજપ-જેડીયુના બે-ચાર નેતાને બાદ કરતાં બીજાં બધાં નીતીશના માથે માછલં ધોઈ રહ્યા છે. નીતીશે નુસરત સાથે ગંદી હરકત કરી છે એવા આક્ષેપોનો મારો પણ ચાલી રહ્યો છે અને નીતીશે નુસરતની માફી માગવી જોઈએ એવી માગ પણ થઈ રહી છે. કોંગ્રેસે તો નીતીશની હરકતને અધમ ગણાવીને રાજીનામાની માગણી પણ કરી નાખી છે. આરજેડીએ સોબત એવી અસરનો રાગ છેડીને નીતીશના કૃત્યને ભાજપ-સંઘની સંગતની અસર ગણાવી છે.

ભાજપના ગિરિરિજસિંહ નીતીશના ખુલ્લેઆમ બચાવમાં બહાર આવ્યા છે. ગિરિરાજનું કહેવું છે કે, ભારત મુસ્લિમ રાષ્ટ્ર નથી કે એપોઈન્ટમેન્ટ લેટર લેવા આવનારી છોકરીએ તેનો ચહેરો બુરખામાં છૂપાવીને આવવું પડે. પાસપોર્ટ લેવા જાઓ કે એરપોર્ટ પર જાઓ ત્યારે ચહેરો બતાવવામાં વાંધો નથી હોતો તો સરકારી કાર્યક્રમમાં ચહેરો બતાવવામાં શું વાંધો છે ? ગિરિરાજે તો નીતીશને છોકરીના ગાર્ડિયન ગણાવીને ખોખારીને કહ્યું છે કે, નીતીશે કશું જ ખોટું કર્યું નથી.

આ કડાકૂટ વચ્ચે મુસ્લિમ મહિલાઓને બુરખો પહેરવાની ફરજ પડાય છે એવો નવો ફણગો ફૂટી ગયો છે. તેમાં પણ કહેવાતી સેલિબ્રિટીઓ કૂદી પડી છે. કેટલાકનું કહેવું છે કે, મુસ્લિમ મહિલાઓ પોતાની ચોઈસ એટલે કે પસંદગીથી બુરખો પહેરે છે ને કોઈ જબરદસ્તી કરાતી નથી. બીજી તરફ જાવેદ અખ્તર સહિતની સેલિબ્રિટીનું કહેવું છે કે, હું પોતે પડદા પ્રથાનો વિરોધી છું અને કોઈ સ્ત્રી પોતાનો ચહેરો બતાવે તેમાં કોઈ અશ્લીલતા નથી તેથી બુરખાથી અશ્લીલતા રોકાય છે એ વાત બકવાસ છે. જો કે જાવેદ અખ્તરે પણ નીતીશની હરકતને અયોગ્ય ગણાવીને બિનશરતી માફીની માગણી તો કરી જ છે.

નીતીશે કશું ખોટું કર્યું નથી એ બચાવ લૂલો છે. ડૉ. નુસરત પરવીને એપોઈન્ટમેન્ટ લેટર લેવા માટે આવતી વખતે બુરખો પહેરીને નહીં પણ ખુલ્લા ચહેરે જ આવવું જોઈએ એ વાત સાચી છે પણ આ બુરખો દૂર કરવાનું કામ મુખ્યમંત્રીનું નથી. વાસ્તવમાં નુસરત સ્ટેજ પર આવી એ પહેલાં જ તેનો બુરખો દૂર કરવાની સૂચના આપી દેવાની જરૂર હતી પણ નીતીશના સ્ટાફથી ચૂક થઈ ગઈ તેમાં નુસરત બુરખા સાથે સ્ટેજ પર પહોંચી ગઈ.

નીતીશના ધ્યાન પર આ વાત આવી પછી તેમણે નુસરતને બુરખો દૂર કરવાની સૂચના આપવાની જરૂર હતી. પોતે બુરખો ખેંચે એ શિષ્ટાચાર ના કહેવાય એ યાદ રાખવાની જરૂર હતી. નીતીશની માનસિક સ્થિતી સારી નથી એ જોતાં તેમને આ વાત યાદ ના રહી હોય એવું બને પણ એ ભૂલ જ કહેવાય તેથી તેનો બચાવ કરવાની જરૂર નથી. ગિરિરાજ સહિતના ભાજપના નેતાઓએ નીતીશનો બચાવ કરવાના બદલે નીતીશને સલાહ આપવી જોઈએ કે, માફી માગીને કકળાટ ખતમ કરે પણ તેના બદલે એ લોકો બળતામાં ઘી હોમી રહ્યા છે કેમ કે તેમના રાજકીય ફાયદાની વાત છે.

બુરખાને મુદ્દે થઈ રહેલી ચોવટ પણ નકામી છે કેમ કે બુરખો પહેરવો કે ના પહેરવો એ વ્યક્તિગત પસંદગીની બાબત છે. ભારત મુસ્લિમ રાષ્ટ્ર નથી એ સાચું પણ સામે ભારતમાં બુરખો પહેરવા પર પ્રતિબંધ નથી એ પણ એટલી જ સાચી વાત છે એ જોતાં કોઈને બુરખો નહીં પહેરવાની ફરજ ના પાડી શકાય. જે રીતે આપણી બહેન-દીકરીઓ સલવાર-કમીઝ કે જીન્સ, ટીશર્ટ વગેરે પહેરે છે એ રીતે બુરખો પણ પહેરી જ શકે.

મુસ્લિમ મહિલાઓ બુરખો પોતાની પસંદગીથી પહેરે છે કે નહીં એ મુદ્દો પણ વાહિયાત છે અને એ અંગે કોઈ ચર્ચાનો અર્થ નથી. આપણો સમાજ પુરૂષ પ્રધાન છે તેથી પુરૂષોને યોગ્ય લાગે એવી પ્રથાઓ મહિલાઓએ મને-કમને પાળવી જ પડે છે. હિંદુ સમાજ તો મુસ્લિમો કરતાં ઘણો સુધરેલો છે છતાં ઘણે દોઢ હાથના ઘૂમટા તાણીને સ્ત્રીઓ રહે જ છે ને ?

બુરખાની મગજમારી ચાલી રહી છે ત્યારે જ યુપીમાં એક મુસ્લિમ યુવકે બુરખો નહીં પહેરતી પત્નીની હત્યા કરી નાખી એવી ઘટના બની છે. ઘણી મુસ્લિમ મહિલાઓ આ પ્રકારનાં રીએક્શનના ડરથી બુરખા પહેરતી હોય ને કોઈ ચોઈસથી પહેરતી હોય એવું બને. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર હેમંતઋતુ, શુક્રવાર, તા. ૧૯-૧૨-૨૦૨૫, દર્શઅમાસ, અન્વાધાન

- ભારતીય દિનાંક ૨૮, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ વદ-૩૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૩૦
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૯મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર જયેષ્ઠા રાત્રે ક. ૨૨-૫૦ સુધી, પછી મૂળ
- ચંદ્ર વૃશ્ચિકમાં રાત્રે ક. ૨૨-૫૦ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૭, અમદાવાદ. ૦૭ મિ. ૧૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૩, અમદાવાદ. ૧૭ મિ. ૫૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧-૦૭, મધ્યરાત્રે ક. ૦૦-૦૭
- ઓટઃ સાંજે ક. ૧૭-૧૯, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૨૦ (તા. ૨૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ – અમાવસ્યા. વૃદ્ધિ તિથિ, દર્શઅમાસ, અન્વાધાન, વિંછુડો સમાપ્તિ ક. ૧૦-૨૫.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, બુધ-શુક્ર દેવતાનું પૂજન, તીર્થમાં શ્રાદ્ધ, નિત્ય થતાં પશુ લેવડદેવડ ખેતીવાડીના કામકાજ, જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા.
- આચમનઃ ચંદ્ર-શુક્ર યુતિ કળાપ્રેમી, ચંદ્ર-શનિ ચતુષ્કોણ નિષ્ફળતાનો ભય રહ્યા કરે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર યુતિ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-વૃશ્ચિક શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# દિલ્હીમાં વાહનો માટે 'પીયુસી નહિ, તો ઈંધણ નહિ'નો અમલ શરૂ

## બીએસ-સિક્સ અંગે કડક ચકાસણીઃ અનેકને દંડ

નવી દિલ્હીઃ દેશની રાજધાનીમાં હવાનું પ્રદૂષણ ઘટાડવા માટે વાહનો માટે 'નૉ પીયુસી, નૉ ફ્યુઅલ'નો અમલ ગુરુવારથી શરૂ કરાયો હતો અને દિલ્હીના સીમાડે ભારત સ્ટેજ (બીએસ) - સિક્સ વાહનો માટે ચકાસણી શરૂ કરાઇ હતી. ટ્રાફિક પોલીસ અને પરિવહન વિભાગે શરૂ કરેલી આ ઝુંબેશમાં અનેક વાહનને દંડ કરાયો હતો.

અમુક પેટ્રોલ પંપ પર પૉલ્યુશન-અન્ડર-કન્ટ્રોલ' (પીયુસી)નું સર્ટિફિકેટ લેવા માટે લાંબી લાઇન લાગી હતી.

દરમિયાન, કૉંગ્રેસના સાંસદ અશોક સિંહે હવાના પ્રદૂષણને 'રાષ્ટ્રીય કટોકટી' જાહેર કરવાની અને વધુ કડક પગલાં લેવાની રાજ્યસભામાં માગણી કરી હતી. દિલ્હી શહેરમાં પ્રવેશ માટેનાં નાકા, ટૉલ પ્લાઝા ખાતે ટ્રાફિક પોલીસ અને પરિવહન વિભાગના સત્તાવાળા વધુ ધ્યાન રાખતા હતા.

દિલ્હીમાં ગુરુવારે સામાન્ય કરતાં ઓછા વાહનો દોડતાં જોવાં મળ્યાં હતાં.

ટ્રાફિક પોલીસે ઘણી જગ્યાએ સ્માર્ટપ્લેટ-રીડર ડિવાઇસ ગોઠવ્યા હતા અને જરૂરી દસ્તાવેજો નહિ ધરાવતાં વાહનોને ચાલાન અપાતું હતું. અમુક જગ્યાએ વાહન-ચાલકો ટ્રાફિક પોલીસ કે પરિવહન વિભાગના અધિકારીઓની સાથે દલીલ કરતા પણ જોવા મળ્યા હતા.

દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે જે રસ્તા પર કેમેરા ગોઠવાયા ન હોય ત્યાં વાહનોને ઊભાં રાખીને તેઓનાં પીયુસી સર્ટિફિકેટ અને અન્ય દસ્તાવેજો તપાસવામાં આવતા હતા.

અમુક લોકો પોતાનાં વાહનોમાં પેટ્રોલ કે ડીઝલ નેશનલ કેપિટલ રિજન (એનસીઆર)ના બાજુના રાજ્યમાંથી પુરાવીને આવતા હોવાથી તેઓને પણ અટકાવાતા હતા અને પીયુસી તપાસવામાં આવતું હતું. (એજન્સી)

# પાકિસ્તાનની ફરી ફજેતીઃ સાઉદીએ ૫૬ હજાર પાકિસ્તાની ભિખારીઓને તગેડયા

રિયાધઃ સાઉદી અરેબિયાએ પાકિસ્તાની ભિખારીઓને તેના દેશમાંથી હાંકી કાઢ્યા હતા. સ્થાનિક ફ્લાઇટ્સમાં નો-ફ્લાય લિસ્ટ અને વિદેશી સરકારો તરફથી કડક ચેતવણી છતાં હજારો પાકિસ્તાનીઓ ફક્ત ભીખ માગવા માટે વિદેશમાં મુસાફરી કરી રહ્યા છે અથવા તેમ કરવાની તૈયારીમાં છે. તાજેતરમાં સાઉદી અરેબિયાએ ભીખ માગવાના આરોપમાં આશરે ૫૬,૦૦૦ પાકિસ્તાનીઓને દેશનિકાલ કર્યા છે.

નોંધનીય છે કે સાઉદી અરેબિયામાં ઇસ્લામના બે સૌથી પવિત્ર સ્થળો મક્કા અને મદીનામાં પાકિસ્તાની ભિખારીઓ મોટી સંખ્યામાં અડ્ડો જમાવીને બેઠા છે. ભિખારીઓ પરનો આ ડેટા એવા સમયે આવ્યો છે જ્યારે પાકિસ્તાનની ફેડરલ ઇન્વેસ્ટિગેશન એજન્સીએ સંગઠિત થઈને ભીખ માગતી ગેંગને વિદેશ મુસાફરી કરતા અટકાવવા માટે ૨૦૨૫માં ૬૬,૧૫૪ મુસાફરોને વિમાનમાંથી ઉતાર્યા હતા. ગયા મહિને જ યુએઈએ મોટાભાગના પાકિસ્તાની નાગરિકોને વિઝા આપવાનું બંધ કરી દીધું હતું, કારણ કે તેઓને ચિંતા હતા કે લોકો ગલ્ફ દેશમાં ગુનાઈત પ્રવૃત્તિઓ અને ભીખ માંગવામાં સામેલ થઈ રહ્યા છે. નોંધનીય છે કે આ આંકડા પાકિસ્તાનની સંસદીય પેનલે નેશનલ એસેમ્બલીમાં મહિના બાદ જાહેર કર્યા હતા જ્યારે પાકિસ્તાને તેના હજારો નાગરિકોને એક્ઝિટ કંટ્રોલ લિસ્ટ (ઈસીએલ) અથવા નો-ફ્લાય લિસ્ટમાં મૂક્યા હતા. ગયા વર્ષે સાઉદી અરેબિયાએ પાકિસ્તાનને કહ્યું હતું કે તેઓ ભિખારીઓને ઉમરાહ વીઝાના દુરુપયોગ કરીને પવિત્ર શહેરો મક્કા અને મદીનામાં ભીખ માંગવાથી અટકાવે.

## ભારતને બરાબરનો પાઠ ભણાવ્યોઃ શાહબાઝ શરીફ

નવી દિલ્હીઃ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે કહ્યું હતું કે પાકિસ્તાની લશ્કરે ભણાવેલો પાઠ ભારત ક્યારેય નહીં ભૂલે. તેમણે દાવો કર્યો હતો કે દિલ્હીથી મુંબઈ, ભારત આ પરાજયની પીડા કાયમ યાદ રાખશે.

ખૈબર પખ્તુનખ્વાસ્થિત હરિપુર યુનિવર્સિટીમાં એક કાર્યક્રમને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું કે દેશવાસીઓની પ્રાર્થનાને કારણે પાકિસ્તાનની સેના આ વિજય મેળવી શકી હતી.

તેમણે દાવો કર્યો હતો કે ૮૭ કલાકના યુદ્ધ દરમિયાન પાકિસ્તાને ભારતના ત્રણ રાફેલ વિમાન સહિત છ ફાઈટર જેટ અને અનેક ડ્રોન તોડી પાડ્યા હતા.

બાવીસ એપ્રિલે પહલગામમાં પર્યટકોને નિશાન બનાવીને કરવામાં આવેલા આતંકવાદી હુમલા માટે ભારતે પાકિસ્તાનને જવાબદાર ઠેરવી સૈન્ય કાર્યવાહી કરી હતી.

## કૉન્ડૉમ પરનો જીએસટી પાકિસ્તાન ઘટાડવા માગે છે પણ આઈએમએફની ના

ઈસ્લામાબાદઃ કૉન્ડૉમ સહિત અન્ય ગર્ભનિરોધક દવાઓ પર જીએસટીમાં ૧૮ ટકા કાપ મૂકવાની પાકિસ્તાનની માગણીને ઈન્ટરનેશનલ મૉનેટરી ફંડ આઈએમએફ એ નકારી કાઢી હતી. આઈએમએફના આ નિર્ણયને કારણે પાકિસ્તાનની પરિવાર નિયોજન યોજનાને મોટો ફટકો પડી શકે છે.

આઈએમએફનું કહેવું છે કે કૉન્ડૉમ અને અન્ય ગર્ભનિરોધક દવાઓ પરનો જીએસટી ઘટાડવાને કારણે સરકારની તિજોરી પર બોજો વધશે અને હાલને તબક્કે એ કરવું યોગ્ય નથી. પાકિસ્તાનની અર્થવ્યવસ્થા આઈએમએફની લોન અને શરતો પર નિર્ભર છે. આ શરતોને મામલે આંખ આડા કાન કરનાર પાકિસ્તાનને ડિફોલ્ટર જાહેર કરી શકાય એમ છે અને એ કારણે તેને આંતરરાષ્ટ્રીય સહાય મળતી બંધ થઈ શકે છે જે આર્થિક અરાજકતાનું કારણ બની શકે છે.

# ગરીબી જ નહીં રહે તો બચતની જરૂર જ ક્યાં રહીઃ ઈલૉન મસ્ક

વૉશિંગ્ટનઃ ટેસ્લાના સીઇઓ ઇલૉન મસ્કે આગાહી કરી હતી કે ભવિષ્યમાં ગરીબી નહિ રહે. તેને બદલે વિશ્વભરમાં આવક વધશે. લોકોને નાણાંની બચત કરવાની પણ જરૂર નહિ રહે. ભારતીયોને લીધે અમેરિકાને બહુ જ મોટો લાભ થયો છે.

ટૅકનાલૉજી ક્ષેત્રના આ અબજોપતિએ એવું પણ જણાવ્યું હતું કે લોકોએ ભવિષ્યમાં નાણાં બચાવવાની બિલકુલ જરૂર નહિ રહે.

'ટ્રમ્પ અકાઉન્ટ્સ'ની તાજેતરમાં થયેલી જાહેરાત અંગે રોકાણકાર રૅ ડેલિયોની પૉસ્ટના જવાબમાં ઇલૉન મસ્કે 'એક્સ' (અગાઉ ટ્વિટર) પર આ નિવેદન લખ્યાં હતાં.

રૅ ડેલિયોએ અમેરિકાના નાગરિકો, ખાસ કરીને યુવાનો માટેના 'ટ્રમ્પ અકાઉન્ટ્સ'ને લગતી જાહેરાતની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે આ યોજનાનો હેતુ અમેરિકાના યુવાન નાગરિકોમાંનું નાણાકીય જ્ઞાન વધારવાનો અને તેઓને નાની વયે જ રોકાણ શરૂ કરવા પ્રોત્સાહન આપવાનો છે.રૅ ડેલિયોએ આ પ્રોગ્રામને ટેકો આપવા બદલ માઇકલ અને સુસાન ડેલનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે મેં છ વર્ષ પહેલાં રજૂ કરેલા 'મૂડીવાદને લગતા સુધારા' અંગેના વિચારની સાથે આ પ્રોગ્રામ સુસંગત છે.

### રખડતા શ્વાનનો કેસ

# એ વીડિયો દેખાડી તમને પૂછીશું કે માનવતા શું છે?: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : મ્યુનિસિપલ કોર્પોરેશન ઑફ દિલ્હી (એમસીડી)ના અમુક નિયમો સામે વાંધો ઉઠાવનાર અરજદારે સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે અમારી સાથે 'અમાનવીય' વર્તન કરવામાં આવે છે. આના જવાબમાં સુપ્રીમ કોર્ટે ગુરવારે કહ્યું હતું કે આગામી સુનાવણીમાં વીડિયો બતાડવામાં આવશે અને પૂછવામાં આવશે કે માનવતા શું છે. રખડતા શ્વાન કેસમાં દલીલ કરી રહેલા સિનિયર ઍડવોકેટ કપિલ સિબલે જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચને કહ્યું હતું કે આ બાબત સાંભળવા ગુરવારે મળનારી ત્રણ જજ બેન્ચની સુનાવણી રદ કરવામાં આવી છે. જસ્ટિસ નાથે કહ્યું હતું કે સાત જાન્યુઆરી બેન્ચ આ સાંભળશે.

સિબલે કહ્યું હતું કે સમસ્યા એ છે કે આ દરમિયાન એમસીડી આનાથી વિપરિત નિયમો ઘડ્યા છે. સિબલે બેન્ચને આ બાબત શુક્રવારે સાંભળવા કહ્યું હતું.

# વેનેઝુએલા પર આક્રમણ કરવાની તૈયારીમાં છે અમેરિકા

વૉશિંગ્ટનઃ દુનિયા પર અત્યારે ત્રીજા વિશ્વયુદ્ધનો ખતરો મંડરાઈ રહ્યો છે. ખાસ કરીને અમેરિકા અને વેનેઝુએલાની વચ્ચે પણ અત્યારે યુદ્ધની સ્થિતિ સર્જાઈ હોય તેવું લાગી રહ્યું છે. પૂર્વીય પ્રશાંત મહાસાગરમાં યુદ્ધના ભણકાર સંભળાઈ રહ્યાં છે.

અમેરિકાની સેનાનું કહેવું છે કે, પૂર્વીય પ્રશાંત મહાસાગરમાં એક જહાજ પર હુમલો થયો હતો તેમાં ચાર લોકોના મોત થયાં છે. કથિત રીતે ડ્રગ્સની હેરફેર કરનારા જહાજ પર હુમલો કર્યો હોવાનો અમેરિકી સેનાએ દાવો કર્યો છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે વેનેઝુએલાએ પણ પોતાના નૌકાદળને બંદર પરથી પેટ્રોલિયમ ઉત્પાદનો લઈ જતા જહાજોને એસ્કોર્ટ કરવાનો આદેશ આપ્યો છે, જેના કારણે અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે તણાવ વધ્યો છે.

# ભારત-ઓમાન વચ્ચે મુક્ત વેપાર કરાર થયા

## મોદીએ સુલતાનની સાથે દ્વિપક્ષી મંત્રણા કરી

મસ્કતઃ ભારત અને ઓમાને ગુરુવારે મુક્ત વેપાર માટેના કરાર કર્યા હતા. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઓમાનના સુલતાન હૈથમ બિન તારીકની સાથે દ્વિપક્ષી વ્યૂહાત્મક ભાગીદારી નવા સ્તરે લઇ જવા સહિતના વિવિધ વિષયમાં મંત્રણા કરી હતી.

મોદી ત્રણ દેશના પ્રવાસના અંતિમ તબક્કામાં બુધવારે ઓમાન આવ્યા હતા. મસ્કતમાંના રાજમહેલ અલ બરકા ખાતે સુલતાન હૈથમ બિન તારીકે મોદીને આવકાર્યા હતા.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે બન્ને નેતાએ ભારત અને ઓમાન વચ્ચેના રાજદ્વારી સંબંધના પૂરા થયેલા ૭૦ વર્ષની નોંધ લીધી હતી અને દ્વિપક્ષી ભાગીદારીને નવા શિખરે લઇ જવા ચર્ચાવિચારણા કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે મોદી અને સુલતાને બન્ને દેશ વચ્ચેના વ્યાપક આર્થિક ભાગીદારીના કરાર પર કરાયેલા સહીસિક્કાને ઐતિહાસિક ગણાવ્યા હતા. બન્ને નેતાએ સંરક્ષણ, સલામતી, વેપાર, રોકાણ, ઊર્જા, કૃષિ, ટૅક્નોલૉજી, સંસ્કૃતિનાં ક્ષેત્રો અને જનતા વચ્ચેનો સંપર્ક વધારવાની બાબતમાં મંત્રણા કરી હતી. બન્ને નેતાએ પ્રાદેશિક અને વૈશ્વિક હિતના મુદ્દે ચર્ચા કરી હતી અને અભિપ્રાયની આપલે કરી હતી.

ભારત અને ઓમાન વચ્ચેના વ્યાપક આર્થિક ભાગીદારીના કરાર પર ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલ અને ઓમાનના વાણિજ્ય, ઉદ્યોગ અને રોકાણને પ્રોત્સાહન આપવા માટેના મંત્રાલયના પ્રધાન કૈસ બિન મોહંમદ અલ યુસેફે સહી કરી હતી. તેને લીધે બન્ને દેશનો માલસામાન એકબીજાના બજારોમાં સહેલાઇથી વેચી શકાશે અને વિવિધ ક્ષેત્રમાં રોકાણ વધારી શકાશે. (એજન્સી)

## ડેરી પેદાશો, સોનું, ચાંદી, ફૂટવૅરને ઓમાન સાથેના કરારમાંથી બાકાત

મસ્કતઃ ભારતે પોતાના ખેડૂતો અને લઘુ ઉદ્યોગના હિતના રક્ષણાર્થે ઓમાન સાથેના વેપાર કરારમાંથી ડેરી, સોનું, ચાંદી, ફૂટવૅર, ચોકલેટ્સ અને રમતગમતનાં સાધનોને ડ્યૂટી કન્સેશન્સમાંથી બાકાત રાખ્યા છે.

ભારત અને ઓમાન વચ્ચે ગુરુવારે મસ્કતમાં મુક્ત વેપાર કરાર પર સહીસિક્કા કરાયા હતા.

ભારતના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતે ડ્યૂટી કન્સેશન્સમાંથી કૃષિ પેદાશો, ડેરી ઉત્પાદનો, ચા, કૉફી, રબર અને તમાકુના ઉત્પાદનો, સોનું, ચાંદી, જ્વેલરી, 'લૅબર-ઇન્ટેન્સિવ પ્રૉડક્ટ્સ', ફૂટવૅર, સ્પોર્ટ્સનાં સાધનો, અનેક ધાતુના સ્ક્રૅપને બાકાત રાખ્યા છે.

ભારતે ટૅરિફ-રૅટ ક્વૉટાની યંત્રણા હેઠળના ડ્યૂટી કન્સેશન્સ ચોક્કસ માત્રા (ક્વૉટા) સુધી સીમિત રાખ્યા છે અને તેનાથી વધારાના જથ્થા પર સામાન્ય ઇમ્પોર્ટ ડ્યૂટી લાગુ પડશે. આવા સામાનમાં ખજૂર, માર્બલ્સ અને પેટ્રોકેમિકલ પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે. (એજન્સી)

# ભારતે બાંગ્લાદેશમાં વિઝા એપ્લિકેશન સેન્ટર ફરી શરૂ કર્યું

ઢાકાઃ સુરક્ષાને મામલે બંને દેશ વચ્ચે તણાવ વધ્યા બાદ ભારતે બાંગ્લાદેશમાં બંધ કરેલું ઈન્ડિયન વિઝા એપ્લિકેશન સેન્ટર (આઈવીએસી) ગુરુવારે ફરી શરૂ કર્યું હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. જોકે બાંગ્લાદેશના અન્ય વિસ્તારમાં આવા જ બે વિઝા આઈવીએસી બંધ કરી દીધા હતા.

ભારતે સુરક્ષાની બાબતોને ધ્યાનમાં રાખીને બાંગ્લાદેશના ખૂલના અને રાજશાહીસ્થિત આઈવીએસી બંધ કરી દીધાં હતાં.

બાંગ્લાદેશમાં ઢાકા, ખૂલના, રાજશાહી, ચાત્તોગ્રામ અને સિલેટમાં એમ કુલ પાંચ આઈવીએસી છે.

ઢાકાનું જમુના ફ્યુચર પાર્ક ભારતીય વિઝાની સેવા પૂરું પાડતું મુખ્ય આઈવીએસી છે. ઢાકાસ્થિત આઈવીએસીની કામગીરી હવે અગાઉની જેમ નિયમિત ચાલી રહી છે. (એજન્સી)



સાન્તાક્લૉઝનો સ્વાંગ રચવાનાં ૧૮ વર્ષ પૂરાં કરનાર ૪૭ વર્ષની ઈશ્શા કાસ્સિસેહ ઑલ્ડ સિટી ઑફ જેરુસલેમમાં ગુરુવારે વાર્ષિક પ્રવાસ દરમિયાન બાળકને ભેટી હતી. (એજન્સી)

# ૧૨ વર્ષથી કોમામાં રહેલા દર્દીને દયામૃત્યુના કેસમાં માતા-પિતાને મળશે સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ કોમામાં સરી પડેલા પુત્ર હરીશ રાણાને અસાધ્ય બીમારીમાંથી મુક્ત કરવા આર્ટિફિશિયલ લાઈફ સપોર્ટ પાછો ખેંચી લઈ પેસિવ યૂથનેઝિઅ ઍક્ટ અંતર્ગત મૃત્યુ આપવાની માગણી કરતી અરજીને ધ્યાન પર લઈ છેલ્લાં ૧૨ વર્ષ કરતાં પણ વધુ સમયથી કોમામાં રહેલા ૩૧ વર્ષના હરીશના માતાપિતાને મળવાની સુપ્રીમ કોર્ટે ગુરુવારે ઈચ્છા વ્યક્ત કરી હતી. કોર્ટ હરીશના પિતા અશોક રાણાની અરજીની સુનાવણી કરી રહી હતી. વર્ષ ૨૦૧૩માં ઈમારતના ચોથા માળેથી પડવાને કારણે માથામાં થયેલી ઈજાને લીધે હરીશ કોમામાં સરી પડ્યો હતો. છેલ્લાં ૧૨ કરતાં પણ વધુ વર્ષથી તેનું જીવન આર્ટિફિશિયલ લાઈફ સપોર્ટ પર ટકેલું છે. પેસિવ યૂથનેઝિઅ ઍક્ટ આંતરરાષ્ટ્રીય કાયદો દરદીને આપવામાં આવેલો આર્ટિફિશિયલ લાઈફ સપોર્ટ પાછો ખેંચી લઈ કે પછી તેને જીવતો રાખવા આપવામાં આવતી સારવાર બંધ કરી તેને મરવા દેવાની પરવાનગી આપે છે. ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને કે. વી. વિશ્વનાથનની બનેલી ખંડપીઠે એઈમ્સના સેકન્ડરી બૉર્ડ ઑફ ડૉક્ટર્સનો હરીશ રાણાનો તબીબી ઈતિહાસ ધરાવતો રિપોર્ટ ધ્યાન પર લીધો હતો અને તેને દુઃખદ લેખાવ્યો હતો. ૧૩ જાન્યુ.એ બપોરે ત્રણ વાગ્યે હરીશના માતાપિતાને મળવાની ઈચ્છા વ્યક્ત કરતાં કોર્ટે કહ્યું હતું કે આ ખૂબ જ દુઃખદ રિપોર્ટ છે અને અમે હરીશને વધુ લાંબો સમય આ પરિસ્થિતિમાં રહેવા ન દઈ શકીએ.

# અનામત આંદોલન સમયના રાજદ્રોહના કેસમાંથી હાર્દિક પટેલ સહિતના પાટીદાર નેતાઓનો છુટકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત સેશન્સ કોર્ટે પાટીદાર અનામત આંદોલન સમયના રાજદ્રોહના કેસમાં હાર્દિક પટેલ, અલ્પેશ કથિરીયા, વિપુલ દેસાઈ અને ચિરાગ દેસાઈને મોટી રાહત આપતા કેસમાંથી મુક્ત કર્યા હતા. અમરોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ કેસને પરત ખેંચવા માટે રાજ્ય સરકાર દ્વારા સેશન્સ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. કોર્ટે સરકારની આ રજૂઆતને ગ્રાહ્ય રાખી તમામ આરોપીઓનો આ કેસમાંથી સંપૂર્ણ છુટકારો કરવાનો આદેશ આપ્યો હતો.

આ કાયદાકીય પ્રક્રિયા દરમિયાન હાર્દિક પટેલ અને અન્ય આરોપીઓ વતી એડવોકેટ યશવંતસિંહ વાળાએ કોર્ટ સમક્ષ મહત્ત્વની રજૂઆતો કરી હતી. પાટીદાર અનામત આંદોલન સમયે નોંધાયેલા આ કેસમાં લાંબા સમયથી કોર્ટ કાર્યવાહી ચાલી રહી હતી. સરકારના કેસ પરત ખેંચવાના નિર્ણય અને કોર્ટની મંજૂરી બાદ આખરે આ રાજદ્રોહના કેસનો કાયદાકીય અંત આવ્યો છે. આ ચુકાદાને પગલે પાટીદાર નેતાઓ અને તેમના સમર્થકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ■

# અમદાવાદની સ્કૂલો બાદ વડોદરાની કલેક્ટર કચેરીને બૉમ્બથી ઉડાવવાની ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બુધવારે અમદાવાદ-ગાંધીનગરની ૩૦ જેટલી શાળાઓને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી આપ્યા બાદ ગુરુવારે વડોદરા કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવવાનો ધમકીભર્યો ઈ-મેલ મળ્યો હતો. સાવચેતીના ભાગરૂપે કલેક્ટર કચેરીને તાત્કાલિક અસરથી ખાલી કરાવાઈ હતી. બૉમ્બ-ડોગ સ્ક્વોડની ટીમોએ ચેકિંગ હાથ ધર્યું હતું.

આ ધમકીને પગલે અકોટા પોલીસ, એસ.ઓ.જી., વડોદરા ક્રાઈમ બ્રાન્ચ તેમજ બૉમ્બ અને ડોગ સ્ક્વોડની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. તેમજ અરજદારોના પ્રવેશ પણ બંધ કરી દેવામાં આવ્યા હતા. બપોરે એક વાગ્યા સુધીમાં કચેરી ખાલી કરાવી દેજો, બૉમ્બથી ઉડાવી દઈશું, તેવો મેલ મળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, બુધવારે સવારે અમદાવાદની જાણીતી સ્કૂલોને બૉમ્બ ઊડાડી દેવાના ધમકીભર્યા ઈમેલ મળતા અમુક સ્કૂલોને ખાલી કરવાની ફરજ પડી હતી.

બપોર બાદ આવા ઈમેલ્સ ગાંધીનગરની સ્કૂલોને પણ મળ્યા હતા. જોકે સ્કૂલોમાંથી કોઈ જોખમી સામગ્રી કે સાધનો મળ્યા ન હતા, પરંતુ આવા ઈમેલના પગલે વાલીઓમાં ફફડાટ ફેલાયો હતો.

જોકે કલેક્ટર કચેરીમાં કંઈ વાંધાજનક સાધાન-સામગ્રી હાથ લાગી ન હતી અને કચેરી થોડી કલાકો બાદ ફરી કાર્યરત થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# મેડિકલ વિજ્ઞાનમાં સીમાચિહ્‌રૂપ સિદ્ધિઃ ગુજરાતી વિદ્યાર્થીઓએ શોધ્યો આઈવીએફની નિષ્ફળતાનો ઉકેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર સ્થિત ગુજરાત બાયોટૅકનોલોજી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ નિઃસંતાન દંપતીઓ માટે આશાનું કિરણ ગણાતી આઈવીએફ પદ્ધતિમાં વારંવાર મળતી નિષ્ફળતાને રોકવા માટે એમઆરએનએ-આધારિત એક અદ્યતન થેરાપી વિકસાવી છે. આ નવતર સંશોધન બદલ અમદાવાદ સ્થિત વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત 'ડબ્લ્યુએએચ સાયન્સ લોરિએટ એવૉર્ડ્સ ૨૦૨૫' માં 'યંગ લોરિએટ' કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું.

આ ટીમમાં ટીમ લીડર તરીકે પ્લાન્ટ બાયોટેકનોલોજીના અરિન જૈન તેમ જ મેડિકલ બાયોટૅકનોલૉજીની સંસ્કૃતિ તથા મેડિકલ બાયોટૅકનોલૉજીના ભૂતપૂર્વ વિદ્યાર્થીની શુભાંગી ઝાનો સમાવેશ થાય છે.

આજકાલ ગર્ભધારણ માટે આઈવીએફ જેવી આધુનિક પ્રક્રિયાનો સહારો લેવામાં આવે છે, પરંતુ આંકડા દર્શાવે છે કે પ્રથમ પ્રયાસમાં લગભગ ૪૦ થી ૫૦ ટકા કિસ્સાઓમાં નિષ્ફળતા મળે છે. તેનું મુખ્ય કારણ 'રિકરન્ટ ઇમ્પ્લાન્ટેશન ફેલ્યોર' છે, જેમાં ભ્રૂણ ગર્ભાશયની દીવાલ સાથે સફળતાપૂર્વક જોડાઈ શકતું નથી. આ પડકારને પહોંચી વળવા જીબીયુની 'ટીમ ઇમ્મુનોસ્ટેટ' એ એક ખાસ એમઆરએનએ કન્સ્ટ્રક્ટ તૈયાર કર્યું છે. આ ટૅકનોલૉજી ગર્ભાશયના આંતરિક સ્તરોની સ્થિરતામાં નોંધપાત્ર વધારો કરશે અને તેને ગર્ભ ધારણ કરવા માટે વધુ સક્ષમ બનાવશે.

આ ક્રાંતિકારી થેરાપીના ઉપયોગથી ભવિષ્યમાં આઈવીએફના સફળતાના દરમાં મોટો બદલાવ આવશે તેવી પ્રબળ આશા સેવાઈ રહી છે. આ સિદ્ધિ બદલ ટીમને રૂ.૫૦,૦૦૦ની સ્કોલરશિપ અને યંગ લોરિએટ એવૉર્ડ જ્યારે ડૉ. રોહિણી નાયરને પણ રૂ. ૧૫,૦૦૦ની ફેલોશિપ અને પ્રશસ્તિપત્ર આપવામાં આવ્યું હતું. ■

# ગુજરાતમાં પાંચ લાખથી વધુ ઘર પર સોલાર પેનલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોલાર ઊર્જાનો ઉપયોગ કરવામાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમાંકે છે. પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ ગુજરાતે પાંચ લાખથી વધુ રૂફટોપ સોલાર સિસ્ટમ ઈન્સ્ટોલ કર્યા છે. પાંચ લાખથી વધુ રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપન સાથે ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે છે. આ રૂફટોપ સોલાર દ્વારા નાગરિકોએ કુલ રૂ. ૩૭૭૮ કરોડની સબસિડીનો લાભ મેળવ્યો હોવાની માહિતી સરકારે આપી હતી. ગુજરાતમાં હાલમાં પીએમ સૂર્ય ઘરઃ મફત વીજળી યોજના હેઠળ પાંચ લાખથી વધુ રૂફટોપ સોલાર સિસ્ટમ્સ સ્થાપિત કરવામાં આવી છે, જેના કારણે કુલ ૧,૮૭૯ મેગાવોટ સોલાર ક્ષમતા પ્રાપ્ત થઈ છે. ■

# ગુજરાતના માત્ર ૮૭ કિ.મી.ના ભાગને કારણે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે વિલંબિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ બુધવારે રાજ્યસભા એક પ્રશ્નનો જવાબ આપતા જણાવ્યું હતું કે પાંચ રાજ્યોમાંથી પસાર થતો ૧,૩૫૦ કિલોમીટર લાંબો નિર્માણાધીન દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે વર્ષ ૨૦૨૭-૨૮ સુધીમાં બનીને તૈયાર થઇ જશે. જોકે આ પ્રોજેક્ટ પૂર્ણ થવામા વિલંબ થયો તેનું કારણ ગુજરાતમાં બાકી રહેલું કામ હોવાનું એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું. આ સાથે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ) અને કોન્ટ્રાક્ટર વચ્ચેનો વિવાદ પણ વિલંબ માટે કારણભૂત હોવાનું અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

મોદી સરકારનો આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ૧.૦૪ લાખ કરોડ રૂપિયાના જંગી ખર્ચે હાથ ધરવામાં આવી રહ્યો છે. પાંચ રાજ્યો હરિયાણા (૧૨૯ કિમી), રાજસ્થાન (૩૭૩ કિમી), મધ્ય પ્રદેશ (૨૪૪ કિમી), ગુજરાત (૪૨૬ કિ.મી.) અને મહારાષ્ટ્ર (૧૭૧ કિ.મી.)માંથી પસાર થતા આ એક્સપ્રેસ-વેનું નિર્માણ માર્ચ ૨૦૨૪ સુધીમાં પૂરું થઇ જવું જોઈતું હતું, પરંતુ ગુજરાતમાં એક્સપ્રેસ-વેના કુલ ૮૭ કિ.મી.ના ત્રણ પટ્ટા બનાવવા મામલે કોન્ટ્રાક્ટર અને ઓથોરિટી વચ્ચે વિવાદને કારણે વિલંબમાં મૂકાયું છે. ગુજરાતમાં આ એક્સપ્રેસ-વેના ત્રણ પટ્ટાનો કોન્ટ્રાક્ટ પુણે રોડવે સોલ્યુશન્સ ઇન્ડિયા ઇન્ફ્રા લિમિટેડને ૨૦૨૧માં આપવામાં આવ્યો હતો. કોન્ટ્રાક્ટરે નિર્માણ કાર્યમાં વિલંબ કરતા માર્ચ ૨૦૨૩ માં બે પટ્ટા માટેનો કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવ્યો, પરંતુ નવેમ્બર ૨૦૨૩ માં એ જ કોન્ટ્રાક્ટરને ફરી એ જ કામ સોંપવામાં આવ્યું હતું કારણ કે કોન્ટ્રાક્ટરે સૌથી ઓછી બોલી લગાવી હતી. પુણેની કંપનીને સૌ પ્રથમ વાર કોન્ટ્રાક્ટ આપ્યાના ચાર વર્ષ જેટલો સમય વિતી ચુક્યો છે, છતાં આ ૮૭ કિમી.માંથી માત્ર ૨૦ ટકા કામ જ પૂર્ણ થયું છે, તેમ અહેવાલ જણાવે છે. આ અંગે કોન્ટ્રાક્ટરે એવો દાવો કર્યો હતો કે ઓથોરિટી દ્વારા જમીન ફાળવણીમાં વિલંબ થયો હોવાથી તેમનુ કામ પણ સમયસર થઈ શક્યું નથી. આ અંગે કંપનીનો સીધો સંપર્ક થઈ શક્યો નથી. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેનું કાર્ય પૂર્ણ થઇ જતાં દિલ્હીથી મુંબઈના જવાહરલાલ નહેરુ બંદર વચ્ચેનું અંતર ૧૮૦ કિમી ઘટી જશે અને મુસાફરીનો સમય ૫૦ ટકા સુધી ઘટી જશે, જેને કારણે દર વર્ષે હજારો કરોડો રૂપિયાના ઇંધણની બચત થશે. નોંધનીય છે કે આ એક્સપ્રેસ-વેના દિલ્હી-લાલસોટ, ગુજરાત અને રાજસ્થાનના કેટલાક ભાગ ઉપયોગમાં લેવાઈ રહ્યા છે. ■

# પોલીસ ભરતીની તૈયારી કરતા યુવાનો માટે રાજ્યના તમામ પોલીસ ગ્રાઉન્ડ ખુલ્લા મુકાશેઃ હર્ષ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ અમદાવાદ ગ્રામ પોલીસ હેડક્વાર્ટર ખાતે ખાખી ભવન સહિતનાં અમદાવાદ ગ્રામ્ય પોલીસના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે એડીઆર-શિલ્ડ, બ્લૂ સર્કિટ પ્રોજેક્ટ, અભયયાત્રી પ્રોજેક્ટ, અસલાલી વિભાગીય પોલીસ અધિકારીની કચેરીનું લોકાર્પણ તથા વિરમગામ પોલીસ લાઇનનું ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે અમદાવાદ ગ્રામ્ય પોલીસનું યુનિક પોલિસિંગ છે. આ વિસ્તારમાં શહેરી વસાહતો, અંતરિયાળ ગામડાંઓ તેમ જ ઔદ્યોગિક એકમો પણ મોટી સંખ્યામાં આવેલા છે. વિવિધ પ્રકલ્પો શરૂ કરવા બદલ અમદાવાદ ગ્રામ્ય પોલીસને અભિનંદન પાઠવ્યા હતા. એડીઆર-શિલ્ડ પ્રોજેક્ટની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે ઔદ્યોગિક વિસ્તારમાં સમગ્ર દેશમાંથી આવનાર શ્રમિકનો ડેટા એક પોર્ટલ પર આવશે, જેથી રોજગારીની આડમાં અહીં રહેતા ગુનેગારોને ઓળખી શકાશે.

આ પ્રસંગે હર્ષ સંઘવીએ જાહેરાત કરી હતી કે પોલીસની ભરતી આવી રહી છે ત્યારે એ માટે તૈયારીઓ કરનારા યુવાનો માટે સમગ્ર રાજ્યના પોલીસ ગ્રાઉન્ડ ખુલ્લા મૂકાશે. પોલીસની સાથે એસઆરપી વગેરેના ગ્રાઉન્ડ પર પણ યુવાનો તૈયારી કરી શકશે. આ યુવાનો માટે કોચ તેમ જ ફિઝિયોથેરાપિસ્ટની વ્યવસ્થા કરવામાં આવે એવી તૈયારી પણ રાજ્ય સરકાર કરી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું. સામાન્ય લોકો પોલીસ અધિકારીઓને મળી શકે એ માટે મુલાકાતના અમુક દિવસો અને અમુક કલાકો નિર્ધારિત કરવાનું સૂચવ્યું હતું. પોલીસથી ગુનેગારોના પગ જરૂર ધ્રુજવા જોઈએ, તેમની ચાલ બદલાઈ જવી જોઈ, પરંતુ સામાન્ય લોકો સાથે પ્રેમપૂર્વક વર્તન કરવું જોઈએ, જેથી લોકોનો પોલીસ પરનો વિશ્વાસ વધી શકે, એવું તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે અમદાવાદ ગ્રામ્ય પોલીસમાંથી ઉમદા કામગીરી કરનારા પોલીસ અધિકારીઓ-કર્મચારીઓનું સન્માન કરાયું હતું. તેરા તુજકો અર્પણ અંતર્ગત ચાર નાગરિકોને તેમના ચોરાયેલાં નાણાં-ઘરેણાં પરત કરવામાં આવ્યા હતા. અમદાવાદ ગ્રામ્ય પોલીસ હેડક્વાર્ટર ખાતે એક પ્રદર્શન ઊભું કરવામાં આવ્યું હતું, જેમાં વરસાદી પાણીના સંગ્રહ માટેનો બ્લૂ સર્કિટ પ્રોજેક્ટ, સ્માર્ટ પોલીસ સ્ટેશન, એડીઆર-શિલ્ડ, સાઇબર પોલીસિંગ, શસ્ત્રો, ડોગ સ્કોડ, ફોરેન્સિક સ્ટોલ, પોલીસનાં અત્યાધુનિક વાહનો અને સાધનો દર્શાવતા સ્ટોલ હતા. ■

# અમદાવાદના મોટેરામાં ક્રિકેટ જંગને પગલે મેટ્રો ટ્રેન મધ્યરાત્રિના ૧૨:30 સુધી દોડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે યોજાનારી ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની ડે-નાઈટ ટી-૨૦ મેચને પગલે અમદાવાદ મેટ્રોએ મુસાફરોની સુવિધા માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. મેચના દિવસે મેટ્રો ટ્રેન સેવાઓ નિયમિત સમય રાત્રે ૧૦:૦૦ને બદલે મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધી લંબાવવામાં આવી છે. રાત્રે ૧૦ પછી માત્ર બે જ સ્ટેશનથી પ્રવેશ રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી ૧૨:૩૦ વાગ્યાના લંબાયેલ સમય દરમિયાન મુસાફરો માત્ર મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી જ ટ્રેનમાં બેસી શકશે. જોકે, ઉતરવા માટે અમદાવાદ મેટ્રોના બંને કોરિડોર મોટેરાથી એપીએમસી અને થલતેજથી વસ્ત્રાલના તમામ સ્ટેશનો ચાલુ રહેશે. ગાંધીનગર જવા માટે મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ સુધી રાત્રે ૧૧:૪૦ અને ૧૨:૧૦ કલાકે બે વધારાની ટ્રેનો દોડાવાશે.

ટિકિટ ભીડને ટાળવા માટે ગુજરાત મેટ્રોએ રૂ.૫૦ની ફિક્સ ભાડાવાળી 'સ્પેશિયલ પેપર ટિકિટ' બહાર પાડી છે. આ ટિકિટથી રાત્રે ૧૦ વાગ્યા પછી માત્ર આ પેપર ટિકિટ જ એન્ટ્રી માટે માન્ય રહેશે. કાલુપુર, થલતેજ, મોટેરા, વાડજ જેવાં મુખ્ય સ્ટેશનો પરથી મેચ દરમિયાન જ આ ટિકિટ ખરીદી શકાશે જેથી પરત ફરતી વખતે લાઈનમાં ઊભા ન રહેવું પડે. સ્માર્ટ કાર્ડ કે ક્યુઆર ટિકિટ રાત્રે ૧૦ વાગ્યા સુધી જ ચાલશે. છેલ્લી ટ્રેનનો સમય મોટેરા સ્ટેડિયમથી એપીએમસી તરફની છેલ્લી ટ્રેન મધ્યરાત્રિએ ૧૨:૩૦ કલાકે ઉપડશે. જ્યારે સેક્ટર-૧ (ગાંધીનગર) તરફની છેલ્લી ટ્રેન ૧૨:૧૦ કલાકે રવાના થશે. ■

# સુરતમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર દીવાલ ધરાશાયી થતા મોટી હોનારત ટળી

## ...પણ અનેક પરિવારોને ઘર ખાલી કરવા નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના ભીમરાડ ચોક વિસ્તારમાં મંગળવારે મોડી રાત્રે એક નિર્માણધીન ૧૩ માળના બિલ્ડિંગ પ્રોજેક્ટની ડાયાફ્રામ વોલ ધડાકાભેર તૂટી પડી હતી. એક નિર્માણધીન પ્રોજેક્ટમાં ત્રણ બેઝમેન્ટ માટે ચાલી રહેલા ખોદકામ દરમિયાન અંદાજે ૪૦ ફૂટ ઊંચી અને ૧૫૦ ફૂટ લાંબી સંરક્ષણ દીવાલ ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનાને પગલે બાજુમાં આવેલી સોસાયટીના કમ્પાઉન્ડની દીવાલ અને પાર્કિંગ શેડ પણ ખાડામાં ગરકાવ થઈ ગયા હતા.રાત્રિના સમયે થયેલા પ્રચંડ વિસ્ફોટ જેવા અવાજથી સ્થાનિક રહીશોમાં નાસભાગ મચી ગઈ હતી. રહીશોએ જણાવ્યું હતું કે, અમને એવું લાગ્યું જાણે ભૂકંપ આવ્યો હોય. સુરક્ષાના કારણોસર સુરત મહાનગરપાલિકાએ તાત્કાલિક અસરથી રેસિડેન્સીના અંદાજે ૩૦૦ પરિવારને ફ્લેટ ખાલી કરવા નોટિસ ફટકારી હતી. પોતાની આજીવન મૂડી ખર્ચીને બનાવેલા ઘર રાતોરાત ખાલી કરવાની નોટિસથી રહીશોની આંખ ભીની થઈ ગઈ હતી. ઘટનાની ગંભીરતાને જોતા મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગે તાત્કાલિક પગલાં ભર્યાં હતાં. તંત્રએ બિલ્ડરનું ડેવલપર લાઇસન્સ રદ કરી દીધું હતું અને સાથે જ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા સ્ટ્રક્ચરલ એન્જિનિયર અને ક્લાર્ક-સુપરવાઈઝરના લાઇસન્સ પણ રદ કરવામાં આવ્યા હોવાના અહેવાલ છે. ■

### ગુજરાત એસીબીની કાર્યવાહીઃ

# સુરતમાં પીઆઈ અને કચ્છમાં શિક્ષક લાખોની લાંચ લેતા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યૂરો દ્વારા હાથ ધરવામાં આવેલા બે મોટા ઓપરેશનમાં લાંચિયા અધિકારીઓ અને તેમના વચેટિયાઓ ઝડપાયા હતા. પ્રથમ ઘટનામાં સુરત ગ્રામ્યના કીમ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર પ્રવીણસિંહ જાડેજા અને વકીલ ચિરાગ ગોંડલીયાને રૂ.૩ લાખની લાંચ લેતા ઝડપી પાડવામાં આવ્યા હતા. હની ટ્રેપના ગુનામાં ફસાયેલા ફરિયાદીના ભાઈ સામે 'ગુજસીટોક'ની કલમ ન ઉમેરવા અને જામીનમાં મદદ કરવાના બહાને પોલીસ અધિકારીએ વકીલ મારફતે રૂ. ૧૦ લાખની માગણી કરી હતી, જે રકઝકના અંતે રૂ. ૩ લાખ નક્કી થઈ હતી.

બીજી ઘટનામાં કચ્છના નખત્રાણા ખાતે એસીબીએ મોટી કાર્યવાહી કરતા મથલ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક અને સહકારી મંડળીના મંત્રી ઘનશ્યામભાઇ પટેલને રૂ. ૨.૮૦ લાખની લાંચ લેતા રંગેહાથ દબોચી લીધા હતા. ફરિયાદીની કંપનીએ સપ્લાય કરેલા માલના રૂ. ૭.૫૨ લાખના બિલો મંજૂર કરવાના અવેજમાં મુખ્ય શિક્ષકે પોતાના કમિશન પેટે આ રકમની માગણી કરી હતી. ભુજમાં ગોઠવાયેલા છટકા દરમિયાન લાંચની રકમ સ્વીકારતા જ એસીબીની ટીમે તેમને ઝડપી પાડ્યા હતા.■

# ગુજરાતમાં આજે મુસદ્દા મતદાર યાદી જાહેર થશે

## ૧૮ જાન્યુઆરી સુધી કરી શકાશે વાંધા-અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં હાથ ધરાયેલી મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશના સફળ અમલીકરણ બાદ આજે, તા. ૧૯-૧૨-૨૦૨૫ના રોજ મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓના ૧૮૨ વિધાનસભા મતવિસ્તારોમાં ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. આ ઝુંબેશ દરમિયાન રાજ્યના ૫.૦૮ કરોડ મતદારોમાંથી ૪.૩૪ કરોડ મતદારોના ફોર્મનું ડિજિટાઈઝેશન કરવામાં આવ્યું છે. ચકાસણી દરમિયાન ૧૮.૦૭ લાખ અવસાન પામેલા, ૯.૬૯ લાખ ગેરહાજર અને ૪૦.૨૬ લાખ સ્થળાંતરિત થયેલા મતદારોની વિગતો પણ ધ્યાન પર આવી છે, જેના આધારે યાદીને વધુ શુદ્ધ બનાવવામાં આવી છે. આજે મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થયા બાદ નાગરિકો તા. ૧૮-૦૧-૨૦૨૬ સુધી પોતાના વાંધા-દાવા રજૂ કરી શકશે. જો કોઈ ભારતીય નાગરિકનું નામ આ ડ્રાફ્ટ રોલમાં સામેલ ન થયું હોય, તો તેઓ જરૂરી આધાર પુરાવા સાથે ફોર્મ નં. ૬ ભરીને નવું નામ નોંધાવી શકશે. મતદારો પોતાના નામની ચકાસણી જિલ્લા ચૂંટણી અધિકારી અથવા મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ પર ઓનલાઈન કરી શકશે. ■

# એએમટીએસ-બીઆરટીએસમાં સિંગલ ટિકિટ સિસ્ટમ શરૂ થવાની સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના જાહેર પરિવહન માળખાને વધુ આધુનિક અને મુસાફરલક્ષી બનાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સતત પ્રયત્નશીલ રહે છે ત્યારે હવે શહેરના જાહેર પરિવહન સાથે જોડાયેલી બે સેવાઓ એએમટીએસ અને બીઆરટીએસની ટિકિટ સિસ્ટમમાં ફેરફાર આવશે. અત્યાર સુધી અમદાવાદીઓને બન્ને બસસેવાઓ માટે અલગ-અલગ ટિકિટ લેવી પડતી હતી, પરંતુ સિંગલ ટિકિટ વિન્ડો સિસ્ટમ દ્વારા આ મુશ્કેલીનો અંત આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

એએમસીની સ્ટેન્ડિંગ કમિટીએ આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે અંદાજે રૂ. ૪૭૨ કરોડના બજેટને મંજૂરી આપી છે. આ સિસ્ટમ વિકસાવવા માટે ખાનગી કંપનીને ૧૧ વર્ષનો કોન્ટ્રાક્ટ સોંપવામાં આવ્યો છે. આગામી થોડા મહિનાઓમાં આ આધુનિક સિસ્ટમ સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે. આ પ્રોજેક્ટ અંતર્ગત ઇન્ટિગ્રેટેડ ટ્રાન્ઝિટ મેનેજમેન્ટ સિસ્ટમ અને ઓટોમેટિક ફેર કલેક્શન સિસ્ટમ અમલમાં મૂકવામાં આવશે, જેનાથી ટિકિટ બારીઓ પરની લાંબી કતારો ભૂતકાળ બની જશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

નવી સિસ્ટમ અમલમાં આવતા જ મુસાફરોને બસના ચોક્કસ સમય અને લોકેશનની લાઈવ માહિતી મળશે. આ પ્રોજેક્ટનો બીજા તબક્કો વધુ વ્યાપક હશે, જેમાં અમદાવાદ મેટ્રોને પણ આ જ ટિકિટિંગ સિસ્ટમ સાથે સાંકળી લેવામાં આવશે. આનો અર્થ એ કે મુસાફર એક જ કાર્ડ કે ટિકિટનો ઉપયોગ કરીને શહેરના કોઈપણ જાહેર પરિવહન માધ્યમમાં મુસાફરી કરી શકશે. ખાસ કરીને વિદ્યાર્થીઓ, વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે આ વ્યવસ્થા આશીર્વાદરૂપ સાબિત થશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ગોવાથી અમદાવાદ આવતી ફ્લાઈટમાં બોમ્બની ધમકીઃ કંઈ શંકાસ્પદ ન મળતા રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત છેલ્લા બે દિવસથી બોમ્બની ધમકીથી ખળભળી ઊઠ્યું છે. બુધવારે અમદાવાદ-ગાંધીનગરથી ૨૦ કરતા વધારે સ્કૂલોમાં અને ગુરુવારે વડોદરાની કલેક્ટર કચેરીમાં બોમ્બ હોવાના ઈમેઈલ્સ બાદ હવે અમદાવાદ આવી રહેલી ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળી હતી, જેના પગલે અમદાવાદ એરપોર્ટને સતર્ક કરી દેવામાં આવ્યું હતું. જોકે સઘન તપાસ બાદ બધુ જ સલામત હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ઘટનાની મળતી વિગતો અનુસાર ગોવાથી અમદાવાદ આવી રહેલી ઇન્ડિગોની ફ્લાઈટને બોમ્બથી ઉડાડવાની ધમકી મળી હતી. ફ્લાઈટ અમદાવાદ પહોંચી ત્યારે એક ટીશ્યુ પેપરમાં આ પ્રકારની ધમકીભરેલું લખાણ મળી આવ્યું હતું. એરપોર્ટ ઓથોરિટી અને તમામ સુરક્ષા એજન્સીઓને સતર્ક કરવામાં આવી હતી અને તપાસ કરવામાં આવી હતી.

ઈન્ડિયોની આ ફ્લાઈટમાં ૧૪૦થી વધુ પેસેન્જર હતા. તમામને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. સ્થાનિક પોલીસ સહિતની તમામ સુરક્ષા એજન્સી અહીં પહોંચી હતી અને સઘન તપાસ કરી હતી, પરંતુ કોઈ શંકાસ્પદ સાધન-સામગ્રી મળ્યા ન હતા. એરપોર્ટ ઓથોરિટીના સૂત્રોના જણાવ્યા અનુસાર સાંજે સાત વાગ્યે ફ્લાઈટ લેન્ડ થઈ હતી અને સુરક્ષાની તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સાથે એરપોર્ટ પર પણ વ્યવસ્થા જાળવવામાં આવી હતી. ■

# ગુજરાતમાં બીપીની દવાનું સૌથી વધુ વેચાણ, સીવીડી દવાઓમાં ૧૧ ટકાનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં હૃદય સંબંધિત બીમારીના વધેલા પ્રમાણના કારણે કાર્ડિયોવાસ્ક્યુલર ડિસિઝ (સીવીડી) સંબંધિત દવાઓના વેચાણમાં નવેમ્બર સુધીમાં વાર્ષિક ધોરણે ૧૧%નો વધારો નોંધાયો હતો. હૃદયરોગની સારવાર પદ્ધતિમાં આવેલો ફેરફાર પણ આ વૃદ્ધિમાં મોટો ફાળો આપી રહ્યો છે, તેમ સૂત્રો જણાવે છે. રાજ્યમાં બીપીની દવાનું સૌથી વધુ વેચાણ થયું હતું. જે બાદ બીજા ક્રમે કોલેસ્ટ્રોલની દવાનું વેચાણ રહ્યું હતું.

રિપોર્ટ પ્રમાણે, કાર્ડિયાક થેરાપી દવાઓનું મૂલ્ય નવેમ્બરમાં વધીને રૂ. ૧,૭૩૧ કરોડ થયું હતું, જે ગયા વર્ષે આ અરસામાં રૂ. ૧,૫૫૭ કરોડ હતું. નિષ્ણાતોના મતે, આ વૃદ્ધિ માત્ર તાત્કાલિક સારવારને કારણે નથી, પરંતુ લાંબા ગાળાના જોખમોને નિયંત્રિત કરવાના વલણને કારણે પણ છે. કાર્ડિયાક થેરાપીમાં, એન્ટિ-હાયપરટેન્સિવ (બીપીની દવાઓ) અને લિપિડ-લોઅરિંગ (કોલેસ્ટ્રોલની દવાઓ) કુલ વેચાણના ૭૦% થી વધુ હિસ્સો ધરાવે છે. એન્ટિ-હાયપરટેન્સિવ દવાઓ રૂ. ૮૩૦ કરોડથી વધુ સાથે સૌથી મોટો હિસ્સો ધરાવે છે, ત્યારબાદ લિપિડ-લોઅરિંગ દવાઓ રૂ. ૪૨૦ કરોડ સાથે બીજા ક્રમે છે.અહેવાલ અનુસાર બ્લડ પ્રેશરના ડેટામાં મોટો બદલાવ જોવા મળ્યો હતો. ૨૦૨૧ થી ૨૦૨૫ દરમિયાન, ડૉક્ટરો સિંગલ-ડ્રગ થેરાપીને બદલે કોમ્બિનેશન ટ્રિટમેન્ટ તરફ વળ્યા છે. ટેલમિસારટન આધારિત કોમ્બિનેશન અત્યારે બજારમાં પ્રભુત્વ ધરાવે છે. હવે ડૉક્ટરો રોગના શરૂઆતી તબક્કામાં જ ડ્યુઅલ-ડ્રગ અથવા ટ્રિપલ-ડ્રગ કોમ્બિનેશન આપવાનું શરૂ કરી દે છે, જે અગાઉ માત્ર જટિલ કેસોમાં જ આપવામાં આવતું હતું, તેમ ક્ષેત્રના નિષ્ણાતોએ જણાવ્યું હતું. ■

# અમદાવાદની હૉટેલમાં પ્રેમી યુગલે કર્યો આપઘાતનો પ્રયાસ, યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં એરપોર્ટ પાસે આવેલી એક હૉટેલમાં રહેવા આવેલા પ્રેમીયુગલે આપઘાત કરવાની કોશિશ કરી હતી, જેમાં યુવકનું મૃત્યુ થયું હતું, જ્યારે યુવતી હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે.

પોલીસ સૂત્રોએ આપેલી માહિતી અનુસાર આ યુગલ અમદાવાદના જ શેલા વિસ્તારમાં રહેતું હતું. તેઓ ૧૭મી ડિસેમ્બરે એરપોર્ટ પાસે આવેલી એક હૉટેલમાં આવ્યા હતા. અહીં આવ્યા બાદ બન્નેએ બ્લેડથી હાથની નસ કાપવાનો પ્રયત્ન કર્યો હતો, જેમાં યુવકનું મોત થયું હતું અને યુવતી બેભાન થઈ હતી. ઘટનાની જાણ હૉટેલના સ્ટાફને થઈ હતી અને તેમણે પોલીસને બોલાવી હતી. પોલીસે યોગ્ય કાર્યવાહી હાથ ધરી હતી.

યુવતીને હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. અહીં તેને ભાન આવતા પોલીસે પ્રાથમિક પૂછપરછ કરી હતી. સૂત્રો અનુસાર બન્ને શેલા વિસ્તારના રહેવાસી હતા અને સંબંધમાં કાકા-ભત્રીજી હતા. ઘણા સમયથી તેમના વચ્ચે પ્રેમસંબંધ હતો, પરંતુ તેમના લગ્ન શક્ય ન હોવાથી બન્નેએ જીવ દઈ દેવાનો નિર્ણય લીધો હતો અને હૉટેલમાં આવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

નવમા પાનાનું ચાલુ

## મુંબઈમાં કૉંગ્રેસ-ઉદ્ધવ

અંગેની સ્થિતિ સ્પષ્ટ કરશે. કૉંગ્રેસ પાર્ટીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી અને ત્યારબાદ મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારના નેતૃત્વ હેઠળના એનસી સાથે ગઠબંધનમાં લડી હતી. જોકે, બીએમસી ચૂંટણીમાં મનસેની ભાગીદારીથી ઉદ્ધવ ઠાકરે અને કૉંગ્રેસ વચ્ચેનું અંતર વધ્યું છે. કૉંગ્રેસ નેતા સચિન સાવંત કહે છે કે મનસે સાથે હાથ મિલાવવાનો કોઈ પ્રશ્ન જ નથી. ઠાકરે બંધુઓનું એકત્ર થવું અને કૉંગ્રેસનું અલગ થવું મુંબઈમાં નવા સમીકરણો બનાવી રહ્યું છે.

શિવસેના યુબીટીના પ્રવક્તા સંજય રાઉતે જણાવ્યું હતું કે કૉંગ્રેસ એકલા ચૂંટણી લડવા માગે છે. કૉંગ્રેસે તેના સ્થાનિક નેતૃત્વ પર નિર્ણય છોડી દીધો છે. રાઉતના નિવેદન પર પ્રતિક્રિયા આપતા કૉંગ્રેસના પ્રવક્તા સચિન સાવંતે કહ્યું કે જો શિવસેના (યુબીટી) મનસે સાથે હાથ મિલાવે છે, તો કૉંગ્રેસ એકલા બીએમસી ચૂંટણી લડશે. ગયા મહિને, મુંબઈ કૉંગ્રેસના વર્ષા ગાયકવાડે જાહેરાત કરી હતી કે પાર્ટી બીએમસી ચૂંટણી એકલા લડશે અને મનસે સાથે કોઈ જોડાણ ઇચ્છતા નથી. કૉંગ્રેસે કહ્યું કે જો તે મનસે સાથે જશે, તો આપણને કોણ મત આપશે? શું ઉત્તર ભારતીયો કે મુસ્લિમો આપણને મત આપશે? સાવંતે કહ્યું કે મનસે અને કૉંગ્રેસની વિચારધારા અલગ છે અને અમે તેમની સાથે ગઠબંધન કરી શકતા નથી. દરમિયાન, કૉંગ્રેસના સૂત્રોએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર કૉંગ્રેસના વડા હર્ષ વર્ધન સપકાલે સોમવારે રાતે વંચિત બહુજન આઘાડીના વડા ડો. પ્રકાશ આંબેડકર સાથે સંભવિત જોડાણ અંગે ચર્ચા કરી હતી.

## કોકાટેનું રાજીનામું

ફડણવીસને મોકલી દેવામાં આવ્યું છે. કોકાટેનાં ખાતાં અજિત પવારને ફાળવી દેવામાં આવ્યા છે.

કોકાટેનું રાજીનામું અદાલતના ચુકાદાના પગલે આવ્યું છે એવી સ્પષ્ટતા કરી નાયબ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે તેમનો પક્ષ વ્યક્તિ કરતા કાયદાને સર્વોચ્ચ માને છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ખેલકૂદ અને યુવા કલ્યાણ, લઘુમતી વિકાસ વિભાગ સંભાળનારા કોકાટેએ તેમને રાજીનામું સોંપ્યું હતું અને કાયદો તેમજ નિયમો સર્વોપરી છે એ પક્ષના વલણને અનુરૂપ તેમનું રાજીનામું સ્વીકારી લેવામાં આવ્યું છે.

મંગળવારે, નાશિક જિલ્લા અને સત્ર અદાલતે પ્રથમ વર્ગના ન્યાયિક મેજિસ્ટ્રેટના આદેશને માન્ય રાખ્યો, જેમાં ૧૯૯૫ના સરકારી આવાસ યોજના સાથે જોડાયેલા છેતરપિંડી અને બનાવટી કેસમાં કોકાટે સામે બે વર્ષની જેલ અને ૫૦ હજાર રૂપિયાના દંડની સજા ફરમાવવામાં આવી હતી.

બુધવારે અદાલતે એનસીપીના રાજકારણીની અગાઉના ચુકાદા સામેની અપીલ ફગાવી દીધા બાદ ધરપકડ વોરંટ પણ જારી કર્યું હતું. (પીટીઆઈ)

## મહાયુતિથી અલગ

વરિષ્ઠ સહયોગીઓ સાથે પક્ષની વ્યૂહરચનાની ચર્ચા વિચારણા કર્યા બાદ તટકરે સંવાદદાતાઓ સાથે વાતચીત કરી રહ્યા હતા. તટકરે ઉપરાંત એનસીપીના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ પ્રતીક પટેલ અને અન્ય નેતાઓ પણ ચર્ચામાં સહભાગી થયા હતા.

પ્રશ્નોના ઉત્તર આપતા તટકરેએ જણાવ્યું હતું કે એનસીપીને મહાયુતિથી અલગ રાખવામાં આવશે એવું કોઈ પણ ભાજપ નેતાએ નથી કહ્યું. યુતિમાં ભાજપ, એનસીપી અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના સામેલ છે.

પુણે અને પિમ્પરી - ચિંચવડ પાલિકા ચૂંટણી ભાજપ અને એનસીપી સ્વતંત્રપણે લડશે એવી દેવેન્દ્ર ફડણવીસની ટિપ્પણી વિશે જણાવવામાં આવતા તટકરેએ જણાવ્યું હતું કે 'પુણે અને પિમ્પરી - ચિંચવડ એટલે મહારાષ્ટ્ર એવું નથી. મુખ્ય પ્રધાનનું કહેવું હતું કે આ બંને શહેરમાં બંને પક્ષ મજબૂત છે. જો સાથે ચૂંટણી લડશું તો અન્ય પક્ષોને લાભ થશે. કેટલીક જગ્યાએ પાલિકા ચૂંટણી નવ વર્ષથી નથી થઈ અને એટલે જો અમારા કાર્યકર્તાઓને ચૂંટણી લડવાની તક નહીં મળે તો તેઓ વિરોધી જૂથમાં જોડાઈ શકે છે.'

## કોલ્હાપુરની સાઈ જાધવ પ્રથમ મહિલા ટેરિટોરિયલ આર્મી ઓફિસર બની

પુણેઃ મહારાષ્ટ્ર માટે ગર્વ કરવા જેવી વાત બની છે. મહારાષ્ટ્રના કોલ્હાપુરની સાઈ જાધવ ભારતીય લશ્કરી એકેડેમી (આઇએમએ), દેહરાદૂનમાં પ્રી-કમિશનિંગ તાલીમ પૂર્ણ કરનારી પ્રથમ મહિલા ટેરિટોરિયલ આર્મી ઓફિસર બની છે, જેણે સંસ્થાની ૯૩ વર્ષ જૂની પરંપરાને તોડી છે જે માત્ર પુરુષ અધિકારીઓને તાલીમ આપે છે.

ગયા અઠવાડિયે ૧૩ ડિસેમ્બરે દહેરાદૂનના આઇએમએ ખાતે યોજાયેલા ૧૫૭મા પાસિંગ આઉટ પરેડ દરમિયાન ૨૩ વર્ષીય જાધવને લેફ્ટનન્ટ તરીકે કમિશન આપવામાં આવ્યું હતું. ૧૯૩૨માં સ્થપાયેલ અને ત્યારથી પેઢીઓની પેઢીઓ આર્મી અધિકારીઓનું નિર્માણ કરી રહેલા આઇએમએ માટે પણ એક ઐતિહાસિક ક્ષણ હતી.

સાઈના પિતા,ટેરિટોરિયલ આર્મીમાં મેજર સંદીપ જાધવે, જણાવ્યું હતું કે સાઈને ઉત્તરાખંડના પિથોરાગઢ ખાતે કુમાઉ રેજિમેન્ટની ૧૩૦ ટેરિટોરિયલ આર્મી (ઇકોલોજીકલ) બટાલિયનમાં કમિશન આપવામાં આવ્યું છે. સાઈ હાલમાં ડિસ્ટન્સ લર્નિંગ દ્વારા એમબીએ કરી રહી છે.

જાધવે કહ્યું કે તેમની પુત્રી આર્મી પરિવારમાંથી આવતી હોવાથી તેની ઈચ્છા પણ સશસ્ત્ર દળોમાં જોડાવાની હતી. માતાપિતા તરીકે, અમને ગર્વ છે કે અમારી પુત્રીએ તેનાં સ્વપ્નને અનુસર્યું અને રાષ્ટ્રની સેવા કરવાનું પસંદ કર્યું.

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ ''મરાઠી મુલગી'' સાઈને અભિનંદન પાઠવ્યા. તેણે ૯૩ વર્ષમાં આઇએમએમાંથી પાસ થનારી પ્રથમ મહિલા ઓફિસર કેડેટ બનીને ઇતિહાસ રચ્યો છે. આ સન્માન એક મરાઠી મુલગીને મળ્યું છે તે ખૂબ જ ગર્વની વાત છે! તેમણે એક પોસ્ટમાં લખ્યું. ''આ ફક્ત એક વ્યક્તિગત સફળતાની વાર્તા નથી, પરંતુ એક પ્રેરણાદાયી સીમાચિહ્નરૂપ છે જે દેશભરની અસંખ્ય યુવતીઓનાં સપનાઓને દિશા આપશે. બેલગામમાં ભણેલી અને ઉછરેલી મૂળ કોલ્હાપુરની, સાઈ રાષ્ટ્રની સેવાના વારસાને આગળ ધપાવવા માટે જાધવ પરિવારની ચોથી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે,'' તેમણે ઉમેર્યું.

## સાઈકલ પર ટ્યૂશન જતી વિદ્યાર્થિનીને ટ્રકે અડફેટે લીધી

વર્ધાઃ સાઈકલ પર ટ્યૂશન ક્લાસમાં જઈ રહેલી ૧૪ વર્ષની વિદ્યાર્થિનીને ટ્રકે અડફેટે લેતાં તેનું મૃત્યુ થયું હતું. પોલીસના જણાવ્યા મુજબ એક્સિડન્ટની ઘટના બુધવારની બપોરે બની હતી. વિભૂતિ ડાગા નવમા ધોરણમાં ભણતી હતી. ધરમ કાટા ખાતે આવેલા ટ્યૂશન ક્લાસમાં જતી હતી ત્યારે ટ્રકે વિભૂતિની સાઈકલને ટક્કર મારી હતી. આ ઘટનામાં વિભૂતિએ જીવ ગુમાવ્યો હતો. પોલીસે ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)

## અજિત પવારે

મહાયુતિ સાથે ચૂંટણી લડવાનો પ્રયાસ કરશે. જો તે સફળ ન થાય, તો તેમણે એકલા ચૂંટણી લડવા માટે તૈયાર રહેવું જોઈએ.

દરમિયાન, મુંબઈ ભાજપ પ્રમુખ અમિત સાટમે જણાવ્યું હતું કે જો નવાબ મલિક એનસીપીના ચૂંટણી પ્રમુખ છે, તો એનસીપી સાથે જોડાણ કરશે નહીં. મલિક અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં આરોપી છે. તેમની ૨૦૨૨ માં ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તેઓ જામીન પર બહાર છે.

## કોકાટે વિવાદ

ગયા. દરમિયાન, કોકાટેની સજા અને આગામી ધરપકડથી પવાર અને મહાયુતિ સરકાર પર દબાણ વધ્યું છે. શિરસાટ અને કદમના કિસ્સામાં, હાલમાં તેઓ ફક્ત ખોટા કામના આરોપોનો સામનો કરી રહ્યા છે, જેના કારણે તેમના પક્ષના વડા અને મહાયુતિ માટે તેમનો બચાવ કરવાનું સરળ છે. પરંતુ દોષિત ઠરેલા અને જેલની સજા પામેલા, કોકાટે માટે આ મુશ્કેલ છે,પરંતુ અશક્ય નથી.

આ કિસ્સામાં, મહાયુતિએ વિપક્ષની ટીકાથી બચવા માટે ઝડપથી કાર્યવાહી કરવી પડશે. ફડણવીસ આ ટાઇમ બૉમ્બથી વાકેફ છે; સૂત્રોએ જણાવ્યું હતું કે બુધવારે તેમણે પવારને કોકાટેને દૂર કરવા અને તેમના આગામી પગલાં વિશે વિગતવાર જણાવવા કહ્યું.

## થાણેમાં શિંદે સેનાને

ઉમેદવારને પ્રામાણિક રીતે ચૂંટાઈ લાવવા માટે તેઓ કટિબદ્ધ રહેશે એવી પ્રતિજ્ઞા સંબંધિત ઈચ્છુક ઉમેદવારો લેવાની રહેશે.

શિવસેનાપ્રમુખ બાળ ઠાકરેની શિવસેનામાં ૨૦૨૨માં ભંગાણ પડ્યું હતું. એકનાથ શિંદે સહિત અમુક વિધાનસભ્ય અને સાંસદોએ બળવો કર્યો હતો અને ત્યારબાદ શિંદેસેનાએ તેમના પક્ષમાં બળવો થાય નહીં તે માટે મહાનગરપાલિકાની ચૂંટણી લડવા માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી ઘોષણાપત્ર લખાવીને લેવાનું શરૂ કર્યું છે. બુધવારે થાણેના ટેંભીનાકા પાસે ઈચ્છુક ઉમેદવારો પાસેથી અરજી ભરવા મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા, જેમાં ભૂતપૂર્વ નગરસેવક, પક્ષના પદાધિકારી, કાર્યકર્તાઓએ ફોર્મ ભર્યા હતા.

## કાકા-ભત્રીજાની

મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ભાજપ અને એનસીપી વચ્ચે ગઠબંધન નહીં થાય અને મહાયુતિના બંને ઘટક વચ્ચે મૈત્રીપૂર્ણ હરીફાઈ થશે. ભાજપ અને એનસીપી ઉપરાંત નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના પણ શાસક મહાયુતિનો હિસ્સો છે.

રાઉતે વધુમાં જણાવ્યું હતું કે પાલિકા ચૂંટણીમાં ઠાકરે બંધુ એકત્ર આવે એ અંગે શરદ પવાર ઉત્સાહી છે. નાશિક અને થાણેમાં એનસીપી (એસપી) અને શિવસેના (યુબીટી) સહયોગમાં હશે. (પીટીઆઈ)

## મુંબઈ સહિત

ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો હતો.

મુંબઈમાં ગુરવારે સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૧૭.૪ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૪.૧ ડિગ્રી તો કોલાબામાં લઘુતમ તાપમાન ૨૨.૦ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૩.૮ ડિગ્રી નોંધાયું હતું. તો સમગ્ર રાજ્યમાં સૌથી નીચું તાપમાન મધ્ય મહારાષ્ટ્રના જળગાંવમાં ૮.૭ ડિગ્રી નોંધાયું હતું. તો સૌથી ઊંચુ તાપમાન રત્નાગિરીમાં ૩૫.૫ ડિગ્રી નોંધાયું હતું.

વાતાવરણ અચાનક આવેલા ફેરફાર બાબતે હવામાન નિષ્ણાતના કહેવા મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ ઉત્તર ભારતથી ફૂંકાઈ રહેલા ઠંડા પવનો તાત્પૂરતા સમય માટે નબળા પડી ગયા હતા અને સોમવારથી બુધવાર દરમ્યાન પૂર્વીય પવનો ફૂંકાવાને કારણે ઠંડીનું જોર થોડું નબળું પડી ગયું હતું. જોકે હવે મહારાષ્ટ્રમાં ફરી એક વખત ઠંડીનું મોજું ફરી વળવાનું છે. મધ્ય મહારાષ્ટ્ર અને કોંકણમાં તેની અસર હેઠળ ફરી એક વખત ઠંડીનું પ્રમાણ વધશે, જેમાં મુંબઈ મેટ્રોપોલિટન રિજનનો પણ સમાવેશ થાય છે.

## એમએલસી પ્રજ્ઞા

ઉપ પ્રમુખ તરીકે ફરજ બજાવી હતી. ગયા વર્ષે જુલાઈમાં તેમને ફરી વિધાન પરિષદ માટે નોમિનેટ કરવામાં આવ્યા હતાં. તેમની મુદત ૨૦૩૦માં પૂર્ણ થવાની હતી.

પ્રજ્ઞા સાતવ ઉપરાંત સોલાપુર જિલ્લાના ભૂતપૂર્વ વિધાનસભ્ય દિલીપ માને પણ ભાજપમાં જોડાયા હતા. (પીટીઆઈ)

## બેઠક વહેંચણી

હતો, જ્યાં ભાજપના ઉમેદવારો ખૂબ જ ઓછા માર્જિનથી હારી ગયા હતા. આ ઉપરાંત, ભાજપે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીનાં પરિણામો અનુસાર, વિધાનસભા મતવિસ્તારોમાં ભાજપ આગળ છે તે વિસ્તારના વોર્ડમાંથી પોતાના ઉમેદવારો ઊભા રાખવાની યોજના બનાવી છે. જોકે, શિંદે સેનાએ ભાજપના આ ફોર્મ્યુલાનો વિરોધ કર્યો છે.

ભાજપના દાવાનું ખંડન કરતા શિંદે જૂથે કહ્યું કે મુંબઈ મહાનગરપાલિકાના વોર્ડનું પુનર્ગઠન ૨૦૧૭ માં કરવામાં આવ્યું હતું. તેથી ૨૦૧૪ ના આધારે બેઠકો ફાળવવી યોગ્ય નથી. શિંદે જૂથે ભાજપને સ્પષ્ટપણે કહ્યું છે કે તે સમયના આંકડા બેઠકોની વર્તમાન ફાળવણી માટે યોગ્ય રહેશે નહીં.

આ ઉપરાંત, ભાજપે મુંબઈના ૩૬ વિધાનસભા મતવિસ્તારોમાંથી આઠ વિધાનસભા મતવિસ્તારોમાં શિંદે જૂથ માટે એક પણ બેઠક છોડી નથી. આમાં બાંદ્રા પશ્ચિમ, અંધેરી પૂર્વ, અંધેરી પશ્ચિમ, માગાથાણે અને ઘાટકોપર પશ્ચિમ મતવિસ્તારોનો સમાવેશ થાય છે. ઉપરાંત, ભાજપે દાદર, માહિમ, વડાલા, ચેમ્બુર અને વરલીના મરાઠી બહુમતી ધરાવતા વિસ્તારોમાં શિવસેના માટે ઓછી બેઠકો છોડી છે. શિંદે જૂથે આનો સખત વાંધો ઉઠાવ્યો છે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપ સાથે બેઠકોની વહેંચણીની વાટાઘાટો અપેક્ષા મુજબ નહીં થાય તો એકનાથ શિંદેએ પણ અલગ રસ્તો અપનાવવાની તૈયારી કરી છે.

## મહારાષ્ટ્રના 'રમી'

કરવા માટે કરશે. કારણ કે ડિસેમ્બર ૨૦૨૩ માં ભ્રષ્ટાચારના કેસમાં દોષિત ઠર્યા પછી,આ જ વહીવટીતંત્રે કૉંગ્રેસના સુનીલ કેદારને ગૃહમાંથી ઝડપથી બરતરફ કર્યા હતા. સાથે જ, મુખ્ય પ્રધાન પર તેમના પ્રધાનોને કાબૂમાં રાખવા માટે દબાણ વધ્યું છે. જુલાઈમાં, કોકાટેનો રમી રમતો વીડિયો વાયરલ થયા પછી,ફડણવીસે તેમના પ્રધાનોને ચેતવણી આપતા કહ્યું હતું કે ''અમે કોઈપણ પ્રકારની વિવાદાસ્પદ કાર્યવાહી સહન કરીશું નહીં.''

પરંતુ તેની કોઈ અસર થઇ હોય એવું લાગ્યું નહીં; અઠવાડિયામાં જ ભાજપ માટે બે અન્ય હાઇ-પ્રોફાઇલ શરમજનક ક્ષણો આવી, બંનેમાં મહાયુતિના બીજા સભ્ય, એકનાથ શિંદેની શિવસેનાનો સમાવેશ થતો હતો.

સૌપ્રથમ, એક વીડિયો સામે આવ્યો હતો જેમાં કથિત રીતે સંજય શિરસાટ ઇનરવેરમાં, હોટલના રૂમમાં, ધૂમ્રપાન કરતા દેખાય છે, અને તેની બાજુમાં રોકડથી ભરેલી બેગ પડી હોય તેવું લાગે છે. શિરસાટે પાછળથી દાવો કર્યો હતો કે બેગમાં કપડાં હતા, રોકડા નહીં, જોકે વીડિયોમાં કેટલીક ચલણી નોટો દેખાતી હતી. સંપત્તિમાં વધારા અંગે તેમને ટેક્સ નોટિસ મળ્યાના એક દિવસ પછી આ ઘટના બની હતી. તેના થોડા દિવસો પછી, તત્કાલીન જુનિયર ગૃહપ્રધાન યોગેશ કદમ પર રત્નાગિરિ જિલ્લામાં ગેરકાયદેસર રેતી ખનન અને કાંદિવલીમાં ગેરકાયદેસર ડાન્સ બાર સાથે જોડાણ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. વિપક્ષે તેમના રાજીનામાની માંગણી કરી ત્યારે કદમે બંને આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા. શિરસાટ અને કદમ બંને રાજ્ય સરકારમાં પ્રધાન છે.

શિંદે સેનાના શિક્ષણ પ્રધાન દાદાજી ભૂસે પર પણ વિવાદ થયો હતો અને તેમના વિભાગમાં ભરતીમાં અનિયમિતતાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. તેઓ પણ તેમના પદ પર યથાવત રહ્યા છે.

આ ઘટનાઓ પહેલા, એનસીપી નેતા ધનંજય મુંડેને લઈને પણ વિવાદ થયો હતો. માર્ચમાં બીડમાં એક હત્યામાં તેમના સહયોગીનું નામ સામે આવ્યા બાદ તેમણે પ્રધાનપદ છોડી દીધું હતું. મુંડે જાહેર કાર્યક્રમો અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ સાથે દિલ્હીમાં મુલાકાત સાથે રાજકીય ક્ષેત્રમાં ફરી પ્રવેશ્યા છે, જેનાથી સંભવિત કેબિનેટ ફેરબદલની અટકળો થઇ રહી છે.

## બોમ્બે હાઇ કોર્ટ

અલી કાશિફ ખાને કહ્યું હતું કે હું મેજિસ્ટ્રેટ કોર્ટમાં સુનાવણી માટે આવ્યો હતો, પરંતુ મેજિસ્ટ્રેટે અચાનક કોઇ પણ કારણ આપ્યા વિના સુનાવણી મોકૂફ રાખવાનું શરૂ કર્યું હતું. 'અમે નીચે આવ્યા ત્યારે બધી કારને કોર્ટના પરિસરમાંથી બહાર ખસેડવાનું કહેવામાં આવ્યું હતું. બાદમાં પોલીસ અધિકારી પાસેથી અમને જાણવા મળ્યું હતું કે બોમ્બ મુકાયો હોવાનો ઇમેઇલ આવતા તપાસ ચાલી રહી છે.

બાંદ્રા મેજિસ્ટ્રેટ કોર્ટને ગુરુવારે સવારે તેના સત્તાવાર ઇમેઇલ આઇડી પર બોમ્બની ધમકીનો ઇમેઇલ પ્રાપ્ત થયો હતો, જેની જાણ ત્વરિત પોલીસને કરવામાં આવી હતી. આથી પોલીસ, બીડીડીએસ અને અન્ય સુરક્ષા કર્મચારીઓ કોર્ટમાં આવી પહોંચ્યા હતા અને પરિસરમાં તપાસ હાથ ધરી હતી. જોકે તપાસ દરમિયાન કોઇ પણ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી, એમ નિર્મલનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. દરમિયાન નાગપુર ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટને પણ સવારે ઇમેઇલ મળ્યો હતો, જેમાં ઇમારતમાં બોમ્બ મુકાયા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. ધમકીભર્યા ઇમેઇલ અંગે જાણ થતાં પોલીસ ટીમે ઘટનાસ્થળ જઇને તપાસ હાથ ધરી હતી.

ડિસ્ટ્રિક્ટ બાર એસોસિયેશનના અધ્યક્ષ રોશન બાગડેએ જણાવ્યું હતું કે કોર્ટના ઇમેઇલ આઇડી પર સવારે ઇમેઇલ મોકલવામાં આવ્યો હતો, જેમાં સિવિલ લાઇન્સ વિસ્તારમાં આવેલી ઇમારતને બે આરડીએક્સ આધારિક વિસ્ફોટક ડિવાઇસીસ ટૂંક સમયમાં ફૂંકી મારશે, એવો દાવો કરાયો હતો. જોકે સઘન તપાસ બાદ કશું વાંધાજનક મળી આવ્યું નહોતું. બોમ્બની આ શ્રેણીબદ્ધ અફવા બાદ સર્વત્ર સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી અને બોમ્બ સ્કવોડ દ્વારા પરિસરનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા ધમકીભર્યા ઇમેઇલ મોકલનાર વ્યક્તિની શોધ ચલાવવાઇ રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## મુખ્ય પ્રધાન ફડણવીસ

તેઓ મુંબઈમાં ઇન્દુ મિલમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્મારક સંબંધિત કાર્યમાં સામેલ હતા, એમ ફડણવીસે જણાવ્યું હતું. ફડણવીસે વધુમાં કહ્યું કે સુતારની કળા વર્ષો સુધી ટકી રહેશે અને તેમની યાદ તાજી રહેશે. તેમણે શિલ્પકારના પુત્ર અનિલ સુતાર સાથે ફોન પર વાત કરીને શોક વ્યક્ત કર્યો હતો અને કહ્યું કે રાજ્ય સરકાર શોકગ્રસ્ત પરિવાર સાથે છે. નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ સુતારના નિધન પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો અને તેમના નિધનને ભારતીય શિલ્પકળાના એક ભવ્ય યુગનો અંત ગણાવ્યો હતો. સુતારને ''શિલ્પકળાની દુનિયાના કોહિનૂર'' ગણાવતા, શિંદેએ કહ્યું કે આ અનુભવી કલાકારે તેમના કાર્યો દ્વારા ભારતીય સંસ્કૃતિ અને મહાન નેતાઓના વિચારોને વૈશ્વિક મંચ સુધી પહોંચાડ્યા છે. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે સુતારના અવસાનને ભારતીય શિલ્પકળામાં સુવર્ણ યુગનો અંત ગણાવ્યો. એક શોક સંદેશમાં, પવારે કહ્યું કે રામ સુતાર ''શિલ્પના ભીષ્માચાર્ય'' હતા જેમનું આ ક્ષેત્રમાં યોગદાન અજોડ રહેશે. ''દેશે ભારતીય સ્મારક કલાને વૈશ્વિક સ્તરે ઓળખ આપનાર એક અત્યંત પ્રતિભાશાળી શિલ્પકારને ગુમાવ્યો છે.'' પવારે કહ્યું. (પીટીઆઈ)

## આધુનિક ભારતની

તરીકે તેમણે વૈશ્વિક ખ્યાતિ મેળવી. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા બનાવનાર આ પ્રોજેક્ટે સ્મારક કલાના માસ્ટર તરીકે તેમની પ્રતિષ્ઠા વધારી. તેમના જાણીતા શિલ્પોમાં સંસદ સંકુલમાં ધ્યાનની મુદ્રામાં બેઠેલા મહાત્મા ગાંધીની પ્રતિમા, ડો. બી. આર. આંબેડકર, છત્રપતિ શિવાજી મહારાજ અને ભારત અને વિદેશમાં અનેક રાષ્ટ્રીય નેતાઓ અને ઐતિહાસિક વ્યક્તિઓની પ્રતિમાઓ સામેલ છે. તેમના શિલ્પો જીવંત અભિવ્યક્તિ અને બારીકાઇ માટે જાણીતા છે.કલામાં તેમના યોગદાન માટે, સુતારને પદ્મશ્રી અને પદ્મ ભૂષણ, તેમજ મહારાષ્ટ્રના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર મહારાષ્ટ્ર ભૂષણ સહિત અનેક પ્રતિષ્ઠિત સન્માનો પ્રાપ્ત થયાં હતાં. આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ છતાં, સુતાર તેમની સાદગી, નમ્રતા અને તેમની કળા પ્રત્યે આજીવન સમર્પણ માટે જાણીતા હતા. તેઓ તેમના જીવનનાં છેલ્લાં વર્ષોમાં પણ વ્યાવસાયિક રીતે સક્રિય હતા અને યુવા શિલ્પકારોને માર્ગદર્શન આપતા, જેમાંથી ઘણા સફળ શિલ્પકાર તરીકે સ્થાપિત છે.

## હિન્દુ મરણ

જૂનાગઢ નિવાસી હાલ થાણા જસવંતી રમણિકલાલ પારેખ (ઉં. વ. ૯૪) મંગળવાર, તા. ૧૬-૧૨-૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. રમણિકલાલ માણેકચંદ પારેખના પત્ની. હેમંત અને હર્ષા (રેખા)ના માતુશ્રી. મનીષા અને હરેશકુમાર પ્રાણલાલ કામદારના સાસુ. અમેયના દાદી. પિયર પક્ષે સ્વ. સાંકળીબેન કેશવલાલ કામદારના દીકરી. સ્વ. શાંતિલાલ, સ્વ. કિરીટભાઇ, સ્વ. સવિતાબેન, સ્વ. ગુલાબબેન, સ્વ. વિજયાબેન, સ્વ. શારદાબેનના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે, પ્રાર્થનાસભા રાખેલ નથી.

સ્વ. દિપ્તીબેન અશ્વિનભાઇ તૈલી-રાજકોટ (ઉં. વ. ૪૦) તે રમાબેન તથા નરભેરામભાઇ ભગવાનભાઇ તૈલીના પુત્રવધૂ. અશ્વિનભાઇ તૈલીના ધર્મપત્ની. તૃપ્તિબેન હસમુખભાઇ તૈલીના ભાભી. દર્શી તથા જેનીલના મોટા મમ્મી અને નિરૂબેન તથા સ્વ. ગિરીશભાઇ જેઠાલાલ ગોવાણી (મોરબી)ના દીકરી તા. ૧૭-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બેસણું તથા પિયર પક્ષની સાદડી તા. ૧૯-૧૨-૧૨૫ના શુક્રવારે ૪થી ૫. ઠે. રામેશ્વર મંદિર દામજી મેપા પ્લોટ, શેરી નં.૪, પીપળીયા હોલની બાજુમાં, સહકાર મેઇન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**વડનગરા નાગર**

સૌ. રાજશ્રી દેસાઈ (ઉં.વ. ૭૩), તે રાજુલ એમ. દેસાઈનાં પત્ની. સુરીલ-સ્વરાનાં માતા. સીમા અને મયંકનાં સાસુમા. સમ્વિતનાં દાદી. આહાન અને આહિલનાં નાની. બુધવાર, તા. ૧૭મી ડિસેમ્બરે શ્રીહાટકેશચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભાઃ શનિવાર, ૨૦ ડિસેમ્બર સાંજે ૫થી ૭. ઠે. રોટરી સર્વિસ સેન્ટર, જુહુ તારા રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ) ખાતે રાખવામાં આવી છે.

**ઘોઘારી મોઢ વણિક**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ગોવિંદદાસ જગજીવનદાસ પારેખના ધર્મપત્ની ગં. સ્વ. પુષ્પાબેન (ઉં. વ. ૭૮) બુધવાર, તા. ૧૭-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે નિલેશ, નીલમ અને દીપાના માતુશ્રી. હેમા, અમિત અને કેતનના સાસુ. ક્રિશના દાદી. પરિતા, રાહુલ, ધ્રુવી અને હેતના નાની. સ્વ. વિમલાબેન અને સ્વ. અમૃતલાલની બહેન. તેમની પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મહુવા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. જયાબેન જયંતીલાલ મહેતાના સુપુત્ર અરુણભાઇ મહેતા (સરવૈયા) (ઉં. વ. ૭૪) તા. ૧૮-૧૨-૨૫ના ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. તે રેખાબેનના પતિ. પૂર્ણિમાબેન બીપીનભાઇ મહેતા, ભારતી પંકજ શાહ, બીના અતુલ ભગત અને મીના હિતેન ગાંધીના ભાઇ. રૂચી ચિરાગ મહેતા, દેવલ જોગેન શાહ, અમી પ્રણય મહેતા, ભાવિ ચિરાગ ઝાટકીયાના પિતાશ્રી. તાનિયા, સોહમ, દિયાનના નાના. નિતીનભાઇ મણીલાલ મોદી, અજયભાઇ, શોભના અને રીટાના બનેવી. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૦-૧૨-૨૫ના સાંજે ૪.૩૦થી ૬. ઠે. પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ).

**વિશા લાડ વાણિયા**

સ્વ. હંસાબેન હસમુખલાલ શાહ (ઉં. વ. ૮૮) મંગળવાર, તા. ૧૬-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ભાનુમતિ જયંતીલાલ પટેલના સુપુત્રી. હસમુખલાલ છગનલાલ શાહના ધર્મપત્ની. સમીર તથા અ. સૌ. સલોની વિનિત મજમુદારના માતુશ્રી. અ. સૌ. નમ્રતાના સાસુ. સ્વ. મહેન્દ્ર, સ્વ. દિનબાળા, સ્વ. સુરેશ, સ્વ. યોગેશ, સ્વ. ધનેશ, સ્વ. આશા, સુભાષ, અ. સૌ. નીલા રાજેન્દ્ર શાહના બેન. આદિત્ય તથા ચિ. અંજલીના દાદી. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**બાલાસિનોર દશાનિમા વણિક**

સ્વ. સુરેશચંદ્ર હાલ એ-૭૦૫, એએચસીએન બિલ્ડિંગ, શિમ્પોલી રોડ, બોરીવલી (વેસ્ટ)ના તે રમતીબેન તથા રમણલાલ કડકીયા (સીતારામ)ના સુપુત્ર. સ્વ. અનુરાધા કડકીયાના પતિ. સ્વ. લાલચંદ શેઠના જમાઇ. નિકેતા અને કેતનના પિતાશ્રી. રવિ અને દર્શનાના સસરા તા. ૧૭-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ)માં રવિવારે તા. ૨૧-૧૨-૨૦૨૫ના સાંજે ૪થી ૬, લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ ભાટિયા**

અ.સૌ. પુષ્પા રોહિત મર્ચન્ટ (ઉં.વ. ૬૯) તે રોહિતના ધર્મપત્ની. સ્વ. તરલાબેન જમનાદાસના પુત્રવધૂ. મિશિતના માતા. અશ્વિન, સ્વ. ઉર્મી ઉદયકાંત આશર તથા સંદીપના ભાભી. તે રતનશી ગોકુલદાસ મુલજી પાનવાલાની પુત્રી. તે અ.સૌ. સંગીતા સંદીપના જેઠાણી તા. ૧૭-૧૨-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા નીમા વણિક**

ઝાલોદ નિવાસી હાલ મલાડ, વિરેન્દ્રભાઈ નટવરલાલ દેસાઈ (ઉં. વ. ૮૦) ૧૭/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. કુમુદબેનના પતિ. નિકેશ, ઉન્નતિના પિતા. કૃતિકા તથા અજયના સસરા. મહેક તથા આદિના નાના. લૌકિક પ્રથા બંધ રાખેલ છે. ઠે ૬૦૧, ગંગાદીપ, ગોરસવાડી, જી બી રોડ, મલાડ વેસ્ટ.

**ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિ**

ગામ લીંબડી હાલ કાંદિવલી, ગં. સ્વ. પદ્માવતી લક્ષ્મીકાંત ભટ્ટ (ઉં. વ. ૮૯) તા. ૧૪.૧૨.૨૫ના કૈલાશવાસી થયેલ છે. તે સ્વ.લક્ષ્મીકાંત મયાશંકર ભટ્ટના પત્ની. આશિષ, હિરેનના માતા. દીપા, પૂર્વીના સાસુ. સ્વરા, સોહમના દાદી. પિયરપક્ષે લીંબડી નિવાસી હાલ અમદાવાદ અનિલભાઈ ચીમનભાઈ શુકલના મોટાબેન. તેમની પ્રાર્થનાસભા તા. ૨૦.૧૨.૨૫ શનિવારના ૪ થી ૬. પાવનધામ, પહેલે માળ, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

સ્વ. ત્રિવેણીબેન જીવરાજભાઈ સોનેજીના સુપુત્ર નવનીતભાઈ (ઉં. વ. ૬૬) ગામ અમરેલી, હાલ-કાંદિવલી, તા. ૧૬/૧૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે કીર્તિદાબેનના પતિ. વિનીત, પંક્તિ ધર્મેશ મણિયાર, જિજ્ઞા ધવલ શાહ, શ્રુતિ વૈભવ ત્રિવેદીના પિતાશ્રી. વિલાસબેન કિશોરકુમાર મણિયાર, હેમલતાબેન રમેશકુમાર જગડ, સરલાબેન જયંતકુમાર તેજાણીના ભાઈ. સ્વ. ધીરજલાલ વિઠ્ઠલદાસ ગરાચના જમાઈ. સ્વ. રમણિકલાલ હરિલાલ નિર્મલના ભાણેજ. પ્રાર્થનાસભા તા. ૧૯-૧૨-૨૦૨૫, શુક્રવારના ૫ થી ૭. સ્થળઃ હાલાઈ લોહાણા બાળાશ્રમ, અતુલ ટાવર પાસે, મથુરાદાસ રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**નાઘેર મોઢમાંડલીયા વણીક**

ગં.સ્વ. અંજનાબેન (લીલાબેન) સૂર્યકાંત શાહ તે સ્વ. પુષ્પાબેન વ્રજલાલભાઈ મૂછાળાના પુત્રી. ભાવના, રાજ, સચીનના માતુશ્રી. સમીરભાઈ, મિતલ, બંસરીના સાસુ. સાહીલ, નીસર્ગ, પીહાન, નીશીકાના નાની/દાદી તા. ૧૭/૧૨/૨૫ને બુધવાર શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૦/૧૨/૨૫ને શનિવાર સાંજે ૫ થી ૭. બાલકનજી બારી રાજાવાડી, ઘાટકોપર ઈસ્ટ.

## પારસી મરણ

વિરાફ બમનશાહ દલાલ તે દીલનવાઝ વિરાફ દલાલના ખાવીંદ. તે મરહુમો દીના તથા બોમનશાહ દલાલના દીકરા. તે પર્લના પપ્પા. તે સીઝરના સસરા. તે ઝીયા ને સીયાના ગ્રેન્ડ ફાધર. તે મરહુમો રોદા તથા દારબશાહ (બજી) ડ્રાઇવરના જમઇ. (ઉં. વ. ૭૩) રે. ઠે. બિલ્ડિંગ નં-૧૧, નાનાભાઇ ચેમ્બર્સ, રૂસ્તમ સીધવા માર્ગ, ફોર્ટ ફાયરબ્રિગેડની સામે, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૯-૧૨-૨૫ના બપોરે ૩.૪૫ કલાકે ફોર્ટ મધ્યે વાચ્છા અગિયારીમાં.

## જૈન મરણ

**જામનગર વિસા ઓશવાલ જૈન**

જામનગર હાલ ચર્ચગેટ, સ્વ. નાનાલાલ પ્રેમચંદ ઝવેરી અને સ્વ. દમયંતીબેન ઝવેરીના પુત્ર. સ્વ. પ્રવીણાબેનના ધર્મપતિ હસમુખભાઇ ઝવેરી તા. ૧૭-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. કલ્પનાબેન-જશવંતભાઇ, સુશીલાબેન, રશ્મીબેન અને સરોજબેનના ભાઇ. તથા હેમંતભાઇ અને કુંતલબેનના પિતાશ્રી. રૂપાલીબેન, સુનીલભાઇના સસરા. સ્વ. ધીરેન-માનસી, મેહુલ-ઉન્નતીના કાકા. પ્રિયા-હિદાંતના દાદા તથા પ્રિયલના નાના. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ અંધેરી સમરતબેન મણિલાલ શાહના સુપુત્ર કેશવલાલ શાહ (હકાણી) તે મનસુખલાલ મણીલાલ હકાણીના નાનાભાઇ. સૂરજબેન વિરચંદ શાહના ભાઇ (ઉં. વ. ૮૩) તા. ૧૭-૧૨-૨૫ના રોજ અવસાન પામેલ છે. તે જયાબેનના પતિ. કમલેશ, અતુલ અને બીન્દુના પિતા. અતુલકુમાર, ઇલાબેન, બીનાના સસરા. ભાવનગરવાળા નરોત્તમદાસ, દેવચંદ શાહના જમાઇ.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

વિંછીયા નિવાસી હાલ મલાડ કાંતિલાલ જીવરાજભાઈ માથુકિયા (ઉં.વ. ૯૬) તે લલીતાબેન કાંતિલાલ માથુકિયાનાં પતિ. સ્વ. ચુનીલાલ, સ્વ. ચંદ્રકાતભાઈ, સ્વ. ચંપકભાઈ, કાકુભાઈ તથા સુરેશભાઈ, સ્વ. લીલીબેન, મધુબેન તથા વિમળાબેનના ભાઈ. અલકા, મલકા, મનીષ તથા બંકિમના પિતા. હરેશકુમાર, ચેતના તથા મીતાના સસરા. હળવદ નિવાસી મગનલાલ પોપટલાલ શાહના જમાઈ. ઋષભ, દ્રષ્ટિ, સૃષ્ટિ તથા રવિના દાદા તા. ૧૭-૧૨-૨૫, બુધવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમરેલી નિવાસી હાલ ઘાટકોપર, લલિતકુમાર ઉમેદચંદ શાહ (હેમાણી) (ઉં.વ ૮૮) તે સ્વ. દક્ષાબેનના પતિ. બીનાબેન, હેમાંશુભાઈ, જીજ્ઞાબેનના પિતા. તે સંગીતાબેન, ભરતભાઈ, વિશાલભાઈના સસરા. સ્વ. હિંમતલાલ ગીરધરલાલ દોશીના જમાઈ. ઈન્દિરાબેન બાવીસી, સ્વ. વિનાબેન બદાણી, રંજનબહેન કામદાર, મધુકાંતાબેન દોશીના ભાઈ તા. ૧૮-૧૨-૨૫, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ મનફરાના સ્વ. શાંતિલાલ શામજી કાનજી સત્રા (ઉં.વ. ૫૩) મંગળવાર, તા. ૧૭-૧૨-૨૫ના અંબરનાથ મધ્યે અવસાન પામેલ છે. દિવાળીબેન શામજીના સુપુત્ર. સપનાના પતિ. કેયુરના પિતાશ્રી. નવીન, ગીતા, મુકેશ, નરેશના ભાઈ. કાનજી કરશન છેડાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૯-૧૨-૨૫, શુક્રવારે ૨થી ૩.૩૦. સ્થળઃ કરશન લધુ નિસર હોલ દાદર.

**ઝાલાવાડી વિસા શ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન**

રૂપાવટી (વિંછીયા) હાલ કલ્યાણ, સ્વ. મોહનલાલ સંવચદ શાહના સુપુત્ર વિનોદરાય (ઉં. વ. ૮૦) તા. ૧૮/૧૨/૨૫ ગુરૂવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રેમીલાબેનના પતિ. સ્વ. હિતેશ, કેતન, દિપાલીના પિતાશ્રી. જીજ્ઞા, નેહલ અને નિલેશકુમાર બાવીસીના સસરા. સ્વ. કાંતિલાલ, સ્વ. છોટાલાલ, સ્વ. સવિતાબેન, સ્વ. શારદાબેન, સ્વ. કમળાબેન, સુશીલાબેન, રસીલાબેન, હંસાબેનના ભાઈ. બોટાદ નિવાસી ફૂલચંદ કાળીદાસ સલોતના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વહેવાર સદંતર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રામાણીયાના ચંદ્રકાંત વીરજી શાહ/રાંભિયા (ઉં. વ. ૮૩) તા. ૧૫-૧૨-૨૫ના અવસાન પામ્યા છે. કસ્તુરબેન વીરજી વેરશીના સુપુત્ર. કુસુમબેનના પતિ. રાજુલ, જતિનના પિતાશ્રી. કિરીટભાઈ, શરદભાઈ, ચંદનબેન, નિતીનભાઈના ભાઈ. નાનબાઈ મોરારજી માલશી છેડાના જમાઈ. પ્રાર્થના : યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, દાદર-ઈસ્ટ. ટા. ૪ થી ૫.૩૦.

પુનડીના હરખચંદ રતનશી સંગોઇ (ઉં. વ. ૭૩) તા. ૧૬-૧૨ના અવસાન પામેલ છે. ગંગાબાઇ રતનશી કાંઇઆના પુત્ર. ચંદનબેનના પતિ. જીનેશ, અંકિતના પિતાશ્રી. જ્યોતિ, નાગજી, નવિન, પ્રભા, મંજુલા, જશવંતીના ભાઇ. ભોરારાના રતનબેન માવજી મોરારજીના જમાઇ. લીવર-કીડનીનું દાન કરેલ છે. પ્રાર્થના શ્રી માટુંગા શ્વે.મુ.જૈન મહાજનની નારાયણ શામજી વાડી, માટુંગા. ૧.૩૦ થી ૩.૦૦ વાગે.

કારાઘોઘા (હાલ કોટડા રોહા)ના ગં.સ્વ. જવેરબેન ઠાકરશી સાવલા (ઉં. વ. ૮૦) તા. ૧૦-૧૨-૨૦૨૫ને બુધવારના અરિહંતશરણ પામેલ છે. વજપાર ઉમરશી સાવલાના પુત્રવધૂ. ખેતબાઇ કુંવરજી રવજીના સુપુત્રી. કલ્પનાબેન, ગીતાના માતુશ્રી. સાકરબાઇ, વાલબાઇ, સુંદરબેન, ગુણવંતી દામજી, નવિન, દિનેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : ઝવેરબેન સાવલા, જય અંબે કો. સોસાયટી, ફ્લેટ નં. ૨૦૫, બીજે માળે, એમ.જી.રોડ નં. ૩, પટેલ નગરની સામે, કાંદીવલી (વેસ્ટ).

કોડાય (તા.માંડવી) રાજેશ પ્રવીણચંદ્ર લાલન (ઉં. વ. ૬૨) તા.૧૭-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લીલાવંતીબેન પ્રવીણચંદ્ર લાલનના પુત્ર. મંજુલાબેન ચંપકલાલ સાવલાના જમાઈ. છાયાબેન લાલનના પતિ. નિહાર, સૈયમના પિતા. હિતયશ મ.સા.ના સંસારી ભાઈ. સ્વ. અલ્પાબેન જયંતીલાલ ગડાના ભાઈ. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. કચ્છ મધ્યે તા.૨૦-૧૨-૨૫ના બપોરે ૩.૩૦ થી ૫.૦૦, કોડાય જૈન મહાજન વાડી મધ્યે રાખેલ છે. નિ. છાયા લાલન, છાયા નિવાસ, નવા નંબર, કોડાય, તાલુકો, માંડવી, કચ્છ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

# મેટિની



## કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી

# રણવીર પણ ધુરંધર સાબિત થયો...

### આદિત્ય ધરની આ ફિલ્મ નહોતી ધારી એવી ટંકશાળ સાબિત થઈ છે અને ચિત્રપટનાં વિવિધ પાસાની છણાવટ કરી પ્રશંસા થતી જોવા મળે છે એની સાથોસાથ સોશ્યલ મીડિયામાં તો અત્યારથી આ ફિલ્મની સિકવલની વાર્તાનો પિંડ શું હશે એની જાતભાતની કલ્પના સુધ્ધાં થઈ રહી છે!

'ઉરીઃ ધ સર્જીકલ સ્ટ્રાઈક'ના દિગ્દર્શક આદિત્ય ધરની 'ધુરંધર' ટોપ ગિયરમાં બોક્સ ઓફિસ પર દોડી રહી છે. આ લખાય છે ત્યાં સુધીમાં સ્વદેશમાં બોક્સ ઓફિસ કલેક્શન - વકરો ૪૨૫ કરોડ અને દુનિયાભરના કલેક્શનનો આંકડો ૬૩૦ કરોડને આંબી ગયો છે. આ દોડ ક્યાં જઈને અટકશે એનો આઈડિયા તો ખુદ આદિત્ય ધરને પણ નહીં હોય. ટૂંકમાં 'ધુરંધર' ખુદ ધુરંધર સાબિત થઈ છે. એક વાત નક્કી છે કે ક્રિકેટ હોય કે ફિલ્મ, પાકિસ્તાનને પછાડવાની, એને ભોંયભેગુ કરવાની, એને ધૂળચાટતું કરવાના પ્રયાસને હંમેશાં બહોળો આવકાર મળે છે. દુશ્મનના ઘરમાં ઘૂસી એને પતાવી દેવાનો એ કથાનું હાર્દ લોકોને બેહદ પસંદ પડ્યું હોવાની શક્યતા ભારોભાર છે.

એક તરફ ફિલ્મ બોક્સ ઓફિસ પર ગાજી રહી છે તો બીજી બાજુ સોશ્યલ મીડિયા પર પણ હોંકારા- પડકારા સંભળાઈ રહ્યા છે. ફિલ્મનું તો એવું છે કે કોઈને ગમે તો કોઈને ન ગમે. કોઈ તારીફના પુલ બાંધે તો કોઈ આકરી ટીકા પણ કરે. ફિલ્મ જોતા દર્શકના અને વિવેચકના ચશ્માંના નંબર અલગ અલગ હોય છે એ ફરી એક વાર સિદ્ધ થયું છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા અનેક લોકોએ સર્વાંગી રીતે આ ફિલ્મ વખાણી છે તો કેટલાક લોકોએ એને વખોડી સુધ્ધાં છે. થોડી બાધા- બાધી પણ થઈ છે. ફિલ્મની અનેક રસપ્રદ બાબતોની વિસ્તારપૂર્વક ચર્ચા - આલોચના થઈ છે જેમકે ડિરેક્શન ટોપ ક્લાસ છે, અક્ષય ખન્ના અફલાતૂન છે- રણવીર સિંહનો સંયમિત અભિનય લાજવાબ છે. નવોદિત સારા અર્જુનમાં ચમક છે સંજય દત્ત - અર્જુન રામપાલ - આર. માધવન - રાકેશ બેદીનું પર્ફોર્મન્સ દમદાર છે એમ ફિલ્મનું મ્યુઝિક પણ પાવરફુલ છે, વગેરે વગેરે.

અક્ષય ખન્નાના પરફોર્મન્સની ચોરે ને ચૌટે ચર્ચા થાય છે, પણ એ વાત ન ભૂલવી જોઈએ કે ફિલ્મનું કેન્દ્રવર્તી આક્રમક પાત્ર હોવા છતાં રણવીરે સંયમને અમોઘ હથિયાર બનાવી પાત્રને ચાર ચાંદ લગાવી દીધા છે. 'ગલી બોય'ને અહીં દોડવા માટે હાઈ- વે મળી ગયો છે અને એ ફિલ્મનો ધુરંધર (શબ્દકોશ અનુસાર ધુરંધર એટલે ઉત્તમ, શ્રેષ્ઠ, સર્વોપરી, ભવ્ય. હરકોઈ કામ કરવામાં સમર્થ) સાબિત થયો છે. આ સિવાય બીજી બે- ચાર રસપ્રદ વાત પણ બહાર આવી છે...

ફિલ્મ રિલીઝ કરવામાં શુકન કે નસીબને અનેક લોકો મહત્ત્વ આપતા હોય છે. કોઈ કલાકાર ઈદ વખતે તો કોઈ દિવાળી અથવા ક્રિસમસની રજામાં તો કોઈ ૧૫ ઓગસ્ટ વખતે ચિત્રપટ રજૂ થાય એવો આગ્રહ રાખતા હોય છે. હવે આ નસીબવંતા પેકેજમાં ડિસેમ્બર રિલીઝ જોડાઈ જશે તો નવાઈ નહીં લાગે. વાત એમ છે કે ડિસેમ્બરમાં રિલીઝ થઈ ભવ્ય સફળતા મેળવનારી 'ધુરંધર' ત્રીજી ફિલ્મ છે. પહેલી ડિસેમ્બર, ૨૦૨૩ના દિવસે 'એનિમલ' રિલીઝ થઈ હતી અને એના દેશ - પરદેશના કલેક્શનનો સરવાળો ૯૧૦ કરોડ હતો. ત્યારબાદ પાંચ ડિસેમ્બર, ૨૦૨૪માં 'પુષ્પા ૨: ધ રુલ' આવી અને ભારતમાં અને ભારત બહારથી 'એનિમલ' કરતા બમણો વકરો (૧૮૦૦ કરોડ) કરવામાં સફળ રહી. 'ધુરંધર' ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના દિવસે રિલીઝ કરવામાં આવી હતી અને એની દોડ હજુ અવિરત ચાલુ છે. ફિલ્મ રિલીઝ માટે ડિસેમ્બરની ડિમાન્ડ વધવાની સંભાવના નકારી ન શકાય.

છેલ્લાં કેટલાંક વર્ષથી પેન ઈન્ડિયા ફિલ્મો બનાવવાનું ચલણ વધ્યું છે. સાઉથની ચાર ભાષા (તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ)માંથી કોઈ એક ભાષામાં બનતી ફિલ્મ બાકીની ત્રણ તેમજ હિન્દીમાં ડબ કરી વધુ દર્શકો સુધી પહોંચાડવાની કોશિશ કરવામાં આવે છે. આ બધા વચ્ચે યાદ રહે કે 'ધુરંધર' ફક્ત હિન્દીમાં જ બની છે. સોશ્યલ મીડિયા પર 'ધુરંધર' સાઉથની ચારેચાર ભાષામાં ડબ કરી રજૂ કરવાનો આઈડિયા વહેતો થયો છે. ફિલ્મના રાઈટ્સ માટે ખાસ્સી ખેંચતાણ થયા પછી તેલુગુમાં ડબિંગ થઈ ગયું છે અને રિલીઝ થવાની તૈયારીમાં છે એવી બાતમી છે. તેલુગુ વર્ઝન માટે કેવો પ્રતિસાદ મળે છે એ જોયા પછી કદાચ અન્ય ભાષા માટે નિર્ણય લેવાય તેવી સંભાવના છે.

'કટપ્પાને બાહુબલી કો ક્યોં મારા?' ટેગલાઈન 'બાહુબલી ૨' માટે અસીમ ઉત્સુકતા વધારવામાં અને એને બોક્સ ઓફિસ પર ધૂંઆધાર સફળતા અપાવવામાં મહત્ત્વનું કારણ બની હતી. એ જ કેડી પર 'ધુરંધર' આગળ વધી ૧૯ માર્ચ, ૨૦૨૬ના દિવસે રિલીઝ થનારી સિક્વલમાં રણવીર સિંહનું પાત્ર પણ મૃત્યુ પામશે એવી અટકળો સોશ્યલ મીડિયામાં વહેતી થઈ છે કે વહેતી મૂકવામાં આવી છે. કેટલાક સ્માર્ટ દર્શકો - ચાહકોએ એ વાત પર ધ્યાન દોર્યું છે કે 'ધુરંધર'માં રણવીરનું પાત્ર અંડરકવર એજન્ટ (ગુપ્ત રહી સંસ્થા કે દેશના હિતમાં કામ કરતી વ્યક્તિ) હમઝા અલી મજારી તરીકે જોવા મળે છે, પણ અંતમાં એનું સાચું નામ જશકિરત સિંહ રંગી છે. ફિલ્મ રસિયાઓએ વધુ ખણખોદ કરી જાણકારી આપી છે કે આદિત્ય ધરની 'ઉરીઃ ધ સર્જીકલ સ્ટ્રાઈક'માં જશકિરત સિંહ રંગી નામના લશ્કરી અધિકારીનો ઉલ્લેખ આવે છે, જે લડાઈમાં શહીદ થાય છે. આને આધારે રણવીર સિંહનું પાત્ર સિક્વલમાં મૃત્યુ પામશે એવું અનુમાન કરવામાં આવ્યું છે.

આ સિવાય કલ્પનાના ઘોડા છુટ્ટા મૂકી ફિલ્મ ચાહકોએ પોતાની મતિ અનુસાર તૈયાર કરેલો વાર્તાનો પિંડ કંઈક આવો છેઃ એક અનુમાન એવું છે કે જશકિરત સિંહ એના નવા ટાર્ગેટ 'બડે સાહબ'ને ખતમ કરવામાં સફળતા મેળવે છે પણ એ ઓપરેશનની સફળતા પછી અવસાન પામે છે. 'ધુરંધર'માં એસપી ચૌધરી અસલમ (સંજય દત્ત) બે- ચાર વાર 'બડે સાહબ'નો ઉલ્લેખ કરે છે, પણ એ વ્યક્તિ કોણ છે એ નથી દર્શાવવામાં આવ્યું. દર્શકોની પારખુ નજરે સિક્વલની સ્ટાર કાસ્ટમાં દાઉદ ઈબ્રાહિમનું પાત્ર દાનિશ ઇકબાલ નામનો એક્ટર ભજવતો હોવાનું પકડી પાડ્યું છે. એટલે 'બડે સાહબ' દાઉદ અથવા આતંકવાદી મસૂદ અઝહર હોઈ શકે છે. ૧૯૯૯માં ઈન્ડિયન એરલાઈન્સનું વિમાન મસૂદ અઝહરને છોડાવવા જ હાઈજેક કરવામાં આવ્યું હતું.

બીજી સંભાવના એ વ્યક્ત થઈ છે કે મિશન પાર પાડી એ ભારત પાછો ફરી લશ્કરમાં જોડાયછે અને અણધાર્યા હુમલામાં માર્યો જાય છે. ત્રીજી અટકળ અનુસાર એ દુશ્મન પ્રદેશમાં અંદર અંદર ઘૂસી અન્ય મિશન પાર પાડે છે. ટૂંકમાં રણવીર સિંહના પાત્રનું શું થશે એ કુતૂહલ લોકોને ઘેરી વળ્યું છે અને એ સિક્વલને સડસડાટ દોડાવવામાં મુખ્ય ભાગ ભજવી શકે છે. ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### ધૂંઆધાર રેકોર્ડસ સર્જી રહ્યું છે 'ધુરંધર'



આદિત્ય ધર

રણવીર સિંહ અને અક્ષય ખન્નાની આ 'ધુરંધર' હવે બોલિવૂડની ઓલ ટાઈમ બ્લોક બસ્ટર તરીકે જાહેર થઇ ગઈ છે. આદિત્ય ધરની આ 'કમાલ' બોક્સઓફિસ પર તો ધમાલ મચાવી જ રહી છે, પરંતુ આ ફિલ્મે રેકોર્ડ બુક્સમાં પણ પોતાનું નામ બીજી રીતે નોંધાવી દીધું છે. વળી, આ રેકોર્ડ પણ સાવ અનોખો છે. આ રેકોર્ડ જાણવા પહેલાં થોડાં નીતિનિયમો જાણીએ.

વાત એમ છે કે છેલ્લાં અમુક વર્ષથી મલ્ટિપ્લેક્સ ચેઈન્સમાં દર મંગળવારે ટિકિટના દર ફક્ત ૯૯ રૂપિયા રાખવામાં આવે છે. પછી એ મંગળવાર અગાઉના શુક્રવારે આવેલી નવી ફિલ્મ હોય તો પણ ટિકિટ ૯૯ રૂપિયા જ રાખવામાં આવે છે. આમ કરવાથી જે લોકો મલ્ટિપ્લેક્સથી દૂર રહે છે એમને એક દિવસ ફાયદો મળી રહે છે અને સ્ક્રિન્સ પણ ફૂલ રહે છે. તો આ છે નિયમ...

હવે 'ધુરંધર' બે વિક (આજે ત્રીજું વિક બેઠું) જૂની થઇ ગઈ છે એટલે બે મંગળવાર આવી ગયાં છે, પરંતુ, ફિલ્મનાં નિર્માતાઓનાં નિર્ણય અનુસાર આ બંને વિકમાં આવેલાં બંને મંગળવારે ટિકિટોનાં રેગ્યુલર ભાવ જ રાખવામાં આવ્યાં હતાં. આ ઘટના એક રેકોર્ડ છે. આ અગાઉ બે ફિલ્મ એવી આવી ગઈ છે, જેમાં માત્ર એક મંગળવારે ટિકિટોનાં ભાવ ઘટાડવામાં આવ્યાં ન હતાં.

આ જ વર્ષે આવી ગયેલી બે ફિલ્મ 'રેઇડ ૨' અને 'સિતારે ઝમીન પર'નાં ફક્ત એક મંગળવારે ટિકિટનાં ભાવ ઘટાડવામાં આવ્યાં ન હતાં.

આમ 'ધુરંધરે' ટિકિટબારી પર આ એક નવો રેકોર્ડ સ્થાપિત કરી દીધો છે. જે રીતે ફિલ્મ જોવા હજી પણ પડાપડી થઇ રહી છે અને લોકો રિપીટ જોઈ રહ્યાં છે એટલે શક્યતા એવી છે કે ત્રીજા મંગળવારે પણ ટિકિટનાં ભાવ ઘટશે નહીં.

### દોઢ દાયકે બે-બે પુનર્મિલન



પ્રિયદર્શન

કોઈ એક્ટર અને ડિરેક્ટર વચ્ચે ઘણીવાર ખૂબ સરસ કેમિસ્ટ્રી બેસી ગઈ હોય તેમ છતાં એ બંને વર્ષો સુધી એક સાથે ફિલ્મો કરે નહીં એવુંય બનતું હોય છે. આવી જ એક જોડી છે અનીસ બઝમી અને અક્ષય કુમારની. 'વેલકમ'માં આ બંનેની જોડી એવી જામી ગયેલી કે આજે પણ 'વેલકમ' ફિલ્મ કલ્ટ ક્લાસિક ગણાય છે. છેલ્લે ૨૦૧૦માં આ બંનેએ એક સાથે 'થેન્ક યુ' ફિલ્મ કરી હતી.


ત્યાર પછી ન જાણે શું થયું કે બંને સાથે આવ્યા જ નહીં.

હાલમાં અનીસ બઝમીએ આ બાબતનો ખુલાસો કરતાં કહ્યું કે, એ બન્ને એકબીજાં સાથે સંપર્કમાં તો હતાં, પરંતુ કોઈ સ્ક્રિપ્ટનો મેળ પડતો ન હતો. હવે બંનેને એક સ્ક્રિપ્ટ ગમી છે અને આવતે વર્ષે બંને એક સાથે એક કોમેડી ફિલ્મ બનાવશે. 'આ ફિલ્મ કોઈ તેલુગુ ફિલ્મની રિમેક છે કે કેમ?' આ પ્રશ્નનો જવાબ બઝમીએ ટાળી દીધો હતો!.

આવી જ રીતે ૨૦૧૦માં જ અજય દેવગણ અને અક્ષય ખન્નાની ફિલ્મ 'આક્રોશ'માં એ સમયે સંઘર્ષ કરી રહેલાં પંકજ ત્રિપાઠીને પ્રિયદર્શને ડાયરેક્ટ કર્યા હતા. એ પછી આ બંને ભેગાં થયાં જ નહીં. વચ્ચે જ્યારે 'હેરાફેરી ૩'માંથી પરેશ રાવલે નીકળી જવાનો નિર્ણય કર્યો હતો ત્યારે એમનાં રિપ્લેસમેન્ટ તરીકે પંકજ ત્રિપાઠીનું નામ સામે આવ્યું હતું, પરંતુ પરેશભાઈ પરત આવી ગયાં ને વાત ત્યાં જ અટકી ગઈ.

જોકે હવે પ્રિયદર્શને ખુદે જણાવ્યું છે કે એ 'હેરાફેરી' અને 'દે ધનાધન' જેવી ધમાકેદાર કોમેડી ફિલ્મ બનાવી રહ્યાં છે અને તેમાં મુખ્ય નહીં તો મહત્ત્વની લાંબી ભૂમિકા પંકજ ત્રિપાઠી ભજવશે. આમ દોઢ દાયકા પછી ડાયરેક્ટર અને એક્ટરની બે મસ્ત મજાની જોડી ફરીથી એક સાથે આપણને સ્ક્રિન પર જોવા મળશે.

### શિલ્પાની પાછળ પડી ગયો શનિ!



જ્યારથી શિલ્પા શેટ્ટીના પતિની 'પેલી ફિલ્મો' બનાવવાના આરોપસર ધરપકડ થઇ છે ત્યારથી શિલ્પાને કોઈ વાતે સીધું ઊતરતું નથી. જાણે એને શનિની સાડા સાતી લાગી છે...

હાલમાં જ 'ઈ. ઓ. ડબ્લ્યુ' (આર્થિક અપરાધની વિંગ) એ આ પતિ-પત્નીને પૂછપરછ કરવા પોતાની ઓફિસે બોલાવ્યાં પછી બન્નેને થકવી નાખે એવી ઊલટતપાસ લીધી.

એમાંથી માંડ કામચલાઉ છુટકારો થયો ત્યાં હવે મુંબઈથી દૂર છેક બેંગલુરુથી પણ શિલ્પા માટે મોંકાણના સમાચાર આવ્યાં છે. વાત એમ છે કે બેંગલુરુમાં શિલ્પાનું 'બાસ્ટીયન' નામનું રેસ્ટોરન્ટ ચાલે છે. હમણાં આ રેસ્ટોરન્ટમાં કોઈને કોઈ બાબતે કોઈ સાથે ઝઘડો થયો. આમ તો એ ઝઘડો તો કોઈનો અંગત હતો, પણ પોલીસે રેસ્ટોરન્ટ પર એમ કહીને કેસ કર્યો કે તે નિયમ કરતાં મોડે સુધી ઊઘાડી હતી, જે નિયમ વિરુદ્ધ હતું.!

હવે બેંગલુરુ પોલીસે શિલ્પાનાં એ રેસ્ટોરન્ટ વિરુદ્ધ ફરિયાદ નોંધીને શિલ્પાને સમન્સ ફટકારી દીધાં છે... કહે છે ને કે મુસીબત ત્રાટકે ત્યારે દસે દિશાથી જ ત્રાટકે ... ■

### કટ એન્ડ ઓકે..




*'બોર્ડર-૨'નાં ટિઝરમાં જોવા મળતું નબળું વીએફએક્સ ક્યાંક આ એપિક સિકવલની મજા ન મારી નાખે!*



## સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# સત્ય પોતાના આત્મામાં છુપાયેલું હોય છે, બીજાનાં અભિપ્રાયોમાં નહીં...

'મળે સૂર જો તારો મારો', આ શીર્ષક જે કોઈ નાટ્ય હિતેચ્છુઓને જણાવ્યું તો એમને ગમ્યું. નાટક લગભગ તૈયાર પણ થઈ ગયું. આટલાં પ્રોસેસ દરમિયાન પેલાં લેણાં ૩૦૦૦૦/-માટે મારો 'સૂર' તુષારભાઈ સામે ન નીકળ્યો. ખેર, અત્યારે 'નાટક' મારી અગત્યતા હતી.

નાટક સરસ તૈયાર થતું ગયું. જી.આર. શરૂ થવાની તૈયારી હતી ત્યાં જયુકાકા (જયંત વ્યાસ)એ બૉમ્બ ફોડ્યો. જો કે એ બૉમ્બની મને આછેરી જાણ થઇ ગયેલી. એમનું આવવું થોડું અનિયમિત, વચ્ચે એક બે દિવસની 'ગાપચી'. વડીલ હતાં, મને દીકરો ગણતાં એ વાત બરાબર પણ નાટક જયારે જી.આર. સુધી પહોંચવાની તૈયારીમાં હોય ત્યારે એમનું આવું વર્તન, મને છેલ્લે છેલ્લે નાની-મોટી તૈયારીમાં ખેંચ પહોંચાડતું. એમનો પાડ કે એ સ્પષ્ટવક્તા બન્યાં (કદાચ એમનું બધું ફાઈનલ થયું હશે એ પછી કહ્યું હોય).

'દાદુ, રાજેશનાં રિહર્સલ શરૂ થઇ ગયા છે. હું એમાં કામ કરું છું.' મને સહેજ ઝટકો તો લાગ્યો. પોતાનાં કમીટમેન્ટની વાત કરી. દુઃખ થયું પણ ગમ્યું એ કારણે કે બની શકે તો એક જ વ્યક્તિ બનો, જાહેરમાં અને ખાનગીમાં પણ, ગમવાનું કારણ એમનું સાચું જાહેરમાં કહી દેવું. મારી તો ઇચ્છા હતી કે જયુકાકા સાથે નાટ્ય સફર લાંબી રહે અને નાટક પૂરું પોલીશ્ડ થઈ જાય રાજેશ જોશીનું નાટક ફ્લોર પર જાય ત્યાં સુધીમાં. ખરેખર! હળવું ફૂલ છે આ જીવન, વજન આપણી ઈચ્છાઓનું હોય છે. એક તો હું 'જાડો' અને ઇચ્છાઓએ જાણે વજન વધારી દીધું.

જયુકાકા કહે, 'તારું નાટકનું મારી સાથે જ સરસ ઓપનિંગ થશે. રાજેશે હજી શરૂ કર્યું છે, એ રિલીઝ થશે ત્યાં સુધીમાં તો આપણા ઘણાં શો થઇ જશે.' એમણે દડો મારા પટમાં નાંખી દઈ સમયનો દાખલો દઈ દીધો કે 'એનાં નાટકને સમય લાગશે'.

માન્યું, સમય જીવનનું મહત્ત્વ જણાવે છે, પણ જીવન જણાવે છે કે સમય સૌથી કિંમતી છે. મારે કેટલો સમય અભિનયથી દૂર રહેવું એ નક્કી ન કરી શકાય. મારે કહેવું પડ્યું કે, 'કાકા, બે દિવસ પછી જી.આર. શરૂ થશે એ દરમિયાન...'

મારી વાત કાપતાં એ બોલ્યાં. 'એથિક્સ જાળવવા જ મારે રાજેશનું નાટક કરવું પડે. મેં, તું બેન્કમાં આવેલો ત્યારે સ્પષ્ટ કહ્યું જ હતું ને?' વડીલને હું શું કહું? એમણે વાત કરેલી પણ જી.આર. સુધીની મજલ કાપ્યાં પછી જાણ થાય એ મારે માટે થોડું વસમું હતું. હું વિચારે ચડી ગયો.

નાટકની 'બારીકી' ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનાં સમયે આવી વાત તો ભલભલાને વિચારે ચડાવી દે. સૌથી મોટી લડાઈ માણસ પોતાનાં વિચારો સાથે લડતો હોય છે, સંજોગો સાથે સમાધાન જ કરવું પડે. એમની વાત સ્વીકારી લઈ સમાધાન સિવાય કોઈ પર્યાય નહોતો.

ખેર! આ વાત સાથી કલાકારો વચ્ચે જ થઈ હતી. એક-બે કલાકારોએ તો કહી દીધું, 'દાદુ, તમે જ ગોઠવાય જાવ, જયુકાકા સાથે ક્લિયર વાત કરી લો ને'... પણ હું કઈ રીતે જયુકાકાને કહી શકું? નાટક લેતા પહેલાં એમણે વાત ક્લીયર કરેલી. ઓફકોર્સ, એ સ્પષ્ટતા એમણે ડિપ્લોમેટિક રીતે - મુત્સદીગીરી સાથે કરેલી, પણ તો ય મેં એ સ્વીકારી. એમનાં રાજેશ માટેના એથિક્સ જાળવતાં હોય તો મારે પણ જાળવવાં પડે. આ તબક્કે હું સ્વાર્થી બની કહી ન શકું કે, 'કાકા, તમે એ રાજેશનું જ નાટક કરો.'

બુદ્ધિમાંથી જન્મે તે સ્વાર્થ, હૃદયમાંથી જન્મે તે ભાવ. મેં બુદ્ધિની વાત છોડી મનની વાત માની અને મારી 'બા'ની વાત મગજમાં દોહરાવી, પડશે તેવા દેવાશે.

નાટકનાં જી.આર. શરૂ થયાં. ઉલ્હાસ સુર્વે તરફથી સેટ તૈયાર હતો. જી.આર. હિન્દુજા થિયેટરમાં હતું. નાટકનો સેટ ભલે ઉલ્હાસે તૈયાર કર્યો, પણ નાટકની લાઈટ ડિઝાઈન અને ઓપરેટિંગનું કામ મેં શૈલેશને આપ્યું.(એ હયાત નથી) સેટિંગનાં કામની મારાથી શરૂઆત કરનાર પ્રવીણ ભોસલેનો એ પાર્ટનર. મારાં મનને થોડો સંતોષ રહે કે મેં એનું એક 'કવર' તો ચાલુ રાખ્યું.

જી.આર. શરૂ થઈ ગયાં. જયુકાકાએ રાજેશ જોશી સાથે શું વાત કરી હશે એ એમને ખબર પણ મારાં જી.આર.માં સમયસર આવતાં. ક્યારેક તો બીજા કલાકારો કરતા પહેલાં પણ આવી જતાં. જયુકાકા ક્યારે રાજેશનાં નાટકમાં જતાં રહેશે અને ક્યારે મારે એ પાત્રનાં ખોળિયામાં પ્રવેશ કરવો પડશે એ બધું અનિશ્ચિત હતું. દુઃખ તો હતું જ.! કહે છે કે સ્વયંનું દુઃખ અને બીજાનું સુખ કોઈની કદી ગણતરી કરવી નહીં. મેં પણ બધા વિચારોને રજા આપી પૂરું ધ્યાન નાટક ઉપર કેન્દ્રિત કર્યું.

આનંદ મસ્વેકરનાં મરાઠી નાટકનું રૂપાંતર દિનેશ કોઠારીએ ગુજરાતી માહોલને અનુરૂપ કરેલું. હસમુખ મગીયા (હયાત નથી) જેમની સાથે મેં ચિનગારી નાટક કરેલું. એ અમારાં ગ્રાન્ડ રિહર્સલમાં આવ્યાં. જાન્યુઆરીના આખરી સપ્તાહનાં એક શો માટે. જી.આર. નાં ચાર દિવસ પછીની એ તારીખ હતી. ચામુંડા જવેલર્સ માટેનો એ સોલ્ડ-આઉટ શો હતો. શો ઓપન-એર, ગ્રાઉન્ડમાં કરવાનો હતો. મનમાં શો માટે 'હા' પાડવામાં થોડી અવઢવ હતી કે પહેલો જ શો અને એ પણ ખુલ્લામાં? સાથી કલાકારોએ મળીને મને પોરસ ચડાવતાં કહ્યું, 'હા પાડી દો દાદુ. આપણે એમ માનીશું કે એક ફાઈનલ જી.આર. આપણે વધુ કર્યું.' જયુકાકાએ પણ ટાપસી પુરાવતા કહ્યું, 'દીકરા, લઈ લે શો...મારે નાટક સાથે 'સેટ' થતાં વાર લાગે છે. મારે માટે આ શો એક રિયાઝ થઇ રહેશે.'

મેં કહ્યું કે, 'કાકા, લોકો શું કહેશે? પહેલો જ શો ઓપન-એરમાં કરવો પડ્યો? થિયેટર ન મળ્યું?'

જયુકાકાએ જવાબ આપ્યો, 'બેટા, સત્ય હંમેશાં પોતાનાં આત્મામાં છુપાયેલું હોય છે, લોકોનાં અભિપ્રાયોમાં નહીં. આપણું નાટક સારું બન્યું છે એ સત્ય છે માટે અચકા નહીં.'

...અને આવેલ હસમુખ માગીયાને મેં શો કરવા માટે હા પાડી દીધી. ■

**ડબ્બલ રિચાર્જ**

ગાડી ચલાવતાં ભુરાને આર.ટી.ઓ. એ રોક્યો..
આર.ટી.ઓ. : આ શું? સીટ બેલ્ટ બાંધો..
ભૂરોઃ સીટ બેલ્ટની ક્યા મેથી મારો છો...રસ્તા રિપેર કરો.. ઘરે જઈને કમરનાં બેલ્ટ બાંધવા પડે છે.

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# હિન્દી ફિલ્મ સંગીતમાં અરેબિકનું માધુર્ય

## ‘ધુરંધર’માં અક્ષય ખન્નાનો ડાન્સ અને એની ધૂન પર દર્શકો ઝૂમી ઊઠ્યા છે. અરેબિક શૈલીનો ઉપયોગ છેક ૧૯૪૦ - ૫૦ના દાયકામાં શરૂ થયો હતો...



‘આવારા’નું ‘ઘર આયા મેરા પરદેસી’



‘મર્ડર’નું ‘કહોના કહો’

‘ધુરંધર’ને મળેલી અદ્ભુત સફળતામાં જે રસાયણોનો ફાળો છે એમાં એક મહત્ત્વનું અને ખૂબ ચર્ચામાં રહેલું કારણ ગણાય છે અક્ષય ખન્નાનો ડાન્સ. ફિલ્મમાં ગેંગસ્ટર રેહમાન ડકૈતનું પાત્ર ભજવતા અક્ષયનો ડાન્સ ૧૯૭૭માં આવેલી ‘આપ કી ખાતિર’ના ગીત ‘બમ્બઈ સે આયા મેરા દોસ્ત, દોસ્ત કો સલામ કરો’માં વિનોદ ખન્નાએ કોરિયોગ્રાફરની મદદ વિના કરેલા ફ્રીસ્ટાઇલ ડાન્સની તો યાદ અપાવે છે અને આધુનિક સંદર્ભની જાણકારી અનુસાર અક્ષયનો ડાન્સ Fa9la (ઉચ્ચારઃ ફસ્લા) તરીકે ઓળખાય છે, જેનો અર્થ પાર્ટી કે મોજ ઉડાઓ એવો થાય છે. આ ડાન્સ ગીતની પહેલી પંક્તિ છે : યાસ્સી દૂસ દૂસ ઈન્દી ખોશ ફસ્લા ...

અરેબિક રૅપ, બેહરીન હિપ - હૉપ, ખલીજી રિધમ (અખાતના પ્રદેશનું સંગીત) અને ભારતીય તબલાનું મિશ્રણ ધરાવતું આ ગીત સ્ટેજ પર Flipperachi નામથી પ્રખ્યાત બહરીન (પશ્ચિમ એશિયાનો ટાપુ દેશ)ના રૅપર હુસામ અસીમની કમાલ છે. Fa9la રૅપ સોન્ગ ૨૦૨૪માં તૈયાર થયું હતું અને સંગીતકાર શાશ્વત સચદેવએ એનો ઉપયોગ ‘ધુરંધર’માં કર્યો છે. એની હાજરીને કારણે રૅપરને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત થઈ છે.

બહરીનની સત્તાવાર ભાષા અરેબિક હોવાથી એના ગીત - સંગીતમાં અરેબિકનું પ્રભુત્વ હોય એ સ્વાભાવિક છે. હિન્દી ફિલ્મ સંગીતમાં અરેબિક સંગીતની હાજરી પ્રમુખપણે ૧૯૪૦ - ૫૦ના દાયકામાં થઈ હોવાની જાણકારી મળે છે. Umm Kulthum નામના ઈજિપ્શિયન ગાયિકાના અરેબિક સોન્ગ Ala Baladi Elmahboob પરથી પ્રેરણા લઈ શંકર જયકિશને ‘આવારા’નું ‘ઘર આયા મેરા પરદેસી’ની ધૂન તૈયાર કરી હતી અને લતાજીએ એ ગીત ગાયું હતું.

આકરા સ્વભાવના સંગીત દિગ્દર્શક સજ્જાદ હુસેન માટે લતા મંગેશકરને આદર હતો. એક ઈન્ટરવ્યૂમાં દીદીએ કહ્યું હતું કે ‘સજ્જાદ સાહેબને અરેબિક સંગીત પ્રત્યે ખૂબ લગાવ હતો. પોતાના સ્વરાંકનમાં ગાતા ગાયકો એ શૈલીમાં ગાય તેવો તેમનો આગ્રહ રહેતો. મેં એકવાર તેમને કહ્યું કે અરેબિક સ્ટાઈલમાં કેમ ગવાય એ મને નથી આવડતું, એમણે મને સમજાવ્યું. તમે માનશો? સજ્જાદ સાહેબે ખુદ ગાઈને સમજાવ્યું કે આમ ગાવાનું. મોટાભાગના ગાયકો જે રીતે આલાપ લેતા એ એમને પસંદ નહોતું. મુલાયમ સ્વરમાં ગીત ગવાય એને એ પ્રાધાન્ય આપતા. સ્વર સહજભાવે ગળામાંથી નીકળવો જોઈએ, એને માટે કોશિશ કરવી પડે છે એવું ન લાગવું જોઈએ એવી એમની દલીલ હતી.’



‘ધુરંધર’માં અક્ષય ખન્નાનો અફલાતૂન ડાંસ

યાદ કરો જાં નિસાર અખ્તરે લિખિત ‘રુસ્તમ સોહરાબ’ (૧૯૬૩) ફિલ્મનું લતા મંગેશકરના સ્વરમાં ‘અય દિલરુબા દિલરુબા’ ગીત. શરૂઆત મુલાયમ આલાપથી થાય છે અને આખા ગીતમાં ઓછા વાજિંત્રોનો ઉપયોગ અને વિશેષ તો એની લઢણ હૃદયને સ્પર્શી જાય છે. ગીત પૂરું થતા ‘અય દિલરુબા’ આલાપ તમારી સ્મૃતિનો અભિન્ન હિસ્સો બની જાય છે. અરેબિક શૈલીના આ ગીતના સંગીતકાર હતા સજ્જાદ હુસેન. અરેબિક શૈલીના મુલાયમ સંગીતમાં ગજબનું માધુર્ય હોય છે.

અરેબિક ધૂન પર આધારિત હિન્દી ફિલ્મોમાં સામેલ કરવામાં આવેલા કેટલાંક જાણીતાં ગીતો પર નજર ફેરવતા એક વાત ઊડીને આંખે વળગે છે કે કેટલાક ગીતની શરૂઆતમાં જે શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે એમાં એના અર્થ કરતાં લયનું મહત્ત્વ હોવાની પ્રતીતિ થાય છે. ‘કાલી ટોપી લાલ રૂમાલ’ ફિલ્મમાં ગીત હતું ‘દગા દગાવઈ વઈ વઈ’ (ગીતકાર મજરૂહ, સંગીતકાર ચિત્રગુપ્ત) જે અરેબિક ટ્યુન પર આધારિત હતું. ગીતના પ્રારંભમાં આવતા ‘વઈ વઈ વઈ’ શબ્દોનો કોઈ ચોક્કસ અર્થ નથી. એવું જ ‘સરગમ’ (૧૯૫૦)ના ‘મૌસમ - એ - બહાર’ ગીતમાં આવતા ‘યાર વઈ વઈ’ વિશે પણ કહી શકાય. દેવ આનંદ - આશા પારેખની ‘જબ પ્યાર કિસી સે હોતા હૈ’ (૧૯૬૧)માં એક ગીતની શરૂઆત ‘સીતો પીતો રીતો, સીતો પીતો રીતો’ (ગીતકાર હસરત જયપુરી, સંગીતકાર શંકર - જયકિશન) શબ્દોથી થાય છે જેનો કોઈ જ અર્થ નથી. ‘શાન’ના ‘યમ્મા યમ્મા, યે ખૂબસૂરત સમા’ (ગીતકાર આનંદ બક્ષી, સંગીતકાર આર. ડી. બર્મન) ગીતમાં પણ યમ્મા યમ્મા શબ્દોનો કોઈ જ અર્થ નથી. આવા બીજા પણ કેટલાક ઉદાહરણ હશે.

અલબત્ત, એવાં પણ કેટલાંક ગીતો છે જેમાં શરૂઆતમાં આવતા શબ્દો લય ઉપરાંત અર્થ પણ ધરાવે છે. ‘શોલે’નું ગીત યાદ કરો ‘મેહબૂબા મેહબૂબા’ (ગીતકાર આનંદ બક્ષી, સંગીતકાર આર. ડી. બર્મન)માં પ્રારંભિક શબ્દોમાં પ્રિયતમાનો સંદર્ભ છે. ‘કુરબાની’નું ‘લૈલા ઓ લૈલા’ (ગીતકાર ઈન્દીવર, સંગીતકાર કલ્યાણજી આનંદજી), ‘ગુરુ’નું ‘મઈયા મઈયા ’ (ગીતકાર ગુલઝાર, સંગીતકાર એ. આર. રેહમાન) તેમજ ‘અલીબાબા ઔર ચાલીસ ચોર’નું ‘ખતૂબા ખતૂબાઓ ખતૂબા’ વગેરે ગીતોમાં પ્રારંભિક શબ્દો ચોક્કસ અર્થ ધરાવે છે.

૨૦૦૪માં આવેલી ‘મર્ડર’ ફિલ્મનું ‘કહોના કહો, યે આંખેં બોલતી હૈ’ (ગીતકાર સઈદ કાદરી, સંગીતકાર અનુ મલિક) ખાસ્સું લોકપ્રિય થયું હતું. આ ગીત ઈજિપ્શિયન સુપરસ્ટાર અમ્ર દીબના મૂળ અરેબિક સોંગ પર આધારિત હતું. હિન્દી ફિલ્મ સંગીતમાં અરેબિક શૈલીને અપનાવાયેલા ગીતોમાં આ ગીત યાદગાર ગણાય છે. ‘ખુદા ગવાહ’નું ‘તૂ ન જા મેરે બાદશાહ’ (ગીતકાર આનંદ બક્ષી, સંગીતકાર લક્ષ્મીકાંત - પ્યારેલાલ) તેમજ છેક ૨૦૧૫ની ‘પદ્માવત’ના ‘બીનતે દિલ મિસ્રીય મેં’ (ગીતકાર આસ મોહમ્મદ તુરાઝ, સંગીતકાર સંજય લીલા ભણસાલી)માં પણ અરેબિક છાંટ જોવા મળે છે.

૨૦૨૩ના ડિસેમ્બરમાં રણબીર કપૂરની ‘એનિમલ’ આવી હતી. જબરદસ્ત સફળતા મેળવનારી આ ફિલ્મમાં વિલન બોબી દેઓલ પર ફિલ્માવાયેલું ‘જમાલ કુડુ’ ગીત પણ સુપરહિટ થયું હતું. અરેબિક લોક પરંપરાના આ ગીતને બોબી દેઓલની અદાકારી અને પર્સનાલિટીએ ચાર ચાંદ લગાવી દીધા હતા. ગીતના લય સાથે ગ્લાસને સંતુલિત કરતા કરતા બોબીએ કરેલો ડાન્સ સોશ્યલ મીડિયામાં વાઇરલ થયો હતો. અરેબિક લોક સંગીતનો પ્રભાવ ફરી એક વાર જોવા મળ્યો હતો. ■

ફિલ્મનામા

નરેશ શાહ

# ઈન્ડિયન પ્રિડેટર... દિલ્હીનો કસાઈ

## હત્યા અને હત્યારો નીચલા તબક્કાનો હોય ત્યારે પગેરું જલદીથી મળતું હોતું નથી!

દિલ્હી, ૨૦૦૬.

એક વહેલી સવારે દિલ્હી પોલીસને ખબર મળે છે કે બદનામ તિહાર જેલના ગેટ નં. ૩ નજીક વાંસના એક ટોપલામાં માથાં વગરનું ધડ અને અંગો મળ્યાં છે. પોલીસનું એલર્ટ મોડમાં આવી જવું સ્વાભાવિક હતું. ખુદ દિલ્હી પોલીસને સૌથી વધુ અપસેટ કરી જનારી વાત તો એ હતી કે, લોહીનું ટીપું પણ ન ટપકે એ રીતે પેક કરેલી બોડી સાથે હાથે લખેલી એક નોંધ મળી હતી, જે પ્રાથમિક રીતે જ સ્પષ્ટ કરતી હતી, આ ચિઠ્ઠી હત્યારાએ જ લખી છે.

એ નોટસમાં હત્યારાએ દિલ્હી પોલીસ માટે ‘મા-બહેન’ વાળા અપશબ્દો લખીને પડકાર ફેંકતા લખેલુંઃ


લિખિતંગ તમારો બાપ અને બનેવી.

ઈન્સલ્ટિંગ ટોન સાથે પડકાર ફેંકતી એ ધમકી ભરી ચિઠ્ઠી પોલીસે જાહેર કરી નહોતી, તેના બે કારણ હતાંઃ

એક, આ ચિઠ્ઠી ખુદ દિલ્હી પોલીસ માટે બદનામીનો ઢંઢેરો હતો અને બે, ચિઠ્ઠીની લખાવટ, વપરાયેલા શબ્દોના એનાલિસિસથી હત્યારાનું પગેરું પકડવાનું હતું, પરંતુ...

ત્રણ દિવસ પછી એ ચિઠ્ઠી અને તેમાં અપાયેલો પડકાર દિલ્હીના એક અખબારમાં છપાઈ ગયો તેથી પોલીસ બેડામાં ગરમી આવી ગઈ છતાં એ ય સત્ય રહ્યું કે, દિલ્હી પોલીસ ન હત્યારાને પકડી શકી અને ન તો જેનું ધડ મળેલું તેની પિછાણ પામી શકી.

ચિઠ્ઠી પરથી એટલું તો સ્પષ્ટ થયું કે આ ભાષા બિહારીઓ વાપરતા હોય છે, પરંતુ દિલ્હી, મુંબઈ જેવા મેટ્રોમાં યુ.પી. - બિહારથી એટલા લોકો મહેનત-મજૂરી કરવા આવતા હોય છે કે તેમાંથી નામ-ઠામ-ચહેરા વગરનો હત્યારો શોધવો મુશ્કેલ બની જાય. બીજી ટિપ્સ એ મળેલી કે હત્યારાએ આ અગાઉ ૧૯૯૮માં પણ આ રીતે કતલ કરી હોવાનું લખેલું,




એ વાત સાચી હતી. એ વરસમાં આવી હાથ-પગ કાપેલી એક લાશ મળી પણ હતી પણ એ ફાઈલ ‘અનટ્રેસેબલ’ ગણીને અભેરાઈ પર ચડાવી દેવામાં આવી હતી. આમ પણ, તળેટીમાં રહેનારા લોકો હત્યા કરે યા આવા વર્ગમાં કોઈની હત્યા થાય ત્યારે પોલીસને તે ઉકેલવામાં ખાસ રસ હોતો નથી. વીઆઈપીની વાત હોય તો પરિસ્થિતિ અલગ હોય છે, પરંતુ...

આવી જ ઘટનાનું પુનરાવર્તન બે વરસ પછી, ૨૦૦૮માં થયું અને સતત બે મહિના સુધી થયું એટલે દિલ્હી પોલીસનું માથું ઠનક્યું કે દિલ્હીમાં આવો કસાઈ કોણ છે... ક્યાં છે અને ક્યાંનો છે?

‘નેટફિલક્સ’ પર ફિલ્મો ઉપરાંત વેબસિરીઝની જેમ અફલાતૂન ડોક્યુમેન્ટરી પણ સ્ટ્રીમ થતી રહે છે અને ત્રણ એપિસોડની મુકાયેલી ડોક્યુમેન્ટરીનું નામ છેઃ

‘ઈન્ડિયન પ્રિડેટરઃ ધ બુચર ઓફ દિલ્હી’ (ભારતીય શિકારીઃ દિલ્હીનો કસાઈ).

‘ક્રાઈમ પેટ્રોલ’ જેવી ટીવી સિરિયલ થોડાં વરસો અગાઉ સત્ય ઘટનાને કથાનું સ્વરૂપ આપીને રજૂ કરતી હતી (હવે એમાં કપોળ કલ્પિત ઘટનાઓ હોય છે. શરૂઆતની સૂચના વાંચી લેવી!) કથાને તમે રસપ્રદ બનાવી શકો, પરંતુ ડોક્યુમેન્ટરી બોરિંગ યા એકેડેમિક હોવાથી શુષ્ક થઈ શકે છે પણ ‘ઈન્ડિયન પ્રિડેટર’ (ડિરેક્ટરઃ આયેશા સુદ) તમને બીજા એપિસોડ જોવા માટે ઉશ્કેરે એવી ટાઈટ-ચુસ્ત રીતે બનાવવામાં આવી છે. બેશક,‘દિલ્હીના કસાઈ’ તરીકે જાણીતા બનેલા બિહારના ચંદ્રકાંત ઝાને દિલ્હી પોલીસે અંતમાં પકડી લીધેલો અને એ પછી તેના વતનના લોકોએ કહેલી વાતો સાચી માનીને તો એણે ચાલીસથી વધુ હત્યા આ રીતે કરી હતી. મોટાભાગની હત્યાઓ તેણે પોતાના પરિચિતોની જ કરી હતી. હા, પ્રથમ હત્યા કરવાનું કારણ અલગ હતું.

‘ઈન્ડિયન પ્રિડેટર’ ડોક્યુમેન્ટરી જોવાનું આકર્ષણ એટલે જળવાય રહે છે કે તેના પોપડાં થ્રિલરની જેમ એક પછી એક ઉખડતાં જાય છે. દર્શક તરીકે આપણે પણ ખેંચાતા રહીએ છીએ અને અંતમાં એ વાત પણ સમજાય છે કે, પોલીસ આવા રહસ્યમય કેસમાં (ધારે તો) કેવી રીતે પગેરું પકડીને ‘કસાઈ’ સુધી પહોંચી શકે છે.

એક સ્પષ્ટતા સાથે તમને ‘ઈન્ડિયન પ્રિડેટર’ જોવા માટે ફ્રી કરી દઈએ. ચંદ્રકાંત ઝા નામના કસાઈએ જે કર્યું, એ ૨૦૦૬ થી ૨૦૦૮ વચ્ચેનો સમયગાળો હતો અને ત્યારે દિલ્હીમાં હરેક વિસ્તાર યા તિહાર જેલ જેવી જગ્યાએ પણ સીસી ટીવી કેમેરા લાગેલા રહેતા નહોતા નહીંતર તો...

તમે સમજી શકો છોઃ કેટલા જીવ બચી ગયા હોત! ■

શો-શરાબા


દિવ્યકાંત પંડ્યા

# ક્યા સે ક્યા હો ગયા...!

## ૨૦૨૫ઃ જ્યારે સિનેમાના દિગ્ગજોને પણ રિયાલિટી ચેક મળ્યો

૨૦૨૫નું વર્ષ ભારતીય સિનેમાની દૃષ્ટિએ ખાસ એટલા માટે યાદ રહેશે કે આ વર્ષે નિષ્ફળતા નવા લોકોની નહીં, પરંતુ વર્ષોથી સફળતા સાથે જોડાયેલાં નામોની પણ રહી. મોટા ડિરેક્ટર્સ, મોટા સ્ટાર્સ અને મોટા પ્રોજેક્ટ્સ હોવા છતાં અનેક ફિલ્મ્સ અપેક્ષા પ્રમાણે ચાલી નહીં. આ સ્થિતિએ એક ચર્ચા ઊભી કરી કે શું આ માત્ર થોડા ખોટા નિર્ણયો છે કે પછી સિનેમા અને દર્શકો વચ્ચેનો સંબંધ ખરેખર બદલાઈ રહ્યો છે? કારણ કે આ વાત માત્ર એક-બે ફિલ્મ્સની નથી, પરંતુ એક આખા ટ્રેન્ડની છે.

શંકર જેવા ડિરેક્ટરનું ઉદાહરણ સૌથી વધુ ચર્ચામાં રહ્યું. શંકર લાંબા સમયથી મોટા બજેટ અને મોટા સ્કેલ માટે ઓળખાતા ડિરેક્ટર છે. ‘ઇન્ડિયન’, ‘જેન્ટલમેન’, ‘શિવાજી’, ‘એન્થિરન’ જેવી ફિલ્મ્સે તેમને એવા ડિરેક્ટર બનાવ્યા, જેના નામ પર દર્શકો થિયેટરમાં જવા તૈયાર રહેતા. ૨૦૨૫માં આવેલી ‘ગેમ ચેન્જર’થી પણ એવી જ અપેક્ષા હતી. રામ ચરણ અને કિયારા અડવાણી જેવી સ્ટાર કાસ્ટ, રાજકીય થ્રિલરનો વિષય, પેન-ઇન્ડિયા રિલીઝ અને ભારે પ્રમોશન બધું જ હતું, પરંતુ ફિલ્મ રિલીઝ થયા બાદ જે પ્રતિભાવ મળ્યો, તે ખાસ નહોતો. ઘણા દર્શકોને લાગ્યું કે ફિલ્મનો સ્કેલ મોટો છે, પણ વાર્તા અને ટ્રીટમેન્ટમાં કંઈક ખૂટે છે. બોક્સઓફિસ પર ફિલ્મે કમાણી તો કરી, પરંતુ તેના મોટા બજેટ અને શંકરના ટ્રેક રેકોર્ડની સામે તે પરિણામ સંતોષકારક ગણાયું નહીં.













આથી પણ વધુ ચર્ચા ‘ઇન્ડિયન ૨’ને લઈને થઈ. ૧૯૯૬ની ‘ઇન્ડિયન’ આજે પણ સામાજિક સિનેમાના ઉદાહરણ તરીકે જોવામાં આવે છે. તેથી તેની સિક્વલ આવવી પોતે જ એક મોટી ઇવેન્ટ હતી. કમલ હાસન ફરી આવ્યા, પરંતુ ફિલ્મને મળેલો પ્રતિસાદ નિરાશાજનક રહ્યો. ઘણા દર્શકોને લાગ્યું કે ફિલ્મ આજના સમયની સંવેદનાઓ સાથે પૂરી રીતે જોડાઈ શકી નહીં. વાર્તા અને ટોન જૂના લાગવાની ફરિયાદો પણ થઈ. સ્થિતિ એટલી સુધી પહોંચી કે ફિલ્મની લંબાઈ ઘટાડવાની ફરજ પડી. ખાસ કરીને હિન્દી માર્કેટમાં ‘ઇન્ડિયન ૨’ની ઇમ્પેક્ટ બહુ જ સીમિત રહી. શંકર જેવા મોટા ગજાના ડિરેક્ટર માટે આ અતિશય નિરાશાજનક બાબત કહેવાય.

એ.આર. મુરુગાદોસ માટે પણ ૨૦૨૫ ખાસ સફળ વર્ષ રહ્યું નથી. ‘ગજની’ અને ‘થુપક્કી’ જેવી ફિલ્મ્સ પછી મુરુગાદોસ પાસેથી હંમેશાં મજબૂત માસ એન્ટરટેઇનમેન્ટની અપેક્ષા રહે છે. સલમાન ખાન સાથેની ‘સિકંદર’ ઈદ રિલીઝ હતી અને તેથી ફિલ્મને લઈને અપેક્ષાઓ વધુ હતી. શરૂઆતમાં બઝ પણ હતું, પરંતુ રિલીઝ પછી ફિલ્મને મળેલા રિવ્યૂઝ મિક્સડથી નેગેટિવ રહ્યા. સ્ક્રિપ્ટ અને સ્ટોરીટેલિંગને લઈને સવાલ ઊભા થયા. અને પછી સલમાન ખાનની શૂટિંગ પ્રત્યેની ઓછી ગંભીરતાને લઈને પણ મુરુગાદોસે ટિપ્પણીઓ કરી હતી અને વિવાદ ઊભો થયો હતો. આ સાથે જ મુરુગાદોસની તમિલ ફિલ્મ ‘મદરસી’ પણ મોટા બજેટ હોવા છતાં બોક્સઓફિસ પર ખાસ પ્રભાવ પાડી શકી નહીં. એક સમય હતો જ્યારે મુરુગાદોસનું નામ જ થિયેટરમાં ઓપનિંગ ડે ભીડ લાવતું, ૨૦૨૫માં એ વસ્તુ ના દેખાઈ.

મણિરત્નમ માટે પણ આ વર્ષ સરળ રહ્યું નથી. ‘નાયકન’, ‘રોજા’, ‘બોમ્બે’, ‘ઇરુવર’ જેવી ફિલ્મ્સ બનાવનાર મણિરત્નમ હંમેશાં ગંભીર અને ગુણવત્તાવાળા સિનેમાના પ્રતીક રહ્યા છે. ૨૦૨૫માં આવેલી ‘ઠગ લાઈફ’ ખાસ એટલા માટે ચર્ચામાં હતી, કારણ કે તેમાં મણિરત્નમ અને કમલ હાસન ફરી સાથે કામ કરી રહ્યા હતા. અપેક્ષા બહુ ઊંચી હતી, પરંતુ ફિલ્મ ના મોટી કમર્શિયલ હિટ બની, ના એવી ફિલ્મ તરીકે ઓળખાઈ કે જે લાંબા સમય સુધી ચર્ચામાં રહે. ફિલ્મને લઈને કેટલાક વિવાદો પણ સામે આવ્યા, ખાસ કરીને કર્ણાટકમાં થયેલા વિરોધ અને થિયેટર બેનને કારણે. આ બધું મળીને ફિલ્મ માટે પરિસ્થિતિ વધુ મુશ્કેલ બની. મણિરત્નમ જેવા અનુભવી ડિરેક્ટર માટે આ વર્ષ એક પ્રકારનું ‘સ્ટોપ’ સિગ્નલ સાબિત થયું. આ ફિલ્મ્સમાં જોગાનુજોગ એક કોમન નામ જોડાયેલું છે એ છે કમલ હાસન. તેમનું નામ અહીં આપણે બે વખત ચર્ચામાં લીધું. તેમના માટે ‘ઇન્ડિયન ૨’ અને ‘ઠગ લાઈફ’ બંને મહત્ત્વપૂર્ણ ફિલ્મ્સ હતી, પરંતુ તે તેમની લાંબી કારકિર્દીમાં કોઈ ખાસ ટર્નિંગ પોઇન્ટ સાબિત થઈ નહીં. કમલ હાસન આજે પણ વિચારશીલ અને સક્રિય કલાકાર છે, પરંતુ દર્શકો હવે ફક્ત લેગેસી અથવા નોસ્ટેલ્જિયા પરથી ફિલ્મ સ્વીકારતા નથી.

આ તમામ ઉદાહરણો સાથે એક મોટું ચિત્ર સ્પષ્ટ થાય છે. ૨૦૨૫માં દર્શકોની પસંદગી વધુ સ્પષ્ટ અને કડક બની ગઈ છે. હવે મોટા નામ, મોટા બજેટ અથવા જૂની સફળતાઓના આધાર પર ફિલ્મને લાંબા સમય સુધી ચલાવવું મુશ્કેલ બની ગયું છે. ઓટીટી પ્લેટફોર્મ્સ, આંતરરાષ્ટ્રીય ફિલ્મ્સ અને વિવિધ ભાષાઓના કન્ટેન્ટના કારણે દર્શકો પાસે વિકલ્પો વધ્યા છે. એ કારણે તેઓ હવે વધુ વિચાર કરીને થિયેટરમાં જાય છે.

આનો અર્થ એ નથી કે આ બધા ડિરેક્ટર્સ અથવા સ્ટાર્સનો સમય પૂરો થઈ ગયો છે. સિનેમામાં ઉતાર અને ચડાવ હંમેશાં રહ્યા છે. પરંતુ ૨૦૨૫ને આ મોટાં નામો માટે નિષ્ફળતાઓના વર્ષ કરતાં વધુ રિયાલિટી ચેકનું વર્ષ કહેવું વધુ યોગ્ય રહેશે. ■

**લાસ્ટ શોટ**

*‘મને ‘સિકંદર’માં કામ કર્યું એનો કોઈ અફસોસ નથી. સ્ટોરી સારી હતી, પરંતુ અંતે ફિલ્મ ચાલે કે ન ચાલે, એનો નિર્ણય સેટ પર શું થયું એથી નહીં, દર્શકો શું સ્વીકારે છે એથી થાય છે...’*

*સલમાન ખાન*

**સ્ટાર-યાર-કલાકાર**
**સંજય છેલ**

# એની સુગંધનો દરિયો... એક અનોખો ઈન્ટરનેશનલ સ્ટાર

*તમે બધાં મારી શ્રદ્ધાંજલિ સભામાં આવ્યા છો ને? તો એંજોય. કારણ કે મેં મારી લાઇફ એંજોય કરી છે ને એ જિંદગી થોડા જ સમયમાં પૂરી થવાની છે.*


* * * * * *


*આજે લાગણીમાં એટલો ગદ્ગદ્ થઇ ગયો છું કે વાચા ખડક બની ગઇ છે ને શબ્દો જડ થઇ ગયા છે.*

* * * * * *

*હું નથી સક્સેસફૂલ કે નથી ફ્લોપઃ હું તો એ બેઉ સ્થિતિની વચ્ચે એક 'ફ્લોપસેસફૂલ' માણસ છું.*

* * * * * *


હોલિવૂડના સુપર અભિનેતા જીન હેકમેન


ગુજરાતી રંગભૂમિના મહારથી અરવિંદ જોષી

આવાં અદ્ભુત કાવ્યાત્મક અને સંવેદનાઓ ભરેલા સંવાદો જે નાટકમાં હતા એ ગુજરાતી રંગમંચનું સૌથી નાજુક નમણું નાટક 'એની સુગંધનો દરિયો'! જેને ગુજરાતી નાટકોના મહારથી એવા અદાકાર અરવિંદ જોષીએ ૧૯૮૫માં ભજવેલું ને એ સમયે વિવેચકો વત્તા પ્રેક્ષકોએ ખૂબ વધાવેલું વખાણેલું.

એ નાટકનો સંબંધ 'ટ્રિબ્યૂટ' નામની ફિલ્મ ને હોલિવૂડના બહુ મોટા સ્ટાર સાથે છે, જે હવે જઇ રહેલા વરસ ૨૦૨૫માં જગતમાંથી જતા રહ્યા છે.

કોણ છે એ હોલિવૂડનો સ્ટાર કલાકાર?

ત્યારે હોલિવૂડમાં મદહોશીની દુનિયા હતી. નશીલી રાતો હતી. મોંઘા કપડાં, હાથમાં શરાબનો ગ્લાસ. પાર્ટીમાં સૌના ચહેરા પર બજારુ સ્મિત, પરંતુ આંખોમાં માત્ર કામ મેળવવાની ગણતરી. કોણ કોની નજીક ઊભો છે, કોણ કોને અવગણે છે અને કોણ હવે 'કામનો' રહ્યો નથી એ બધું જ આવી પાર્ટીમાં પ્રવેશતાં જ નક્કી થતું. અહીં કોઈ કોઇને દિલથી સાંભળતું નહોતું. માત્ર એકમેકને હળવા મળવાનો, ભેટવાનો, સાંભળવાનો તમાશો ચાલતો.

૧૯૫૦-૬૦ની હોલિવૂડની આવી રંગીન પાર્ટીઓ દૂરથી તો બહુ આકર્ષક લાગતી, અંદરથી એ પાવરગેમ હતી. હોલિવૂડમાં મોટાભાગના સ્ટાર-એક્ટરોએ આ પાર્ટી સિસ્ટમ સ્વીકારી લીધેલી 'આ તો શોબિઝ છે', એમ કહીને. પાર્ટી ટાળો તો રોલ્સ ઓછા થાય એ માર્કેટનું સત્ય હતું. એ જ માહોલમાં એક માણસ હતો જેને આ બધું નકલી, બનાવટી, ને ખોટું લાગતું. ગુજરાતી વાચકો માટે એ નામ બહુ જાણીતું નહીં હોય, પરંતુ હોલિવૂડમાં 'જીન હેકમેન' દિગ્ગજ સ્ટાર-એક્ટર હતા.

જીન હેકમેનનો હોલિવૂડની પાર્ટીઓ વિશેનો અણગમો જાણીતો હતો. હેકમેન કહેતાઃ 'આ પાર્ટીઓમાં બધું નાટકી ને નકલી છે. લોકો તમને સાંભળતા નથી, માત્ર માપે છે. તમારી સામે કોને કોને ઇમ્પ્રેસ કરવા એ જ વિચાર ચાલે રાખે છે.'

આવી એક મોટી હોલિવૂડ પાર્ટીમાં જીનના દોસ્તે મોટી ફિલ્મમાં મોટો રોલ મેળવવા કોઇ પાવરફૂલ નિર્માતાને મળવાનો આગ્રહ કર્યો. થોડીવાર દોસ્તની વાત સાંભળ્યા પછી હેકમેન બોલ્યાઃ 'મને આવી વાતો એબનોર્મલ-વિચિત્ર લાગે છે.' અને શાંતિથી પાર્ટીમાંથી કોઇ ખુલાસા કે ચર્ચા વિના બહાર નીકળી ગયા.

૩૦ જાન્યુઆરી ૧૯૩૦ના રોજ જન્મેલા જીન હેકમેને જુવાનીમાં નૌકાદળમાં નોકરી કરી પછી નાના મોટા નોકરી ધંધા કર્યા. ફિલ્મોમાં જીન હેકમેન બહુ મોડા આવ્યા. ત્યાં સુધીમાં તો બીજા નબળા કલાકારો સ્ટાર બની ચૂકેલા ને હેકમેન હજી સંઘર્ષ કરતા હતા, કારણ કે હેકમેન, ક્યારેય બનાવટી શોબિઝની દુનિયામાં ફિટ થઈ શક્યા જ નહીં.

જીન હેકમેનની અભિનય શૈલી હંમેશાં નેચરલ ને સહજ રહી. એ સંવાદોથી વધારે મૌનથી ખેલતા. અવાજ ઊંચો કર્યા વગર, ચહેરાની થાકેલી રેખાઓ, આંખોમાં છુપાયેલ અફસોસ અને શરીરની નાની હલચલથી એ પાત્રની આખેઆખી માનસિક દુનિયા રજૂ કરી દેતા. એમને હીરો બનીને છવાઇ જવું નહોતું, પરંતુ એક નોર્મલ માણસ બનીને સાચા લાગવું હતું એટલે જ તેમના રોલ્સ ઘણીવાર કર્કશ, અંદરથી તૂટેલા અને નૈતિક દ્રષ્ટિએ બરોબર ના હોય એવા હતા.

'ટ્રિબ્યૂટ' (ગુજરાતી નાટકઃ એની સુગંધનો દરિયો) જેવી ફિલ્મમાં હેકમેન એક વૃદ્ધ પુરુષનો રોલ ભજવે છે,

જે જીવનના અંતિમ પડાવમાં પોતાની ભૂતકાળની ભૂલો, તૂટેલા સંબંધો અને અધૂરી લાગણીઓ સાથે શાંતિ શોધી રહ્યો છે. પાત્ર બહારથી શાંત અને ઓછું બોલતું છે, પરંતુ અંદરથી એકલતા, અફસોસ અને દબાયેલ લાગણીથી ભરેલું હતું. આમાં કોઈ મોટા નાટકીય દ્રશ્યો નથી; એક લાંબી ખામોશી, થાકેલું સ્મિતથી હેકમેન દર્શાવી દે છે કે આ માણસ કેટલું બધું અંદર સહન કરી રહ્યો છે. ના એ નાયક છે, ન તો ખલનાયક. એ એક સામાન્ય માણસ છે, જે સમય અને યાદો સામે ધીમે ધીમે ઝૂકી રહ્યો છે...

પણ 'ધી ફ્રેન્ચ કનેક્શન' ફિલ્મમાં પોલીસ ઓફિસરના એના રોલે હેકમેનને પહેલી મોટી સફળતા આપી. એને માટે શ્રેષ્ઠ એક્ટરનો ઓસ્કાર એવોર્ડ મળ્યો. પછી 'મિસિસીપી બર્નિંગ'માં ધીરગંભીર ઓફિસર, 'અનફોર્ગિવન'માં ભ્રષ્ટ શેરીફનો રોલ કર્યો, જે આજેય વિશ્વ સિનેમાના સૌથી જોરદાર નેગેટિવ પાત્રોમાં ગણાય છે.

હેંડસમ જીન હેકમેનને ટિપીકલ કે પરફેક્ટ હીરો બનવામાં કદીયે રસ નહોતો. એમને અધૂરા ખામીઓવાળા પાત્રો ગમતા. થાકેલા, ગૂંચવાયેલા, અંદરથી તૂટેલા 'અનફોર્ગિવન', 'હાઇસ્ટ', 'રનઅવે જ્યુરી' જેવી ફિલ્મોમાં એમણે માણસના મનની ભીતરનું કપટ અને સ્વાર્થને દેખાડ્યો.

'સુપરમેન'માં હેકમેને ભજવેલો ખલનાયક ખાસ યાદગાર છે, કારણ કે એમાં વિલનછાપ રાડારાડી નહીં, પરંતુ એમાં કોલ્ડ ઠંડી ચાલાકી અને ક્રૂર સંયમ હતો.

હેકમેનને પુરસ્કારો ઘણા મળ્યા. બે વખત સર્વોચ્ચ પુરસ્કાર, ચાર વખત ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્ઝ. છતાં એવોર્ડ્સ વિશે કંટાળીને કહેતા કે એવોર્ડ મળે તો સારું લાગે છે, પરંતુ એને સ્વીકારતી વખતનાં ભાષણો નકરો અભિનય ને દેખાડો જ હોય છે.

આ બધા વચ્ચે સ્ટાઇલિશ હેકમેનનું અંગત જીવન સાવ ખાનગી હતું. એમણે પ્રથમ લગ્ન ફેય માલ્ટિઝ સાથે કર્યા, જેમાંથી ત્રણ સંતાનો થયાં. પછી બીજાં લગ્ન કર્યાં, જે જીવનના અંત સુધી ચાલ્યા. કોઈ જાહેર રોમાન્સ નહીં. કોઈ હેડલાઇન કે સનસની નહીં.

હોલિવૂડના આ જબરા સ્ટાર જીન હેકમેન કહેતાઃ 'ઘર એવી જગ્યા હોવું જોઈએ જ્યાં માણસ કોઈ રોલ ન ભજવે. જ્યાં કોઈ ઈમેજ જાળવવી ન પડે! ઘર એ જગ્યા છે જ્યાં હું એક્ટર નથી.' પોલિટિક્સ વિષે પણ કહેતાઃ 'હું પોલિટિકલ અભિપ્રાય આપવાના વિરોધમાં નથી પણ માત્ર અભિપ્રાય આપવા માટે થનારી સજા સામે જો માણસ સતત વિચારે કે શું બોલવું સલામત છે કે નહીં તો તે સમાજ સ્વતંત્ર નથી.'


૨૦૦૪માં 'વેલકમ ટુ મૂસપોર્ટ' પછી હેકમેને અભિનય છોડ્યો. કોઈ છોડવાની કે પાછાં આવવાની જાહેરાત નહીં. ચૂપચાપ શોબિઝથી બહાર, જ્યાં હોલિવૂડમાં આખી જિંદગી જીવી હતી. હોલિવૂડમાં રહીને પણ હોલિવૂડની પોલિટિક્સ ન રમનાર માણસ, પાર્ટી સંસ્કૃતિથી દૂર રહીને રોલ્સ પસંદ કરનાર એક્ટર. નકલી ગ્લેમરની ચમકદમક નહીં પણ સચ્ચાઈમાં માનનારો હોલિવૂડનો સૌથી મોટો કલાકાર ૧૮ ફેબ્રુઆરી-૨૦૨૫ના જગત છોડી ગયો હોય તો એ હતો જીન હેકમેન! ■

---

**મનોરંજનનું મેઘધનુષ**
**ઉમેશ ત્રિવેદી**

# અનન્યા પાંડે

## સતત ફ્લોપ જતી આ અભિનેત્રીને આગામી ફિલ્મનાં બોલ્ડ દશ્યો સફળતા અપાવશે?



એકાદ-બે સફળ ફિલ્મોને બાદ કરતાં ચંકી પાંડે અને ભાવના પાંડેની પુત્રી અનન્યા પાંડેને હજી સુધી જોઈએ એવી સફળતા મળી નથી. હા, પણ એ એક અલગ વાત છે કે તેણે અવોર્ડ અનેક મેળવ્યા છે. તેમાં તેની પહેલી ફિલ્મ 'સ્ટુન્ડટ્સ ઑફ ધ યર-ટુ' માટે 'બેસ્ટ ફીમેલ ડેબ્યૂ'નો ૨૬મો સ્ક્રીન અવોર્ડ, ઝી-સિને અવોર્ડ, ૨૧મો આઈફા અવોર્ડ સહિત અનેક અવોર્ડ મળ્યા છે.

નેપોટીઝમ-સગાવાદનું જીવતું જાગતું ઉદાહરણ છે. અનન્યા પાંડે અનેક વર્ષો સુધી હીરો અને ત્યાર પછી કોમેડિયન તરીકે અનેરી નામના ધરાવનારા ચંકી પાડેની આ પુત્રીને એક અભિનેત્રી તરીકે સ્થાપિત કરવાનું બીડું કરણ જોહરે ઉપાડ્યું હતું. ૨૦૧૯માં આવેલી 'સ્ટુન્ડટ ઑફ ધ યર-ટુ'માં અનન્યાની સાથે ટાઈગર શ્રોફ, આદિત્ય સીલ અને તારા સુતરિયાની મુખ્ય ભૂમિકા હતી. એ ફિલ્મમાં અનન્યા પાંડેની ભૂમિકાના ખૂબ જ વખાણ થયા અને એક મુખ્ય અભિનેત્રી તરીકે તેની ગણના થવા લાગી. જોકે, આ ફિલ્મને બોક્સ ઓફિસ પર નબળો પ્રતિસાદ મળ્યો હતો. એ જ વર્ષે એટલે કે ૨૦૧૯માં જ તેની કાર્તિક આર્યન અને ભૂમિ પેડણેકર સાથે બીજી ફિલ્મ રજૂ થઈ 'પતિ-પત્ની ઔર વોહ'. કાર્તિક આર્યન હોવા છતાં આ ફિલ્મ સુપર ફ્લોપ સાબિત થઈ હતી.

જોકે, આ બે ફિલ્મની અસફળતાથી જરાય ડગમગ્યા વગર અનન્યા આગળ જ વધતી ગઈ. ત્યાર પછી પણ તેનાં માથેથી ફ્લોપ અભિનેત્રીનું લેબલ હટ્યું નહોતું. ૨૦૨૦માં ઈશાન ખટ્ટર સાથેની 'ખાલીપીલી', ૨૦૨૨માં દીપિકા પદુકોણ, સિદ્ધાંત ચતુર્વેદી અને ધૈર્ય કારવા સાથેની 'ગહરાઈયાં' અને ૨૦૨૨માં જ વિજય દેવરકોંડા સાથેની 'લાઈગર', વગેરે પણ બોકસ ઓફિસ પર ધબાય નમઃ થઈ. ૨૦૨૨માં તેને ફિલ્મમાં નિષ્ફળતા મળી, પણ આખું વર્ષ તેનું નામ ગાજતું રહ્યું.

'ગહરાઈયા' ફિલ્મમાં અનન્યા પાંડેએ દિપીકા પદુકોણ સાથે કોણ વધુ ટૂંકા અને દેહપ્રદર્શન કરે એવાં કપડાં પહેરેની સ્પર્ધા કરી હતી. આ જ ફિલ્મનાં બોલ્ડ દ્રશ્યોએ અનન્યા પાંડેનું નામ ગાજતું રાખ્યું હતું. પછી આવી વિજય દેવરકોંડા સાથેની 'લાઈગર'. આ ફિલ્મ વખતે અનન્યાનું નામ વિજય દેવરકોંડા સાથે સાંકળવામાં આવ્યું હતું. તેમનાં પ્રેમપ્રકરણ વાતો ખૂબ ચગી હતી, પણ તેનાં કારણે ય ફિલ્મ ચાલી નહોતી.

૨૦૨૩માં 'રોકી ઔર રાની કી પ્રેમકહાની' અનન્યા માત્ર એક ગીતમાં દેખાઈ હતી. પછી આયુષ્યમાન ખુરાના સાથેની 'ડ્રીમગર્લ-ટુ' આવી. જે થોડી ઘણી સફળ થઈ હતી. ત્યાર પછી તેની સિદ્ધાંત ચતુર્વેદી સાથેની ફિલ્મ આવી 'ખો ગયે હમ કહાં' જે સીધી 'નેટફિલક્સ' પર રજૂ થઈ હતી. ૨૦૨૪માં તેની એક જ ફિલ્મ 'કન્ટ્રોલ' રજૂ થઈ જે સીધી જ ઓટીટી પર રજૂ થઈ હતી. ૨૦૨૫માં તેની અક્ષયકુમાર અને આર. માધવન સાથેની 'કેસરી ચેપ્ટર-ટુ' રજૂ થઈ હતી. આ ફિલ્મમાં તેની સુંદરતાના અને અભિનયના ખૂબ જ વખાણ થયા હતા.

આગામી દિવસોમાં હવે તેની કાર્તિક આર્યન સાથેની ફિલ્મ 'તૂ મેરી મૈં તેરા, મૈં તેરા તૂ મેરી' રજૂ થવાની છે. આ ફિલ્મનો નિર્માતા પણ કરણ જોહર જ છે. યોગાનુયુગ, અનન્યાની અત્યાર સુધીની મોટાભાગની ફિલ્મોનો નિર્માતા કરણ જોહર જ રહ્યો છે. સતત ફ્લોપ જતી અનન્યાની અભિનય ગાડી પાટે ચડાવવા તે સતત પ્રયત્ન કરતો જ રહે છે. કાર્તિક આર્યનની આ ફિલ્મનું નામ ખૂબ જ વિચિત્ર છે. 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે'નું ટૂંકુ નામ 'ડીડીએલજે' હતું અને તે પણ લોકોના હોઠે ચડી ગયું હતું, જ્યારે અનન્યા પાંડેની કાર્તિક સાથેની આ ફિલ્મનું ટૂંકુ નામ બોલતાં પણ જીભના લોચા વળી જાય છે.

ક્રિસમસના દિવસે જ એટલે કે ૨૫ ડિસેમ્બરના રજૂ થનારી આ ફિલ્મનું ટૂંકુ નામ 'ટીએમએમટી ટીટીએમ (તૂ મેરી મૈં તેરા, મૈં તેરા તૂ મેરી) બોલવામાં પણ અટપટું લાગે છે. સફળ હીરો કાર્તિક આર્યન સાથેની અનન્યા પાંડેની પહેલી ફિલ્મ 'પતિ-પત્ની ઔર વોહ' તો ફ્લોપ સાબિત થઈ હતી, પણ સતત સફળ ફિલ્મો આપનારા કાર્તિક આર્યનની સથવારે અનન્યા પાંડેને પણ સફળતા મળે એવી શક્યતા છે.

એક આડ વાત... આ ફિલ્મમાં અનન્યા દેશપાંડેએ કદાચ અત્યાર સુધીની ફિલ્મોમાં ન આવી હોય એટલી બોલ્ડ બિકની પહેરી છે, જે કદાચ તેનાં માટે સફળતાના તાળાની ચાવી બની શકે. બાય ધ વે, અનન્યા પાંડેના કાકાનો દીકરો અહાન પાંડે તેની પહેલી જ ફિલ્મ 'સૈયારા'થી સુપરસ્ટાર બની ગયો છે ત્યારે આશા રાખીએ કે હવે તો અનન્યાને પણ અનન્ય સફળતા મળે. ■

---

**OTTનું હોટસ્પોટ**

## ૨૦ થી ૨૬ ડિસેમ્બર દરમિયાન શું નવું જોવા મળશે?

કપિલ શર્મા ફિલ્મોમાં તો ફ્લોપ સાબિત થયો છે, પણ પોતાના કોમેડી શોમાં તે છવાઈ જાય છે. હાલમાં જ તેની 'કિસ કિસ કો પ્યાર કષલં-ટુ' રિલીઝ થઈ છે, જે 'ધૂરંધર'ની આંધીમાં સાવ ઊડી ગઈ છે. 'નેટફિલક્સ' પર ૨૦ ડિસેમ્બરથી 'ધ ગ્રેટ ઈન્ડીયન કપિલ શો'ની ચોથી સીઝન શરૂ થઈ રહી છે. શનિ-રવિ રજૂ થનારા આ કાર્યક્રમમાં તે ફરી એકવાર છવાઈ જવા માટે તત્પર છે. એમાં રાબેતા મુજબ નવજોત સિંહ સિદ્ધુ અને અર્ચના પુરણસિંહનો 'ડબલ ડોઝ' તો છે જ.

જિયો હોટસ્ટાર પર આજે એટલે કે ૧૯ ડિસેમ્બરે સાયકોલોજિકલ થ્રીલર ફિલ્મ 'મિસેસ દેશપાંડે' રજૂ થશે. ફિલ્મમાં મુખ્ય ભૂમિકા માધુરી દીક્ષિતે ભજવી છે.

ઝી ફાઈવ પર આજે મલયાલમ સસ્પેન્સ કોમેડી અને થ્રીલર ફિલ્મ 'ડોમિનીક એન્ડ ધ લેડીઝ પર્સ' નામની ફિલ્મ જોઈ શકાશે.

આ ઉપરાંત 'નેટફિલક્સ' પર યશ ચોપરાની ફિલ્મોનો જે ફેસ્ટિવલ ચાલી રહ્યો છે તેમાં યશરાજ બેનર્સની કેટલીક સફળ અને કેટલીક નિષ્ફળ ફિલ્મો ઘરબેઠાં જોઈ શકાશે. તેમાં ૨૦ ડિસેમ્બરે 'નીલ એન્ડ નિક્કી', 'પ્યાર ઈમ્પોસિબલ', ૨૧ના રોજ 'લવ કા ધી એન્ડ', 'મુઝસે ફ્રેન્ડશીપ કરોગે', ૨૨મીએ 'આજા નચ લે' અને 'લફંગે-પરિન્દે' ૨૩મીએ 'લાગા ચૂનરીમેં દાગ', ૨૪મીએ 'બદમાશ કંપની' અને 'રોકેટ સિંહઃ સેલ્સમેન ઓફ ધ યર', ૨૫મીએ 'બંટી ઔર બબલી', 'તારા રમ પમ' અને ૨૬ ડિસેમ્બરે 'દિલ બોલે હડિપ્પા' અને 'થોડા પ્યાર થોડી મેજીક' જોઈ શકાશે.

૨૬ ડિસેમ્બરે આ જ ચેનલ પર હુમા કુરેશી, શ્રેયસ તળપદે અને સની સિંહ અભિજીત કોમેડી ફિલ્મ 'સિંગલ સલમા' પણ જોવા મળશે. ■

---


# ક્વિક ફિલ્મી ક્વિઝ

**નીલા સુનીલ મહેતા**

### ક્વિઝ (અ)

**આ કલાકારો દ્વારા અભિનિત ધાર્મિક પાત્રોનાં નામ પર બનેલી ફિલ્મનું નામ જાણો છો?**

૧) નાગાર્જુન
૨) સુનીલ શેટ્ટી
૩) અનિલ કપૂર
૪) અભિષેક બચ્ચન
૫) ગોવિંદા
૬) સન્ની દેઓલ
૭) મિથુન ચક્રવર્તી



### ક્વિઝ (બ)

**'ચાર' શબ્દથી શરૂ થતાં આ ગીતો કઈ ફિલ્મનાં છે?**

૧) ચાર મેરા પૈસે કા દીવાના ઔર મૈં દીવાની પ્યાર કી...
૨) ચાર દિલદાર તુજે કૈસા ચાહિયે પ્યાર ચાહિયે કી પૈસા ચાહિયે...
૩) ચાર હમારી બાત સુનો ઐસા એક ઈન્સાન ચૂનો જિસને પાપ ના કિયા હો...
૪) ચાર ચુલબુલા હૈ હસીન દિલરુબા હૈ ઝૂઠ બોલતા હૈ મગર ઝરા ઝરા....
૫) ચાર બીના ચૈન કહા રે પ્યાર બીના ચૈન કહા રે સોના નહીં ચાંદી નહીં ચાર...
૬) ચાર બાદશાહ ચાર દિલરુબા કાતિલ આંખો વાલે ઓ દિલબર મતવાલે...
૭) ચાર કી ખબર મિલ ગયી પ્યાર કી નઝર મિલ ગયી ગયી...

**જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'**

# અણુઊર્જા સેક્ટરમાં હવે ખાનગી ક્ષેત્રને પ્રવેશ મળશેઃ ખરડો મંજૂર

નવી દિલ્હીઃ રાજ્યસભામાં ગુરુવારે અણુઊર્જા ખરડા પર કરવામાં આવેલી ચર્ચા દરમિયાન કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્રસિંહે ભારપૂર્વક કહ્યું હતું કે ખરડામાં સમાવિષ્ટ સુરક્ષા યંત્રણાને મુદ્દે કોઈ સમાધાન કરવામાં નહીં આવે. રાજ્યસભામાં આ ખરડો પસાર થવા સાથે જ ગુરુવારે સંસદે અણુઊર્જા ક્ષેત્રમાં ખાનગી કંપનીઓને પ્રવેશ આપતા ખરડાને માન્ય રાખ્યો હતો અને ભારતની ઊર્જા જરૂરિયાતની દિશામાં આ સીમાચિહ્નરૂપ કાયદો છે.

ડિપાર્ટમેન્ટ ઑફ ઍટમિક એનર્જીના રાજ્યકક્ષાના પ્રધાન જિતેન્દ્ર સિંહે કડક નિયંત્રણ ધરાવતા સિવિલ ન્યૂક્લિઅર સેક્ટરને ખાનગી ભાગીદારી માટે ખુલ્લું મૂકવાની માગણી કરતો સસ્ટેઈનેબલ હાર્નેશિંગ ઍન્ડ ઍડવાન્સમેન્ટ ઑફ ન્યૂક્લિઅર એનર્જી ફૉર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા (શાંતિ) ખરડો રજૂ કર્યો હતો. બુધવારે લોકસભામાં આ ખરડાને મંજૂરી આપવામાં આવી હતી.

તેમણે કહ્યું હતું કે અણુઊર્જા ૨૪x૭ વીજપુરવઠો પૂરો પાડવાનો વિશ્વસનીય સ્રોત છે અને અક્ષત ઊર્જાના અન્ય સ્રોતોમાં આવું નથી. છેલ્લાં ૧૦-૧૧ વર્ષમાં ભારતે વૈશ્વિક ભૂમિકા અપનાવી છે. ભારત હવે અગાઉની જેમ અન્યોનું અનુસરણ નથી કરતું. ભારત હવે પ્રથમ હરોળનો દેશ છે અને અન્ય દેશો ભારતનું અનુસરણ કરે છે, એમ તેમણે કહ્યું હતું.

વર્ષ ૨૦૧૪ બાદ પહેલી જ વાર વૈશ્વિક ચિંતાઓને પ્રાથમિકતા આવી રહી છે એ પછી હવામાન, ઊર્જા, ઊર્જા સુરક્ષા કે સ્વચ્છ ઊર્જા હોય, એમ તેમણે કહ્યું હતું.

વર્ષ ૨૦૧૪ અગાઉ અણુઊર્જા વિભાગનું બજેટ માત્ર રૂ. ૧૩,૮૭૯ કરોડ હતું જે હવે વધીને રૂ. ૩૭,૪૮૩ કરોડ થઈ ગયું છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# તિબેટમાં ચીન દ્વારા બનાવાતો ડેમ ભારત માટે 'વૉટર બૉમ્બ' છે

બીજિંગ : ચીન તિબેટમાં યારલુંગ ત્સાંગપો નદી પર એક વિશાળ જળવિદ્યુત પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે. નિષ્ણાતો અને અધિકારીઓએ ચેતવણી આપી હતી કે આ પ્રોજેક્ટના કારણે ભારતમાં પાણીની સુરક્ષા, ઇકોલોજી અને આજીવિકાને ગંભીર રીતે જોખમમાં મુકાઈ શકે છે. જેમ જેમ નદી બ્રહ્મપુત્ર તરીકે ભારતમાં પ્રવેશ કરે છે, તેમ તેમ ઉપરના પ્રવાહમાં કોઈપણ મોટા પાયે હસ્તક્ષેપ તેના કુદરતી પ્રવાહ પર આધાર રાખતા લાખો લોકો માટે સીધો ખતરો માનવામાં આવે છે. ૧૬૮ અબજ ડૉલરના પ્રસ્તાવિત જળવિદ્યુત પ્રોજેક્ટ ડેમ, જળાશયો, ટનલ અને ભૂગર્ભ પાવર સ્ટેશનોના જટિલ નેટવર્ક દ્વારા ઊંચાઈમાં ૨,૦૦૦ મીટરનો તીવ્ર ઘટાડો કરશે. ભારત માટે આ ચિંતા ફક્ત પર્યાવરણીય નથી.

અરુણાચલ પ્રદેશના મુખ્યપ્રધાન પેમા ખાંડુએ ચેતવણી આપી હતી કે આ પ્રોજેક્ટનો ઉપયોગ ''વૉટર બૉમ્બ'' તરીકે થઈ શકે છે, જેમાં ચીન બ્રહ્મપુત્રમાં છોડવામાં આવતા પાણીના સમય અને જથ્થાને નિયંત્રિત કરી શકે છે. અચાનક પાણી છોડવાથી પૂર આવી શકે છે, જ્યારે પાણી રોકવાથી જટિલ સમયગાળા દરમિયાન નદીના મોટા ભાગો સુકાઈ શકે છે. ઓગસ્ટમાં વિદેશ રાજ્ય પ્રધાન કીર્તિ વર્ધન સિંહે આ પ્રોજેક્ટ પર એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે તેઓ બ્રહ્મપુત્ર નદી સંબંધિત વિકાસ પર સતત નજર રાખી રહ્યા છે. ભારત સરકારે તિબેટમાં યારલુંગ ત્સાંગપો (બ્રહ્મપુત્ર નદીના ઉપરના ભાગ) નદીના નીચલા ભાગો પર ચીન દ્વારા મેગા ડેમ પ્રોજેક્ટના બાંધકામ શરૂ થવાના અહેવાલોની નોંધ લીધી છે.

વિદેશ મંત્રાલયે રાજ્યસભામાં એક સવાલના જવાબમાં કહ્યું હતું કે આ પ્રોજેક્ટ સૌપ્રથમ ૧૯૮૬માં જાહેર કરવામાં આવ્યો હતો અને ત્યારથી, ચીનમાં તૈયારીઓ ચાલી રહી છે. સરકાર આ ક્ષેત્રમાં ભારતીય હિતોનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છે.

વધુમાં કહેવામાં આવ્યું હતું કે સરકાર બ્રહ્મપુત્ર નદી સંબંધિત તમામ વિકાસ પર કાળજીપૂર્વક નજર રાખે છે, જેમાં ચીન દ્વારા હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સ વિકસાવવાની યોજનાઓનો સમાવેશ થાય છે અને અમારા હિતોનું રક્ષણ કરવા માટે જરૂરી પગલાં લે છે.

# રાણી એલિઝાબેથ, મંડેલાને મળેલો ઓમાનનો સર્વોચ્ચ અવૉર્ડ પીએમ મોદીને એનાયત

મસ્કતઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઓમાનનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ ફર્સ્ટ ક્લાસ ઓફ ધ ઓર્ડર ઓફ ઓમાન' મળ્યું હતું. ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક દ્વારા વડાપ્રધાન મોદીને 'ઓર્ડર ઓફ ઓમાન' એનાયત કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન મોદી તેમના સફળ ત્રણ દેશોના પ્રવાસના અંતિમ તબક્કામાં મસ્કટ પહોંચ્યા હતા.

અગાઉ, બંને નેતાઓએ દ્વિપક્ષી બેઠક યોજી હતી, જે દરમિયાન ભારત અને ઓમાન વચ્ચે વેપાર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં વડાપ્રધાન મોદીને ૨૯ સર્વોચ્ચ સન્માન આપવામાં આવ્યા છે. આ સન્માન અગાઉ રાણી એલિઝાબેથ, નેલ્સન મંડેલા, મહારાણી મૅક્સિમા, સમ્રાટ અકિહિતો અને જોર્ડનના રાજા અબ્દુલ્લા સહિત અનેક પ્રખ્યાત વ્યક્તિઓને એનાયત કરવામાં આવ્યું છે.

પીએમ મોદી તેમના ત્રણ દેશોના પ્રવાસના છેલ્લા તબક્કામાં બુધવારે ઓમાન પહોંચ્યા હતા. બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય બેઠક પહેલા મસ્કટના અલ બરાકા પેલેસમાં સુલતાન હૈથમ બિન તારિક દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પીએમ મોદી અને સુલતાન હૈથમ બિન તારિકે ભારત અને ઓમાન વચ્ચે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. દ્વિપક્ષીય બેઠક દરમિયાન બંને નેતાઓએ કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશીપ એગ્રીમેન્ટ (સીઈપીએ) પર હસ્તાક્ષર થયાનું સ્વાગત કર્યું હતું. સાથે કહેવામાં આવ્યું હતું કે તે ભારત-ઓમાન વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, ''આ કરાર ભારત અને ઓમાન વચ્ચે વેપાર વધારશે, રોકાણને વેગ આપશે, આર્થિક વૈવિધ્યકરણને ઉત્પ્રેરિત કરશે, અર્થતંત્રના તમામ મુખ્ય ક્ષેત્રોમાં તકો ખોલશે, આર્થિક વિકાસ વધારશે અને રોજગારીનું સર્જન કરશે.'' ■



**સન્માનઃ** મસ્કતમાં ગુરુવારે ઓમાનના સુલતાન હૈથમ બિન તારીકે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સિવિલિયન ઑનરથી નવાજ્યા હતા. (એજન્સી)

# આજનું ભારત મોટાં લક્ષ્યો નક્કી કરે છે, ઝડપથી નિર્ણયો લે છે : મોદી

મસ્કતઃ ૨૧મી સદીનું ભારત મોટા અને ઝડપી નિર્ણયો લે છે. તેમજ મોટાં લક્ષ્યો નક્કી કરીને અને નિર્ધારિત સમયની અંદર પરિણામો આપીને આગળ વધે છે. આ નિવેદન ઓમાનના પ્રવાસે રહેલા વડા પ્રધાન મોદીએ ગુરૂવારે આપ્યું હતું.

ઓમાનની બે દિવસીય મુલાકાતે આવેલા મોદીએ અહીં ભારતીય વિદ્યાર્થીઓ અને સમુદાયના સભ્યો સાથે વાતચીત કરતી વખતે આ ટિપ્પણીઓ કરી હતી. આ તકે તમામે હોંશભર્યા સૂર અને તાળીઓના ગડગડાટ સાથે તેમનું સ્વાગત કર્યું હતું. મોદીએ સંબોધનમાં શ્રોતાઓને મીની-ભારત તરીકે વર્ણવ્યા હતા. આ સાથે તમામ ઉપસ્થિત લોકોએ 'મોદી, મોદી, મોદી'ના નારા લગાવ્યા હતા.

આ કાર્યક્રમમાં ભારતના વિવિધ ભાગોમાંથી આવેલા લોકોની હાજરીનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે આજે આપણે બધા એક પરિવારની જેમ ભેગા થયા છીએ. આજે આપણે આપણા દેશ અને ટીમ ઇન્ડિયાની ઉજવણી કરી રહ્યા છીએ. ભારતમાં આપણી વિવિધતા આપણી સંસ્કૃતિનો મજબૂત પાયો છે. વડા પ્રધાને સહઅસ્તિત્વ અને સહયોગ ભારતીય ડાયસ્પોરાની ઓળખ રહી હોવા પર ભાર મૂક્યો હતો.

મોદીએ જણાવ્યું કે ૨૧મી સદીનું ભારત મોટા નિર્ણયો લે છે અને ઝડપથી નિર્ણયો લે છે, મોટા લક્ષ્યો સાથે આગળ વધે છે. વળી નિર્ધારિત સમયમર્યાદામાં પરિણામો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અટકતા નથી. 'મૈત્રી પર્વ' કાર્યક્રમમાં ભારતભરની વિવિધ શાળાઓના ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

# તાઈવાનને ૧૦ અબજ ડૉલરના શસ્ત્રો આપશે અમેરિકા

## ▸ વૉશિંગ્ટનની જાહેરાતથી ચીન બરાબરનું ભડક્યું

વૉશિંગ્ટનઃ તાઈવાનને મધ્યમ રેન્જની મિસાઈલ, હૉવિત્ઝર સિસ્ટમ અને ડ્રોન સહિત ૧૦ અબજ ડૉલર કરતાં પણ વધુ ડૉલરનાં શસ્ત્રો આપવાની અમેરિકાએ જાહેરાત કરી હતી.

અમેરિકાની આ જાહેરાતને કારણે ચીન રોષમાં છે. અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે બુધવારે રાષ્ટ્રને સંબોધન કરતાં આ જાહેરાત કરી હતી.

ટ્રમ્પે અમેરિકાની વિદેશ નીતિનો ભાગ્યે જ ઉલ્લેખ કર્યો હતો તેમ જ ચીન અને તાઈવાન અંગે કશું પણ બોલવાનું ટાળ્યું હતું.

અમેરિકાના પ્રમુખ તરીકેની ટ્રમ્પની બીજી મુદતમાં ટ્રેડ અને ટૅરિફને તેમ જ તાઈવાન પરત્વેના ચીનના આક્રમક વલણને મુદ્દે બંને દેશ વચ્ચેનો તણાવ વધ્યો છે. ચીનનું કહેવું છે કે તાઈવાને ચીન સાથે ફરી જોડાઈ જવું જોઈએ.

અમેરિકા દ્વારા પૂરાં પાડવામાં આવનારાં શસ્ત્રો તાઈવાનની સુરક્ષામાં વધારો કરશે અને રાજકીય સ્થિરતા, લશ્કરી સંતુલન જાળવવામાં અને આર્થિક પ્રગતિ કરવામાં મદદરૂપ થશે.

ચીનના વિદેશ પ્રધાને અમેરિકાનાં આ નિર્ણય પર એમ કહીને પ્રહાર કર્યો હતો કે આ બાબત બંને દેશ વચ્ચેના રાજદ્વારી કરારનો ભંગ કરશે, ચીનની સ્વાયત્તતાને ગંભીર રીતે નુકસાન પહોંચાડશે અને પ્રાદેશિક સ્થિરતા સામે જોખમ ઊભું કરશે. (એજન્સી)■

# મમતાએ બંગાળમાં રોજગાર યોજનાને ગાંધીજીનું નામ આપ્યું

નવી દિલ્હીઃ અગાઉની યુપીએ સરકારના શાસનકાળની મનરેગા રોજગાર યોજનાની જગ્યા લેનારા વીબી-જી- રામ-જી બિલ મુદ્દે વિવાદ વચ્ચે પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ પશ્ચિમ બંગાળની સરકારી રોજગાર ગેરંટી યોજના 'કર્મશ્રી'નું નામ બદલીને મહાત્મા ગાંધીના નામ પર રાખવાની ગુરુવારે જાહેરાત કરી હતી.

મમતા બેનરજીએ જણાવ્યું કે નરેગા યોજનામાંથી ગાંધીજીનું નામ દૂર કરવામાં આવ્યું તે શરમજનક વાત છે. જો તેઓ રાષ્ટ્રપિતાને માન આપી શકતા નથી, તો અમે આપીશું.

મમતા બેનરજીની આ ટિપ્પણી અને બંગાળની રોજગાર ગેરંટી યોજનાનું નામ બદલાનું આ પગલું ગુરુવારના રોજ લોકસભામાં વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન(ગ્રામીણ) અથવા વીબી-જી- રામ- જી બિલ પસાર થયા પછી સામે આવ્યા છે. વીબી-જી-રામ-જી બિલ યુપીએ શાસનકાળના મનરેગાની જગ્યા લેશે. જે ગ્રામીણ વિસ્તારોમાં રોજગારની ગેરંટી આપે છે. ■

# રોજની ૨,૨૦૦ ફ્લાઈટ સાથે ઈન્ડિગો પાટે ચડીઃ સીઈઓ

ગુરુગ્રામઃ ડિસેમ્બર મહિનાની શરૂઆતથી જ ભારતની સૌથી મોટી એરલાઈન ઇન્ડિગોનું ફ્લાઈટ ઓપરેશન ખોરવાઈ ગયું હતું, દરરોજ સંખ્યાબંધ ફ્લાઈટ્સ કેન્સલ થતા લાખો મુસાફરોને હાલાકીમાંથી પસાર થયા હતાં. આજે ગુરુવારે સીઇઓ પીટર એલ્બર્સે જાહેરાત કરી છે કે ૨,૨૦૦ ફ્લાઇટ્સના નેટવર્કને ફરી સંપૂર્ણ રીતે કાર્યરત કરી દેવામાં આવ્યું છે. ઈન્ડિગો એરલાઇનના કર્મચારીઓને સંબોધીને શેર કરવામાં આવેલા એક વિડીઓમાં સીઇઓ પીટર એલ્બર્સે કહ્યું કે આપણે તોફાનોમાંથી પસાર થયા, આપણને આપણી પાંખો મળી ગઈ.

એરલાઈનના કર્મચારીઓનો આભાર માનતા એલ્બર્સે કહ્યું કે છેલ્લા કેટલાક અઠવાડિયા પડકારજનક રહ્યા પરંતુ કર્મચારીઓના સામૂહિક પ્રયત્નને કારણે એરલાઈન કટોકટીમાંથી બહાર આવી શકી. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| बीच | વીજળી |
| बीका | બી |
| बीज | વચ્ચે |
| बीजुरी | વીણવું |
| बीनना | વાંકું |

### જાણવા જેવું

વર્તમાનમાં અથવા કોઈ ચોક્કસ સમયકાળમાં ચાલી રહેલા ચિત્રપટમાં ભૂતકાળનો સંદર્ભ દર્શાવવા ફ્લેશબેક પદ્ધતિનો ઉપયોગ કાયમ જોવા મળે છે. ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આ ટેકનિકનો ઉપયોગ સૌપ્રથમ પી. સી. બરુઆ દિગ્દર્શિત ફિલ્મ 'રૂપલેખા' - 'મોહબ્બત કી કસોટી' (૧૯૩૪) ફિલ્મમાં જોવા મળ્યો હતો.

### ગુજરાત મોરી મોરી રે

બોક્સ ઓફિસ પર ટંકશાળ સાબિત થયેલી ગુજરાતી ફિલ્મ 'લાલો - કૃષ્ણ સદા સહાયતે'માં લાલો નામનો માનવી કયો વ્યવસાય કરે છે?

અ) દુકાનદાર બ) રિક્ષાચાલક
ક) ફળ વિક્રેતા ડ) ક્રિકેટ કોચ

### નોંધી રાખો

૧૯૩૧માં રિલીઝ થયેલી દેવકી બોઝ દિગ્દર્શિત 'અપરાધી' ફિલ્મમાં પહેલી વાર કૃત્રિમ લાઈટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | ■ | ૩ | | ૪ | ૫ | ■ | ૬ |
| ૭ | | | | | ■ | ૮ | | ૯ | |
| ૧૦ | | | ■ | ૧૧ | ૧૨ | | ■ | | ■ |
| | ■ | ■ | ૧૩ | | | ■ | ૧૪ | ■ | ■ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ■ | | ■ | ૧૮ | | ૧૯ | ■ |
| ■ | ૨૦ | | | ■ | ૨૧ | ■ | ૨૨ | | ૨૩ |
| ■ | ■ | | ■ | ૨૪ | | | ■ | ■ | |
| ■ | ૨૫ | ■ | ૨૬ | | | ■ | ૨૭ | ૨૮ | |
| ૨૯ | | ૩૦ | | ■ | ૩૧ | | | | |
| | ■ | ૩૨ | | | | ■ | ૩૩ | | ■ |

**આડી ચાવી**

૧. ભસ્મ (૨)
૩. ઉમંગમાં ઠાઠથી ધીમે ધીમે ચાલતું (૪)
૭. અધવચ, અધ્ધર (૫)
૮. આસક્તિ અને વેરઝેર (૪)
૧૦. બાજુ, પક્ષ (૩)
૧૧. શક્તિ, સામર્થ્ય (૩)
૧૩. ગાય (૩)
૧૫. અનાથ બાળ (૩)
૧૮. મેળાપ, સમાગમ (૩)
૨૦. કૃપા, મહેરબાની (૩)
૨૨. ગુજરાતની એક નદી (૩)
૨૪. વાણી, સરસ્વતી (૩)
૨૬. નદીનો બાંધ (૩)
૨૭. કામદેવ (૩)
૨૯. ખુશ ખુશ (૪)
૩૧. દુર્દશા, પાયમાલી (૫)
૩૨. પ્રખ્યાત, જાણીતું (૪)
૩૩. તંતુ વાદ્ય (૨)

**ઊભી ચાવી**

૧. ખેતરમાં પાક સારો લેવા તેમાં --- નાંખવામાં આવે (૩)
૨. ચોમાસું પાક (૩)
૩. મિલનસાર (૫)
૪. ઊભા કાંઠાની મોટી થાળી (૩)
૫. ટોચ, શિખર (૨)
૬. ગુનો, વાંક (૨)
૭. વિઘ્ન, અડચણ (૪)
૯. ઈર્ષા, વેર (૨)
૧૨. યુક્તિ, તદબીર (૨)
૧૪. એક પ્રકારની બંગડી (૩)
૧૬. બાણ (૨)
૧૭. સુગંધ, ફોરમ (૩)
૧૯. ભેદ, રહસ્ય (૨)
૨૧. ઉદ્ધારક (૫)
૨૩. જંગલમાં એની મેળે સળગતો અગ્નિ (૪)
૨૪. બોજો, વજન (૨)
૨૫. એક કેફી પીણું (૨)
૨૬. ઉત્સાહ, ઉત્કટતા (૩)
૨૭. મોટું (૩)
૨૮. શાહીનો ખડિયો (૩)
૨૯. આખડી, માનતા (૨)
૩૦. દૂખાવો મટાડવા ચોપડાતો મલમ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ આ | ૨ ર | ૩ ત | ■ | ■ | ૪ વા | ૫ મ | ણું | ■ |
| ૬ વ | ર્ત | મા | ન | ■ | ૭ સ | રો | જ | ■ | ૮ સં |
| ■ | ના | ■ | ૯ યા | ૧૦ ચ | ક | ■ | ૧૧ મુ | ૧૨ કા | મ |
| ૧૩ વ | દ | ૧૪ ન | ■ | ૧૫ વ | લ | ૧૬ ન | ■ | ૧૭ ર | તિ |
| પુ | ■ | ૧૮ વા | ૧૯ વ | ડ | ■ | ૨૦ વ | ૨૧ સ | મું | ■ |
| ■ | ૨૨ અં | બ | ર | ■ | ૨૩ આ | રો | હ | ■ | ૨૪ મ |
| ૨૫ ગ | ત | ■ | ૨૬ સ | ૨૭ ન | દ | ■ | ૨૮ સા | ૨૯ ધ | ના |
| ૩૦ મા | ર | ૩૧ ગ | ■ | ૩૨ ભા | ર | ૩૩ જા | ■ | ર્મ | ■ |
| ર | ■ | ૩૪ ની | ૩૫ ર | વ | ■ | ૩૬ વ | ૩૭ ન | રા | જી |
| ■ | ૩૮ કા | મ | ણ | ■ | ■ | ૩૯ કે | ર | જ | ■ |

### ઓળખાણ પડી?



શેક્સપિયરની કૃતિ 'ધ ટેમિંગ ઓફ ધ શ્રૂ' પર આધારિત હિન્દી ફિલ્મમાં સંજીવ કુમાર સાથે નજરે પડતી અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) વિદ્યા સિંહા
બ) જયશ્રી ટી.
ક) સુલક્ષણા પંડિત
ડ) લીના ચંદાવરકર

### સુડોકુ-૯૧૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૪ | | | | | ૩ | |
| ૩ | | ૨ | | | ૧ | | | |
| ૯ | ૭ | | ૩ | | ૨ | | | |
| ૮ | | | | | ૪ | | | |
| ૪ | | ૭ | | ૧ | | ૨ | | ૮ |
| | | | ૭ | | | | | ૪ |
| | | | ૨ | | ૮ | | ૯ | ૫ |
| | | | ૬ | | | ૮ | | ૭ |
| | ૫ | | | | | ૬ | ૨ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૩ | ૬ | ૫ | ૧ | ૮ | ૯ | ૪ |
| ૮ | ૫ | ૧ | ૯ | ૭ | ૪ | ૩ | ૬ | ૨ |
| ૯ | ૬ | ૪ | ૩ | ૨ | ૮ | ૧ | ૭ | ૫ |
| ૪ | ૯ | ૬ | ૮ | ૧ | ૨ | ૭ | ૫ | ૩ |
| ૩ | ૮ | ૭ | ૫ | ૯ | ૬ | ૪ | ૨ | ૧ |
| ૫ | ૧ | ૨ | ૭ | ૪ | ૩ | ૬ | ૮ | ૯ |
| ૬ | ૪ | ૯ | ૨ | ૩ | ૭ | ૫ | ૧ | ૮ |
| ૭ | ૩ | ૫ | ૧ | ૮ | ૯ | ૨ | ૪ | ૬ |
| ૧ | ૨ | ૮ | ૪ | ૬ | ૫ | ૯ | ૩ | ૭ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| बुंद | ટીપું |
| बुआ | ફોઈ |
| बुक्का | ચૂર્ણ |
| बुजुर्ग | વયોવૃદ્ધ |
| बुजदिल | ડરપોક |

**ગુજરાત મોરી મોરી રેઃ** બચુની બહેનપણી

**ઓળખાણ પડી?** જોય મુખર્જી

**માઈન્ડ ગેમ :** ગુરુ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ગોદાન

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

રણવીર સિંહના લીડ રોલમાં ધૂમ મચાવનારી 'ધૂરંધર' ફિલ્મના દિગ્દર્શક આદિત્ય ધરએ વિકી કૌશલ સાથે બનાવેલી સુપરહિટ ફિલ્મ કઈ ?

અ) સરદાર ઉધમ બ) ઉરીઃ ધ સર્જીકલ સ્ટ્રાઈક ક) જરા હટ કે જરા બચ કે ડ) છાવા

### માઈન્ડ ગેમ

ચાર દાયકા સુધી ફિલ્મોમાં સતત વ્યસ્ત રહેલા એક્ટર જીતેન્દ્રને કઈ ફિલ્મથી 'જમ્પિંગ જેક'નો ખિતાબ મળ્યો હતો એ કહી શકશો?

અ) ઔલાદ બ) હમજોલી ક) ફર્ઝ ડ) ગુનાહોં કા દેવતા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) હર્ષા મહેતા (૭) શ્રદ્ધા આશર (૮) પુષ્પા પટેલ (૯) લજિતા ખોના (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) મીનલ કાપડિયા (૧૨) કિરીટ છેડા (૧૩) ચેતન છેડા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) જયશ્રી બુચ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) ભરત કજરિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અરવિંદ કામદાર (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) પુષ્પા ખોના (૩૧) ડાયના સંતોકે (૩૨) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૩) મહેશ સંઘવી (૩૪) કમલ માતલિયા (૩૫) નિતીન જયંતિલાલ બજરિયા (૩૬) પ્રવીણ વોરા (૩૭) ડો. પ્રકાશ કટકિયા (૩૮) પ્રતિમા પમાણી (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) મહેશ દોશી (૪૨) અલકા વાણી (૪૩) વિપીન શાહ (૪૪) નૂતન વિપીન શાહ (૪૫) પ્રજ્ઞા પુરોહિત - જામનગર (૪૬) પ્રમોદ પુરોહિત - જામનગર (૪૭) હિંમત ખોલીયા (૪૮) ભામીની સંપટ

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) શિવા, ૨) ક્રિષ્ના, ૩) અભિમન્યુ, ૪) રાવણ, ૫) બ્રહ્મા, ૬) અર્જુન, ૭) યમરાજ

ક્વિઝ (બ) ૧) આખરી ડાકુ, ૨) છૈલા બાબુ, ૩) રોટી, ૪) દિલ દેકે દેખો, ૫) સાહેબ, ૬) સી આઈ ડી ૯૦૯, ૭) રામ બલરામ

# બોમ્બે હાઇ કોર્ટ સહિત સ્થાનિક અદાલતો અને બે પ્રતિષ્ઠિત બૅન્કને મળ્યા બૉમ્બની ધમકીના ઈમેઈલ

## નાગપુરની કોર્ટને બોમ્બથી ફૂંકી મારવાની ધમકી અફવા નીકળી

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં બોમ્બે હાઇ કોર્ટ સહિત અમુક સ્થાનિક અદાલત અને બે પ્રતિષ્ઠિત બૅન્કમાં બોમ્બ મુકાયો હોવાની ધમકી આપતા ઇમેઇલ મળતાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસની ટીમે તમામ સ્થળોએ સઘન તપાસ હાથ ધરી હતી, પણ કોઇ જ વાંધાજનક વસ્તુ મળી આવી નહોતી. બીજી તરફ નાગપુરની કોર્ટને પણ બોમ્બની ધમકીનો ઇમેઇલ પ્રાપ્ત થયો હતો, પણ તપાસને અંતે ધમકી અફવા સાબિત થઇ હતી.

દક્ષિણ મુંબઈમાં બોમ્બે હાઇ કોર્ટ, સેશન્સ કોર્ટ, મઝગાંવ અને એસ્પ્લેનેડ કોર્ટ, બાંદ્રા અને અંધેરી ખાતેની મેજિસ્ટ્રેટ કોર્ટ સહિત બે પ્રતિષ્ઠિ બૅન્કમાં બોમ્બ મુકાયા છે, એવી ધમકી આપતા ઇમેઇલ ગુરુવારે સવારે પ્રાપ્ત થયા હતા, જેને પગલે સંબંધિત પોલીસ સ્ટેશનોને તેની જાણ કરવામાં આવી હતી. આથી પોલીસની વિવિધ ટીમોને તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. આમાંના મોટા ભાગના સ્થળોને ખાલી કરાવવામાં આવ્યા બાદ બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ) દ્વારા સઘન તપાસ કરાઇ હતી, પરંતુ કોઇ વાંધાજનક વસ્તુ મળી આવી નહોતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

બોમ્બે હાઇ કોર્ટના બે બાર એસોસિયેશન દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું કે સુરક્ષાના કારણોસર સર્ચ ઓપરેશન માટે હાઇ કોર્ટના સ્ટાફ સભ્યોને તુરંત પરિસર ખાલી કરવા માટે સૂચના આપવામાં આવી હતી. બોમ્બની ધમકી અને સર્ચ ઓપરેશનને કારણે કોર્ટની કાર્યવાહી લગભગ એક કલાક સુધી ખોરવાઇ હતી. તમામ કોર્ટરૂમોની બારીકાઇથી તપાસ કરવામાં આવી હતી અને બપોરના ત્રણ વાગ્યે સુનાવણી શરૂ થઇ હતી, એમ બોમ્બે બાર એસોસિયેશનના અધ્યક્ષ નીતિન ઠક્કરે જણાવ્યું હતું.

અંધેરીમાં ઘટના અંગે એડવોકેટ

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ સહિત રાજ્યમાં ફરી ઠંડીનું મોજું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છેલ્લા ચાર -પાંચ દિવસથી મુંબઈ સહિત રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ઘટી ગયું હતું અને દિવસ દરમ્યાન ગરમી અને ઉકળાટ જણાઈ રહ્યો હતો. જોકે આ અઠવાડિયામાં ફરી એક વખત રાજ્યમાં ઠંડીનું મોજું ફરી વળવાની અને તાપમાનનો પારો નીચે ઉતરી જવાની શક્યતા હવામાન નિષ્ણાતે વ્યક્ત કરી છે.

મુંબઈમાં ગયા અઠવાડિયે તાપમાનનો પારો ૧૪.૯ સુધી નીચે ઉતરી ગયો હતો. આખું અઠવાડિયું મુંબઈ સહિત રાજ્યમાં પારો સતત નીચો નોંધાઈ રહ્યો હતો પણ બે-ચાર દિવસથી ઠંડીનું પ્રમાણ ઘટી ગયું હતું. વહેલી સવારના થોડી ઠંડક અને દિવસ દરમ્યાન ગરમી અને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો હતો. દિવસના સમયમાં તાપમાનનો પારો ૩૧ ડિગ્રીથી ૩૪

(જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રના ‘રમી’ પ્રધાનને બરતરફ કરાયા, પણ ફડણવીસ પર દબાણ વધ્યું

નવી દિલ્હી : મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર ઊથલપાથલ મચી ગઈ છે. રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (અજિત પવાર જૂથ) ના નેતા માણિકરાવ કોકાટે, આ વર્ષની શરૂઆતમાં વિધાનસભા સત્ર દરમિયાન ફોન પર રમી રમતા પકડાયા હતા. તેમને ગુરુવારે સવારે રાજ્યના રમતગમત પ્રધાન પદેથી બરતરફ કરવામાં આવ્યા છે.

જોકે, તેઓ હાલ પૂરતા પ્રધાન (કોઈ પોર્ટફોલિયો વિના) અને સિનર બેઠકના ધારાસભ્ય છે.

બંને મુદ્દાઓનો ઉપયોગ વિપક્ષ ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના શાસક મહાયુતિની ટીકા

(જુઓ પાનું ૪) ▶▶

### કોકાટે વિવાદ કેમ અલગ

૧૯૯૫ના આવાસ કૌભાંડ કેસ, જેમાં તેમના ભાઈ વિજય પણ સામેલ છે, નાશિક કોર્ટે તેમની દોષિત ઠેરવીને બે વર્ષની જેલની સજા યથાવત રાખ્યાના કલાકો પછી, બુધવારે કોકાટેએ પોતાનું રાજીનામું રજૂ કર્યું. તેઓ આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦ ટકા અનામતનો દુરુપયોગ કરવા બદલ દોષિત ઠર્યા હતા. અલબત્ત, એનસીપી નેતાએ ચુકાદાને પડકારવા માટે બૉમ્બે હાઈ કોર્ટનો સંપર્ક કર્યો. કોર્ટે તેમની અરજી શુક્રવારે સાંભળવા સંમતિ આપી, તેથી ધરપકડથી બચવા માટે તેઓ મુંબઈની એક હૉસ્પિટલમાં દાખલ થઈ

(જુઓ પાનું ૪) ▶▶

### કોકાટેનું રાજીનામું

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષના પ્રધાન માણિકરાવ કોકાટેએ છેતરપિંડી અને બનાવટી કેસમાં દોષિત સાબિત થતા અને બે વર્ષની જેલની સજા અદાલતે યથાવત્ રાખ્યા બાદ મહારાષ્ટ્ર પ્રધાનમંડળમાંથી રાજીનામું આપી દીધું છે એમ એનસીપી પ્રમુખ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ગુરુવારે જણાવ્યું હતું.

મુંબઈમાં એક નિવેદનમાં પવારે જણાવ્યું હતું કે કોકાટેનું રાજીનામું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર

(જુઓ પાનું ૪) ▶▶

# બેઠક વહેંચણી અંગે ભાજપની નવી પેટર્નનો શિંદે સેનાનો વિરોધ

મુંબઈઃ આગામી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે ભાજપ અને શિંદે જૂથ વચ્ચે ગુરુવારે બીજી બેઠક યોજાઈ હતી. આ બેઠક પહેલા, ભાજપ દ્વારા બેઠક વહેંચણી માટે અપનાવવામાં આવેલી નવી પેટર્ન અંગે ચર્ચા થઈ રહી છે. એક તરફ શિંદે જૂથ દ્વારા ૨૨૭માંથી અડધી બેઠકોની માગ કરવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ ભાજપે ગત ચૂંટણીમાં શિવસેનાએ જીતેલી બેઠકો પર પણ પોતાનો દાવો કર્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપે ૨૦૧૭માં જીતેલી ૮૨ બેઠક પર પોતાનો દાવો યથાવત રાખ્યો છે. આ ઉપરાંત, ૨૦૧૭માં બળવાને કારણે હારેલા ભાજપના ઉમેદવારોને મળેલા મતો અને બળવાખોર ઉમેદવારને મળેલા મતોનો સરવાળો જો ત્યાંના શિવસેનાના વિજેતા ઉમેદવાર કરતા વધારે હશે, તો તે બેઠક પર પણ ભાજપ દ્વારા દાવો કરવામાં આવ્યો

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં કૉંગ્રેસ-ઉદ્ધવ ઠાકરે ગઠબંધન તૂટ્યું

મુંબઈઃ કૉંગ્રેસ મુંબઈમાં બીએમસીની ચૂંટણી એકલા હાથે લડશે. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) સાથેની વાતચીત નિષ્ફળ ગયા બાદ પાર્ટીએ આ નિર્ણય લીધો છે. આ સાથે, મહા વિકાસ આઘાડીના ભવિષ્ય પર પણ પ્રશ્નાર્થ મુકાયો છે, જેમાંથી ઉદ્ધવ ઠાકરે ૨૦૧૯માં મુખ્યપ્રધાન બન્યા હતા. બીજી તરફ, ઉદ્ધવ ઠાકરેએ મુંબઈમાં બીએમસી ચૂંટણી તેમના પિતરાઈ ભાઈ રાજ ઠાકરેની આગેવાની હેઠળની મનસે સાથે મળીને લડવાનો સંકલ્પ કર્યો છે. એવી ચર્ચા છે કે આગામી થોડા દિવસોમાં બંને ભાઈઓના ગઠબંધન અને બેઠકોની વહેંચણી

(જુઓ પાનું ૪) ▶▶

## પાલિકા ચૂંટણી પૂર્વે કૉંગ્રેસને ઝટકો

# એમએલસી પ્રજ્ઞા સાતવ ભાજપમાં

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાન પરિષદના સભ્ય પદ પરથી ગુરુવારે રાજીનામું આપ્યા બાદ થોડા જ કલાકમાં કૉંગ્રેસનાં પ્રજ્ઞા સાતવ ભારતીય જનતા પક્ષ (ભાજપ)માં જોડાયાં હતાં. ભાજપના મહારાષ્ટ્ર અધ્યક્ષ રવિન્દ્ર ચવાણ અને મહેસૂલ ખાતાના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેની હાજરીમાં પ્રજ્ઞા સાતવ ભાજપમાં જોડાયા હતાં.

લોકસભામાં વિરોધ પક્ષના નેતા કૉંગ્રેસના રાહુલ ગાંધીના નિકટવર્તી કૉંગ્રેસી નેતા સ્વર્ગીય રાજીવ સાતવનાં પત્ની પ્રજ્ઞા સાતવ મરાઠવાડા વિસ્તારના હિંગોલી જિલ્લાના છે. સૌપ્રથમ ૨૦૨૧માં તેઓ વિધાન પરિષદમાં ચૂંટાયા હતાં. ભાજપમાં જોડાવાનો તેમનો નિર્ણય કૉંગ્રેસ માટે ઝટકો હોવાનું માનવામાં આવે છે.

પતિના અવસાન પછી પ્રજ્ઞા સાતવએ મહારાષ્ટ્ર પ્રદેશ કૉંગ્રેસ કમિટીના

(જુઓ પાનું ૪) ▶▶

## ભાજપ અને શિવસેના સાથેની વાતચીત નિષ્ફળ

# અજિત પવારે મુંબઈમાં ૫૦ બેઠક માટે યોજના બનાવી

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં એનસીપી (અજિત પવાર) જૂથ મહાયુતિ સાથે લડશે કે એકલા હાથે મેદાનમાં ઉતરશે, તે અંગે અજિત પવાર ટૂંક સમયમાં નિર્ણય લેશે. બુધવારે નવાબ મલિકના નેતૃત્વમાં મુંબઈ એનસીપીની ટીમે અજિત પવારના બંગલે તેમની મુલાકાત લીધી હતી. એનસીપીના સૂત્રોના જણાવ્યા અનુસાર, અજિત પવાર સાથેની મુલાકાતમાં મુંબઈની ૫૦ બેઠકો પર ચૂંટણી લડવાની શક્યતા વિશે માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે અજિત પવારે જણાવ્યું હતું કે, મહાયુતિ સાથે ગઠબંધન થશે કે નહીં તેનો નિર્ણય ટૂંક સમયમાં લેવામાં આવશે, પરંતુ એનસીપીએ અત્યારથી જ ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દેવી જોઈએ.

ભાજપના વિરોધ છતાં, અજિત પવારે બીએમસી ચૂંટણી માટે નવાબ મલિક પર પોતાનો વિશ્વાસ જાળવી રાખ્યો છે.

એનસીપીના એક નેતાએ જણાવ્યું હતું કે મહાયુતિ સાથે આ બાબતે ચર્ચા કરવા માટે એક સંકલન સમિતિની રચના કરવામાં આવી શકે છે. પ્રધાન અદિતિ તટકરે, મુંબઈના અન્ય બે નેતાઓ અને ધારાસભ્ય સના મલિકને સામેલ કરવા માટે ચર્ચા ચાલી રહી છે. બેઠકમાં અજિત પવારે જણાવ્યું હતું કે તેઓ અંત સુધી

(જુઓ પાનું ૪) ▶▶

# કાકા-ભત્રીજાની એનસીપીનો સહયોગ ભાજપ સાથે હાથ મિલાવવા બરાબરઃ રાઉત

મુંબઈઃ કાકા શરદ પવારના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી) ભત્રીજા અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપી સાથે પુણે મહાનગરપાલિકાની ચૂંટણી માટે હાથ મિલાવે એ ભારતીય જનતા પક્ષ (ભાજપ) સાથે હાથ મિલાવવા બરાબર ગણાય એમ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે ગુરુવારે જણાવ્યું હતું.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાઉતે એમ પણ જણાવ્યું હતું કે પોતે એનસીપી (એસપી) પ્રમુખ શરદ પવારને મળશે અને પુણે નગરપાલિકા ચૂંટણી માટે બંને પ્રતિસ્પર્ધી જૂથ વચ્ચે આપસી સમજણ સાધવા સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે.

એક પ્રશ્નના જવાબમાં રાઉતે જણાવ્યું હતું કે અજિત પવાર સાથે ગઠબંધન હોવું ભાજપ સાથે હાથ મિલાવવા બરાબર છે. અજિત પવાર ભાજપના એજન્ટ છે અને તેમની સાથે કોઈ પણ પ્રકારનો સહયોગ ભાજપને મજબૂત બનાવશે.

પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે એનસીપી અને એનસીપી (એસપી) વચ્ચે જોડાવા અંગે ચર્ચા થઈ છે. આ અઠવાડિયાના પ્રારંભમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે પુણે અને પિંપરી ચિંચવડ

(જુઓ પાનું ૪) ▶▶

# થાણેમાં શિંદે સેનાને બળવાખોરનો ડર

## ઈચ્છુક ઉમેદવારોને અરજીમાં પક્ષનો આદેશ માનવાનું ફરજિયાત હોવાની શરત

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે મહાનગરપાલિકાની ચૂંટણીમાં પોતાનો ગઢ જાળવી રાખવા શિંદેસેના તમામ તાકાત લગાવી દેવાની છે. જોકે ઉમેદવારોમાં બળવાખોરી ના કરે તે માટે પાણી પહેલા પાળ બાંધે તેમ શિવસેનાએ ઈચ્છુક ઉમેદવારો માટેની અરજીમાં વિશેષ જાહેરનામું જોડ્યું છે, જેમાં ઉમેદવારોને પક્ષનો આદેશ માનવાનું ફરજિયાત રહેશે એવું ચોખ્ખા શબ્દોમાં લખવામાં આવ્યું છે.

શિવસેનાએ ઈચ્છુક ઉમેદવારોને જો સીટ ના મળે તો છેલ્લી ઘડીએ પક્ષપલટો કરીને પક્ષને નુકસાન ના કરે તે માટે ઉમેદવારો પાસેથી અરજીમાં પક્ષનો આદેશ માનવો ફરજિયાત રહેશે એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પક્ષને નક્કી કરેલા

(જુઓ પાનું ૪) ▶▶

# મહાયુતિથી અલગ રાખવાની વાત કોઈ ભાજપ નેતાએ નથી કરીઃ તટકરે

મુંબઈઃ આગામી પાલિકા ચૂંટણીમાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી)ને મહાયુતિથી અલગ રાખવામાં આવશે એવું કોઈ પણ ભાજપ નેતાએ નથી કહ્યું એવી સ્પષ્ટતા મહારાષ્ટ્ર એનસીપી અધ્યક્ષ સુનીલ તટકરેએ ગુરુવારે કરી હતી.

એનસીપી અધ્યક્ષ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારએ પાલિકા ચૂંટણી સંદર્ભે પક્ષના

(જુઓ પાનું ૪) ▶▶

# એમએમઆરમાં બે લાખ કરોડના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ ચાલી રહ્યા છેઃ ફડણવીસ

થાણેઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં હાલ બે લાખ કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા હોવાની જાણકારી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આપી હતી. આ પ્રોજેક્ટ્સ હેઠળ ચાલી રહેલા મેટ્રો અને રેલવે શરૂ થતા થાણે જિલ્લાના અંબરનાથ અને બદલાપુર વિસ્તારોને લાભ થશે

અંબરનાથ પાલિકા ચૂંટણી માટે પ્રચાર અર્થે આવેલા ફડણવીસે એક જાહેરસભામાં બુધવારે રાત્રે જણાવ્યું હતું કે 'કાંજુરમાર્ગને બદલાપુર સાથે જોડતી મેટ્રો ૧૪નું કામ આગામી ચાર મહિનામાં શરૂ થઈ જશે. મેટ્રો ૫, ૧૨ અને ૧૪ અંબરનાથ અને બદલાપુરની કનેક્ટિવિટીમાં મોટો બદલાવ લાવશે જેનાથી આવન જાવન સરળ બનશે અને વિકાસને ઉત્તેજન મળશે. મારે સમગ્ર મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તારનો વિકાસ કરવો છે અને અંબરનાથ શહેર માટે મેં વિશિષ્ટ સપનું જોયું છે.' આટલી રજૂઆત બાદ સપના સાકાર કરવા ભાજપના ઉમેદવારોને સમર્થન આપવા તેમણે અપીલ કરી હતી.

અંબરનાથને મુંબઈનું પ્રવેશદ્વાર ગણાવી મુખ્ય પ્રધાને સ્પષ્ટતા કરી હતી કે આજની મુલાકાતનો હેતુ કોઈ રાજકીય પ્રતિસ્પર્ધીની ટીકા કરવાનો નહીં, પણ ભાજપનો વિકાસ કાર્યક્રમ રજૂ કરવાનો છે. રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિશેષ ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું હતું કે કલ્યાણ અને બદલાપુર વચ્ચે ત્રીજી અને ચોથી રેલવે લાઈનનું કામ પૂર્ણ થતાની સાથે દર ૧૦ મિનિટના અંતરે લોકલ ટ્રેન ઉપલબ્ધ થશે અને રેલવે સર્વિસ બહેતર બની જશે. ટૂંક સમયમાં કોઈ પણ પ્રકારના ભાડા વધારો કર્યા વિના બધી લોકલ ટ્રેન એરકન્ડિશન્ડ કરવામાં આવશે. (પીટીઆઈ)■

# થાણેમાં ૩,૭૭૮ ગેરકાયદે પોસ્ટર્સ અને બેનરો હટાવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે મહાનગરપાલિકાની ચૂંટણી માટે આચારસંહિતા અમલમાં આવ્યા બાદ શહેરમાં ઠેક ઠેકાણે લાગેલી જાહેરાત, બેનર અને પોસ્ટર્સ હટાવવાની ઝુંબેશ થાણે મહાનગરપાલિકાના અતિક્રમણ વિભાગે હાથ ધરી છે, જે અંતર્ગત ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ના બપોરના ચાર વાગ્યાથી ૧૮ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીના સમયગાળામાં શહેરના કુલ ૩,૭૭૮ પોસ્ટર્સ , દિવાલ પર લાગેલા સ્ટીકર અને બેનર વગેરે દૂર કરવામાં આવ્યા છે.

મુંબઈ સહિત થાણે મહાનગરપાલિકાની ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના ચૂંટણી થવાની છે, તે પાર્શ્વભૂમી પર શહેરમાં લાગુ કરવામાં આવેલી આદર્શ આચારસંહિતાનું સખતાઈપૂર્વક પાલન કરવામાં આવી રહ્યું છે, તે માટે તમામ રાજકીય પક્ષના તથા સ્વતંત્ર રીતે રાજકીય નેતાઓ દ્વારા ગેરકાયદે રીતે લગાવેલા પોસ્ટરો અને બેનરો હટાવવામાં આવી રહ્યા છે. થાણે શહેરના નવ વોર્ડમાંથી અત્યાર સુધી ૩,૭૭૮ ગેરકાયદે પોસ્ટર્સ, બેનર વગેરે હટાવવામાં આવ્યા છે, જેમાં ૬૩૦ દિવાલ પરના સ્ટીકર, ૮૯૭ પોસ્ટર, ૮૩ કટઆઉટસ ૧,૨૬૬ બેનર અને ૬૦૨ ફલેગનો સમાવેશ થાય છે. ■

# આધુનિક ભારતની ભવ્ય કલાને આકાર આપનારા રામ સુતારનું નિધન

મુંબઈ : આધુનિક ભારતીય શિલ્પકળાના એક ઉત્કૃષ્ટ શિલ્પકાર રામ વી. સુતારનું બુધવારે મોડી રાત્રે, ૧૦૦ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી સહિતની જેમની સ્મારક રચનાઓએ દેશના જાહેર કલાના લેન્ડસ્કેપને વ્યાખ્યાયિત કર્યું હતું, તે સુપ્રસિદ્ધ શિલ્પકાર રામ વી. સુતારે ભારતીય સ્મારક શિલ્પને વૈશ્વિક સ્તરે ઓળખ આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

સાત દાયકાથી વધુની કારકિર્દીમાં, તેમણે દેશની કેટલીક સૌથી પ્રતિષ્ઠિત પ્રતિમાઓ અને સ્મારકો બનાવ્યા, જેમાં કલાત્મક વાસ્તવિકતા અને ઐતિહાસિક ઊંડાણનું મિશ્રણ જોવા મળ્યું હતું. ‘‘પ્રતિમા પુરુષ’’ તરીકે પણ ઓળખાતા, સુતારે કાંસ્ય અને પથ્થર પરની તેમની અપ્રતિમ નિપુણતા માટે ભારત અને વિદેશમાં ખૂબ માન મેળવ્યું હતું.

૧૯ ફેબ્રુઆરી, ૧૯૨૫ના રોજ મહારાષ્ટ્રના ધુળે જિલ્લાના ગોંડુર ગામમાં એક સામાન્ય પરિવારમાં જન્મેલા સુતાર ભારતના સૌથી પ્રખ્યાત કલાકારોમાંના એક બન્યા. તેઓ મુંબઈમાં સર જે જે સ્કૂલ ઓફ આર્ટમાંથી ગોલ્ડ મેડલિસ્ટ તરીકે પાસ થયા, જ્યાં તેમની અલંકારિક શિલ્પકળાએ ધ્યાન ખેંચવાનું શરૂ કર્યું હતું. સુતાર નોઈડામાં રહેતા હતા અને ત્યાં તેમનો સ્ટુડિયો હતો. ગુજરાતના કેવડિયામાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા, સ્ટેચ્યૂ ઓફ યુનિટીના મુખ્ય શિલ્પકાર

(જુઓ પાનું ૪) ▶▶

## મુખ્ય પ્રધાન ફડણવીસ અને અન્ય નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી

મુંબઈ : જેમના કાર્યથી ભારતીય શિલ્પકળાને વૈશ્વિક સ્તરે ઓળખ મળી એવા પીઢ શિલ્પકાર અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા ડૉ. રામ સુતારનું બુધવારે રાત્રે ૧૦૦ વર્ષની વયે નોઈડા સ્થિત તેમના નિવાસસ્થાને નિધન થયું હતું. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને એકનાથ શિંદેએ તેમને શ્રદ્ધાંજલિ આપી.

પોતાના શોક સંદેશમાં, ફડણવીસે કહ્યું કે સુતારના અવસાનથી શિલ્પકળા ક્ષેત્રે એક યુગનો અંત આવ્યો છે, તેમણે નોંધ્યું કે તેમની રચનાઓ જીવંત અભિવ્યક્તિને કારણે અલગ પડે છે. મુખ્ય પ્રધાને યાદ કરતા કહ્યું કે, તેઓ તાજેતરમાં જ નવી દિલ્હીમાં સુતારના નિવાસસ્થાને તેમને મહારાષ્ટ્ર ભૂષણ પુરસ્કાર એનાયત કરવા ગયા હતા, અને જ્યારે શતાબ્દી કલાકારે સન્માન સ્વીકારતી વખતે ‘‘મહારાષ્ટ્ર માઝા’’ ગીતની પંક્તિઓ સંભળાવી ત્યારે તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. સરદાર વલ્લભભાઈ પટેલનું ચિત્રણ કરતી સ્ટેચ્યૂ ઑફ યુનિટી અને આંદામાન અને નિકોબાર ટાપુઓની સેલ્યુલર જેલમાં વી.ડી. સાવરકરની પ્રતિમા જેવા સ્મારક કાર્યો માટે જાણીતા, સુતાર ૧૦૦ વર્ષની ઉંમરે પણ પોતાની કળામાં સક્રિય રહ્યા.

(જુઓ પાનું ૪) ▶▶

# લોનની ચુકવણી માટે ખેડૂતને એક કિડની વેચવા મજબૂર કરાયોઃ છની ધરપકડ

## પોલીસે કરાવેલા તબીબી પરીક્ષણમાં ખેડૂતની એક કિડની ગુમ હોવાનું સિદ્ધ થયું

ચંદ્રપુરઃ દેવામાં ડૂબેલા ખેડૂતોની આત્મહત્યાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે, પણ ચંદ્રપુર જિલ્લામાં તો એક ખેડૂતને લોનની ચુકવણી માટે એક કિડની વેચવા મજબૂર કરાયો હોવાની ગંભીર બાબત સામે આવી હતી. પોલીસે આ દાવાની સત્યતા તપાસવા ખેડૂતનું તબીબી પરીક્ષણ કરાવ્યું તો તેની એક કિડની ખરેખર ગુમ હોવાનું જણાયું હતું. ચંદ્રપુરના ખેડૂત રોશન કુડેએ ચાર ધિરાણદાર પાસેથી કરજ લીધું હતું અને તે રકમ પાછી ચૂકવી શક્યો નહોતો, પરિણામે ધિરાણદારોએ તેને એક કિડની વેચવા માટે મજબૂર કર્યો હોવાનો દાવો કુડેએ કર્યો હતો. કુડેના દાવા બાદ પોલીસે આ મામલાની તપાસ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ તપાસ બાદ છ ધિરાણદારની ધરપકડ કરવામાં આવી હતી, જેમાંથી પાંચને કોર્ટે ૨૦ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

આરોપીઓની ઓળખ કિશોર બાવનકુળે, પ્રદીપ બાનવકુળે, સંજય બલ્લારપુરે, લક્ષ્મણ ઉરકુડે, મનીષ ઘાટબંધે અને સત્યવાન બોરકર તરીકે થઈ હતી. તેમની વિરુદ્ધ બ્રહ્મપુરી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. ચંદ્રપુરના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સુદર્શન મુમ્મકાએ જણાવ્યું હતું કે અમે કુડેને બધી માહિતી પૂરી પાડવા જણાવ્યું છે. તેના આર્થિક વ્યવહાર તપાસવામાં આવતાં તેણે ઘણા બધા ધિરાણદારો પાસેથી નાણાં ઉછીના લીધાં હોવાનું જાણવા મળ્યું છે.

નાગભીડ તહેસીલના મિંથુર ગામમાં રહેતા કુડેની ખેતીલાયક ચાર એકર જમીન છે. ખેતીમાં નુકસાન જતાં તેણે અલગ વ્યવસાય કરવાનું નક્કી કર્યું હતું. તે મુજબ ડેરી વ્યવસાય કરીને આવક કમાવા તેણે ગાયો ખરીદી હતી.

૨૯ વર્ષના કુડેએ બે ધિરાણદાર પાસેથી ૨૦૨૧માં ૪૦ ટકા વ્યાજદરે ૫૦ હજાર રૂપિયા ઉછીના લીધા હતા. ધિરાણદારોએ પછીથી દાવો કર્યો હતો કે આ રકમ વ્યાજ સાથે ૭૪ લાખ સુધી પહોંચી ગઈ છે. કુડેએ પોલીસને જણાવ્યું હતું કે આટલી મોટી રકમ ચૂકવી શકે એમ ન હોવાથી એક ધિરાણદારે લોનના અમુક હપ્તા ભરપાઈ કરવા માટે એક કિડની વેચવાનું સૂચન કર્યું હતું. પછી તેણે ઈન્ટરનેટ પર સર્ચ કરીને એજન્ટનો સંપર્ક સાધ્યો હતો. એજન્ટ કુડેને કોલકાતા લઈ ગયો હતો. ત્યાં ડૉક્ટર દ્વારા તબીબી પરીક્ષણ કરાયા પછી કુડેને કમ્બોડિયા લઈ જવાયો હતો, જ્યાં તેની એક કિડની કાઢી લેવામાં આવી હતી. આની સામે તેને આઠ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા, એવું કુડેએ પોલીસને જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# બાન્દ્રામાં આઠ ફૂટ લાંબો અજગર મળ્યો

મુંબઈઃ બાન્દ્રા પૂર્વમાં હાઈવે નજીકથી આઠ ફૂટ લાંબો અજગર મળી આવતાં સર્પમિત્રો તેને સુરક્ષિત રીતે જંગલ પરિસરમાં છોડ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ બુધવારની રાતે હાઈવે નજીક કલાનગર પરિસરમાં અજગર નજરે પડ્યો હતો. આ બાબતની જાણ થતાં બે સર્પમિત્ર કૌશિક કિણી અને રિશીત સાવંતનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. બન્ને જણે અજગરને ઉગારી લીધો હતો. થોડા દિવસ અગાઉ ધારાવી વિસ્તારમાંથી નવ ફૂટ લાંબા અજગરને પકડવામાં આવ્યો હતો. (પીટીઆઈ)■

# બીએમસી ચૂંટણી પહેલા, મુંબઈગરાઓ માટે મોટી ભેટ

## લોકલ ટ્રેનોના કાફલામાં ૨૩૮ ઓટોમેટિક ડોર ક્લોઝિંગ ટ્રેનો ઉમેરાશે

મુંબઈઃ મુંબઈ બીએમસી ચૂંટણી પહેલા, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે એક સારા સમાચાર આપ્યા. મુંબઈ લોકલ ટ્રેનના કાફલામાં ૨૩૮ ઓટોમેટિક ડોર ક્લોઝિંગ સિસ્ટમવાળી નવી ટ્રેનો ઉમેરવામાં આવશે, એવી જાહેરાત મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના કાર્યાલયે બુધવારે કરી હતી. તેમણે કહ્યું કે આ ટ્રેનો ખરીદવામાં આવશે. ઉપરાંત ૧૨૦ મેલ-એક્સપ્રેસ ટ્રેનો અને ૩૨૦૦ ઉપનગરીય લોકલ ટ્રેનોની ક્ષમતા વધારવામાં આવશે, અને સાત ઉપનગરીય પ્લેટફોર્મનો વિસ્તાર કરવામાં આવશે. મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ્સ હેઠળ, ઓટોમેટિક ડોર ક્લોઝિંગ સિસ્ટમથી સજ્જ ૨૩૮ નવી ટ્રેનો ખરીદવામાં આવશે, બાંદ્રા ટર્મિનસમાં ત્રણ નવી પીટ લાઇન વિકસાવવામાં આવશે, મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન પર ૨૪ કોચવાળી ટ્રેનોને સમાવવા માટે પ્લેટફોર્મનો વિસ્તાર કરવામાં આવશે, લોકમાન્ય તિલક ટર્મિનસ ખાતે ડેપોનું વિસ્તરણ કરવામાં આવશે અને ઘણાં મુખ્ય સ્ટેશનો પર વધારાના પ્લેટફોર્મ પણ બનાવવામાં આવશે, જેમાં જોગેશ્વરીમાં બે, દાદરમાં એક, વસઈ રોડ પર છ, પનવેલમાં પાંચ, કલંબોલીમાં છ , કલ્યાણમાં છ અને પરેલમાં છનો સમાવેશ થશે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અબુ ધાબીમાં મિની ઑક્શન વચ્ચે થેપલાની મેગા-મોજ

## ગુજરાત ટાઇટન્સના ટેબલ પર થેપલાના પૅકેટ ખોલવામાં આવ્યાઃ નેહરા, પાર્થિવ સહિત અનેકે મિજબાની કરી

અમદાવાદઃ ગુજરાતીઓ જ્યાં પણ હોય ત્યાં થેપલાની મિજબાની તો હોય જ. ગુજરાતીઓ વચ્ચે થેપલા પાર્ટી ન થાય તો એ મોટી નવાઈ કહેવાય. ગુજરાતીઓના થેપલા જગપ્રસિદ્ધ છે એનો પુરાવો આપવાની કોઈ જરૂર તો નથી, પણ વાત નીકળી છે તો કહી દેવાનું કે મંગળવારે યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ)ની રાજધાની અબુ ધાબીમાં આયોજિત આઇપીએલના મિની ઑક્શન દરમ્યાન પણ થેપલાની મહેફિલ જામી હતી. વાત નવાઈ લાગે એવી છે, પણ આ હકીકત છે.




આઇપીએલની ૨૦૨૨ની ચૅમ્પિયન ટીમ ગુજરાત ટાઇટન્સ (જીટી)એ અબુ ધાબીના મિની ઑક્શનમાં ખૂટતા પાંચ ખેલાડીને ખરીદવા પાછળ કુલ ૧૨.૯૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો હતો, પરંતુ એના ફ્રૅન્ચાઇઝીના પ્રતિનિધિઓએ ઓછા પ્લેયર ખરીદ્યા અને ૧.૯૫ કરોડ રૂપિયા બાકી રાખ્યા હતા તેમ જ લગભગ સાત કલાક સુધી ચાલેલી હરાજીની ઇવેન્ટમાં કેટલીક રોમાંચક ઘટનાઓ પણ જોઈ હતી, પરંતુ ખુદ જીટીના ટેબલ પરની એક ઘટનાએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. તમારી ધારણા સાચી છે! એ ઘટના થેપલાને લગતી હતી. એ ઘટનાને હળવો નજારો કહીએ તો પણ ખોટું નથી.

દેશી-વિદેશી ખેલાડીઓને ખરીદવાની રસાકસી વચ્ચે જીટીના ટેબલ પર આ શ્રેષ્ઠ ગુજરાતી દેશી વાનગી (થેપલા)ની મોજ માણવામાં આવી હતી. ટીમનો હેડ-કોચ આશિષ નેહરા છે મૂળ દિલ્હીનો, પરંતુ ચાર વર્ષથી જીટીની સાથે છે એટલે તેને વારંવાર થેપલા, ખાટા ઢોકળા, ખમણ વગેરે ખાવા મળ્યા હશે એમાં બેમત નથી. મંગળવારે તે પણ ઑક્શનના બ્રેક દરમ્યાન જીટીના ટેબલ પરથી થેપલાના રૂપમાં જે ગુજરાતી મિજાજ બહાર આવ્યો હતો એમાં તણાઈ ગયો હતો. તેણે થેપલાની ભરપૂર મોજ માણી હતી. ટીમનો બૅટિંગ-કોચ પાર્થિવ પટેલ પાક્કો ગુજરાતી એટલે તેનાથી થેપલા વગર રહેવાય જ કેમ. તેણે પણ ઘર જેવા થેપલાને ન્યાય આપ્યો હતો.

વિદેશી ધરતી અને ઇવેન્ટ હતી રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ માટેની. એમાં પણ આઇપીએલ જેવું મોટું પ્લૅટફૉર્મ. ટીમના પ્રતિનિધિઓને સામાન્ય રીતે સ્પાઇસી અને નૉન-સ્પાઇસી વાનગીઓ તેમ જ મિજાજ હળવો બનાવી દે એવા સૅલડ ખાવા મળતા હોય છે, પરંતુ અબુ ધાબી જેવા આરબ શહેરની ઇવેન્ટના ટેબલ પરથી જો ચટાકેદાર અને સ્વાદિષ્ટ થેપલા મળતા હોય તો કોના મોઢામાં પાણી ન આવે! થેપલા તો શાક કે અથાણાં વગર પણ ખૂબ ભાવે. જીટીના પ્રતિનિધિઓ તો તૂટી પડ્યા હતા. હૉલમાં સર્વત્ર થેપલાની સુગંધ ફેલાઈ ગઈ હતી અને આસપાસના ઘણા લોકો પ્રભાવિત થયા હતા અને થોડી વાર માટે તો હૉલમાં થેપલા જ ચર્ચામાં હતા.

### ટીમના મુખ્ય ખેલાડીઓમાં કોણ

શુભમન ગિલની કૅપ્ટન્સીવાળી જીટીની ટીમના ફ્રૅન્ચાઇઝીએ હરાજીમાં વેસ્ટ ઇન્ડિઝના ઑલરાઉન્ડર જેસન હોલ્ડરને ૨.૦૦ કરોડ રૂપિયાની મૂળ કિંમત સામે ૭.૦૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ટીમના અન્ય મુખ્ય ખેલાડીઓમાં સાઇ સુદર્શન, જૉસ બટલર, અનુજ રાવત, રાહુલ તેવાટિયા, કુમાર કુશાગ્ર, એમ. શાહરુખ ખાન, નિશાંત સિંધુ, ટૉમ બૅન્ટન, ગ્લેન ફિલિપ્સ, રાશીદ ખાન, વૉશિંગ્ટન સુંદર, ઇશાન્ત શર્મા, કૅગિસો રબાડા, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, સાઇ કિશોર, અર્શદ ખાન, જયંત યાદવ, પૃથ્વી રાજ યારા, માનવ સુથાર, લ્યૂક વૂડ, ગુરનુર સિંહ બ્રારનો સમાવેશ છે. ■

# આજે અંતિમ ટી-૨૦ઃ અમદાવાદમાં ભારત સાતમાંથી પાંચ ટી-૨૦ જીત્યું છે

અમદાવાદઃ ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે બુધવારે લખનઊમાં ગાઢ ધુમ્મસને કારણે સિરીઝની ચોથી ટી-૨૦ રમી જ ન શકાઈ, પણ હવે આજે અમદાવાદમાં જે પાંચમી અને અંતિમ ટી-૨૦ રમાશે એ સિરીઝ માટે નિર્ણાયક બનશે અને એ સંદર્ભમાં ભારતનો હાથ ઉપર છે, કારણકે અમદાવાદમાં ટી-૨૦ ઇન્ટરનૅશનલ મૅચોમાં ભારતનો રેકૉર્ડ ઘણો જ સારો છે.



### છેલ્લે હાર્દિકના સુકાનમાં જીતેલા

અમદાવાદમાં ક્રિકેટ જગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે રમાનારી મૅચમાં લખનઊ જેવી કોઈ અડચણ ઊભી ન થાય એ માટે હજારો પ્રેક્ષકો અને કરોડો દર્શકો પ્રાર્થના કરશે. અમદાવાદમાં લગભગ પોણાત્રણ વર્ષે ફરી ટી-૨૦ રમાવાની છે. છેલ્લે ફેબ્રુઆરી, ૨૦૨૩માં ભારતે હાર્દિક પંડ્યાની કૅપ્ટન્સીમાં ન્યૂ ઝીલૅન્ડને અહીં ૧૬૮ રનના માર્જિનથી હરાવ્યું હતું. ખુદ હાર્દિકે ચાર વિકેટ તેમ જ અર્શદીપ, ઉમરાન મલિક અને શિવમ માવીએ બે-બે વિકેટ લીધી હતી.

### સાતમાંથી પાંચમાં વિજય

અમદાવાદમાં ભારત અત્યાર સુધીમાં કુલ સાત ટી-૨૦ રમ્યું છે જેમાંથી પાંચ મૅચમાં ભારતે જીત હાંસલ કરી છે અને માત્ર બે મૅચમાં પરાજય જોવો પડ્યો છે. એ બન્ને પરાજય ઇંગ્લૅન્ડ સામે થયા હતા અને એ બન્ને મૅચમાં બ્રિટિશ ટીમે આઠ વિકેટે વિજય મેળવ્યો હતો.

### ભારત શ્રેણી હારશે નહીં

ભારત પાંચ મૅચની શ્રેણીમાં ૨-૧થી આગળ છે. અમદાવાદની મૅચ જીતીને ભારત સિરીઝની ટ્રોફી પર ૩-૧થી કબજો કરી શકશે. જો સાઉથ આફ્રિકા જીતશે તો સિરીઝ ૨-૨ની બરાબરી સાથે પૂરી થશે. એનો અર્થ એ છે કે ભારત આ શ્રેણી હારશે નહીં.

### બુમરાહ માટે હોમ-ગ્રાઉન્ડ

શુભમન ગિલ બુધવારે પગના અંગૂઠાની ઈજાને કારણે નહોતો રમવાનો અને જસપ્રીત બુમરાહ અંગત કારણસર અમદાવાદમાં તેના ઘરે પાછો આવી ગયો હતો. આ બન્ને ખેલાડીમાંથી ગિલ તો સિરીઝની બહાર થઈ ગયો છે અને હવે આજની પાંચમી મૅચમાં બુમરાહ રમશે કે કેમ એ જોવું રહ્યું. અમદાવાદ તેનું હોમ-ગ્રાઉન્ડ હોવાથી રમશે એવી ચાહકો આશા રાખશે.

### સૂર્યકુમાર પર નજર

સૂર્યકુમાર યાદવની કૅપ્ટન્સીમાં ટી-૨૦માં ભારતનો રેકૉર્ડ ઘણો જ સારો છે, પણ ખુદ સૂર્યાનું નબળું બૅટિંગ-ફૉર્મ ટીમ માટે મોટી ચિંતા છે. ૨૦૨૫ની સાલમાં સૂર્યા એકેય હાફ સેન્ચુરી નથી ફટકારી શક્યો. ■

# રાજ્યસભામાં પુછાયો સવાલ, ‘૧,૫૮,000 લોકોની વસતીવાળો ટચૂકડો દેશ ફિફા વર્લ્ડ કપમાં પહોંચી ગયો, આપણી શું યોજના છે?’

નવી દિલ્હીઃ ફૂટબૉલનું વિશ્વભરમાં સંચાલન કરતી સંસ્થા ફિફાના રૅન્કિંગ્સમાં ભારતનો છેક ૧૪૨મો નંબર છે એટલે સ્વાભાવિક છે કે આગામી વર્લ્ડ કપ માટેના ૪૮ દેશમાં એનો સમાવેશ ન હોય, પરંતુ ૮૨મા ક્રમનો ક્યૂરેકાઓ નામનો ટચૂકડો દેશ આ વિશ્વ કપ માટે ક્વૉલિફાય થઈ ગયો છે એ આખા વિશ્વ માટે આશ્ચર્ય છે અને ભારતમાં રાજકીય ક્ષેત્રે દેશની આ નિષ્ફળતાના ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. આ વિશેનો સવાલ ગુરુવારે રાજ્યસભામાં પૂછવામાં આવ્યો હતો.

કૉંગ્રેસના સંસદસભ્ય જોઝ કે. મણીએ રાજ્યસભામાં ચર્ચા દરમ્યાન સવાલ કર્યો હતો કે ‘માત્ર ૧,૫૮,૦૦૦ લોકોની વસતી ધરાવતા ક્યૂરેકાઓ નામનો ટચૂકડો દેશ ૨૦૨૬ના ફિફા વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થઈ ગયો તો મારે સરકાર પાસે એ જાણવું છે કે ફૂટબૉલની બાબતમાં આપણા દેશની લાંબા ગાળાની યોજના શું છે. ઑલ ઇન્ડિયા ફૂટબૉલ ફેડરેશન (એઆઇએફએફ)ને કેન્દ્ર સરકારે દેશમાં ફૂટબૉલની રમતના પ્રોત્સાહન તથા વિકાસ માટે નૅશનલ સ્પોર્ટ્સ ફેડરેશન તરીકેની માન્યતા આપી છે. ફેડરેશન કહે છે કે ભારત ભવિષ્યમાં ફિફા વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થઈ શકે એ માટે અમે લાંબા ગાળાની યોજના વિચારવામાં આવી છે. અમે જાણવા માગીએ છીએ કે આ યોજના શું છે.’

રાજ્યસભામાં કેરળ વતી પ્રતિનિધિત્વ કરતા જોઝ મણીએ ખેલકૂદ પ્રધાન મનસુખ માંડવિયાને ગૃહમાં આ પ્રશ્ન પૂછ્યો હતો. તેમણે માંડવિયાને પૂછ્યું હતું કે ભવિષ્યમાં ભારત પણ ફિફા વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થઈ શકે એ વિશે સરકારે કઈ લાંબા ગાળાની યોજના વિચારી છે તેમ જ દેશમાંથી ફૂટબૉલની ટૅલન્ટ બહાર લાવવા પાયાના સ્તરે કયા પગલાં લેવામાં આવી રહ્યાં છે.

ક્યૂરેકાઓ જનતાની વસતીની દૃષ્ટિએ તેમ જ સૌથી નાના (અંદાજે ૪૫૦ કિલોમીટરના) વિસ્તારની ગણતરીએ પણ ફિફા વર્લ્ડ કપમાં રમનાર સૌથી નાનો દેશ બનશે. જોકે ૧૪૦ કરોડની વસતી ધરાવતા ભારતે હજી સુધી ક્વૉલિફિકેશન નથી મેળવ્યું. ૨૦૨૬માં વર્લ્ડ કપ અમેરિકા, કૅનેડા અને મેક્સિકોમાં સંયુક્ત રીતે યોજાશે. ■

# અક્ષત રઘુવંશીઃ રોહિતની બૅટિંગ ફૉલો કરીને તેની જેમ લાંબી સિક્સર મારતા શીખ્યો

નવી દિલ્હીઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં આ વખતની હરાજીમાં ભારતના અનકૅપ્ડ (આંતરરાષ્ટ્રીય મૅચ ન રમ્યા હોય એવા ક્રિકેટર) ખેલાડીઓએ જે ધમાલ મચાવી એવી અગાઉ ક્યારેય નહોતી જોવા મળી, કારણકે રાજ્યોના ગામડા અને અજાણ્યા વિસ્તારોમાંથી ઊભરેલા અનેક ખેલાડીઓ આ વખતે કરોડપતિ બની ગયા છે અને અક્ષત રઘુવંશી એમાંનો એક છે. લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)એ તેને હરાજીમાં ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૨.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. તે રોહિત શર્માનો ડાઇ-હાર્ડ ફૅન છે અને તેની બૅટિંગ ફૉલો કરીને તેની જેમ લાંબી સિક્સર મારતા શીખી રહ્યો છે.



### પિતા પાસે લીધી ક્રિકેટની તાલીમ

બાવીસ વર્ષનો અક્ષત મિડલ-ઑર્ડર બૅટ્સમૅન છે. તે મધ્ય પ્રદેશમાં પ્રખ્યાત અશોકનગર વિસ્તારમાં રહે છે. તેણે નાનપણમાં ક્રિકેટપ્રેમી પિતા કૃષ્ણપાલ સિંહ પાસે ક્રિકેટની તાલીમ લીધી હતી. અક્ષત પાંચ વર્ષનો હતો ત્યારે પિતા તેને મેદાનમાં લઈ જતા અને પોતે ક્રિકેટને લગતા જે કંઈ મૂળભૂત નિયમોથી વાકેફ હતા એને આધારે તેને બૅટિંગની તાલીમ આપી હતી. બૅટિંગ ઉપરાંત તેને ઑફ સ્પિન પણ શીખવ્યા હતા.

### ૧૧ વર્ષની ઉંમરે કલ્પના પણ નહીં કરી હોય

૨૦૦૯માં અક્ષત ૧૧ વર્ષનો થયો ત્યારે આઇપીએલનું બીજું વર્ષ હતું. ત્યારે તેણે કલ્પના પણ નહીં કરી હોય કે ૨૦૨૫ના મિની ઑક્શનમાં આઇપીએલની ટીમનું ફ્રૅન્ચાઇઝી તેને રાતોરાત કરોડપતિ બનાવી દેશે. એલએસજીએ તેને મંગળવારે અબુ ધાબીની હરાજીમાં અન્ય ફ્રૅન્ચાઇઝીઓની હરીફાઈ વચ્ચે ૨.૨૦ કરોડ રૂપિયામાં મેળવી લીધો હતો. ૨૦૦૯માં તેના પિતાએ તેને ઇન્દોરની ક્રિકેટ ઍકેડેમીમાં ઍડવાન્સ તાલીમ માટે મોકલ્યો હતો. ત્યાર બાદ ટૅલન્ટને કારણે મધ્ય પ્રદેશની અન્ડર-૧૪, અન્ડર-૧૬, અન્ડર-૧૯ અને અન્ડર-૨૩ ટીમમાં સિલેક્ટ થતો ગયો હતો. મધ્ય પ્રદેશ પ્રીમિયર લીગમાં તેણે ચાર મૅચમાં ૨૩૯ રન કર્યા હતા. તેણે એક ટૂર્નામેન્ટની સેમિ ફાઇનલમાં ૧૨ સિક્સરની મદદથી ૧૯૨ રન કર્યા હતા.

### મહિલા ક્રિકેટર પછી પુરુષ ક્રિકેટર મળ્યો

મધ્ય પ્રદેશમાં સાગર ક્રિકેટ ડિવિઝન પ્રખ્યાત છે અને આઠ મહિના પહેલાં આ જ ડિવિઝનની ક્રાંતિ ગૌડ નામની પેસ બોલર ભારતીય મહિલા ક્રિકેટ ટીમને મળી હતી. નવેમ્બરમાં ભારતે નવી મુંબઈમાં પ્રથમ મહિલા વર્લ્ડ કપ ટ્રોફી જીતી લીધી એ જીતમાં ક્રાંતિ ગૌડનું મહત્ત્વનું યોગદાન હતું. તે મહિલાઓ માટેની વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ) વતી પણ રમી છે. અક્ષત રઘુવંશી એ જ ડિવિઝનનો છે અને મેન્સ ટીમનો કૅપ્ટન છે. આ ડિવિઝન તરફથી હવે આઇપીએલને અક્ષતના રૂપમાં બીજો ખેલાડી મળ્યો છે. ■

# ઍશિઝ ટેસ્ટઃ ઇંગ્લૅન્ડ પહેલા દાવમાં મુશ્કેલીમાં, લાયન હવે મૅકગ્રાથી આગળ

ઍડિલેઇડઃ ત્રીજી ઍશિઝ ટેસ્ટ (ભારતીય સમય અનુસાર સવારે ૫.૦૦ વાગ્યાથી)માં ગઈ કાલની બીજા દિવસની રમતના અંત સુધીમાં ઇંગ્લૅન્ડે પહેલા દાવમાં આઠ વિકેટે ૨૧૩ રન કર્યા હતા અને ઑસ્ટ્રેલિયાના ૩૭૧ રનથી હજી ૧૫૮ રન પાછળ હતું.

કૅપ્ટન બેન સ્ટૉક્સ ૪૫ રને અને જોફ્રા આર્ચર ૩૦ રન પર રમી રહ્યા હતા. બન્ને વચ્ચે નવમી વિકેટ માટે ૪૫ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.

ઑસ્ટ્રેલિયા આ મૅચ જીતીને પાંચ મૅચની શ્રેણીમાં ૩-૦ની વિજયી સરસાઈ મેળવી શકે.

### કૅપ્ટન પૅટ કમિન્સનું કમબૅક

પૅટ કમિન્સ પાછો રમવા આવી ગયો છેઅને આઠમાંથી સૌથી વધુ ત્રણ વિકેટ તેણે લીધી હતી. બે વિકેટ બીજા પેસ બોલર સ્કૉટ બૉલેન્ડે લીધી હતી.

### લાયન હવે મૅકગ્રાથી આગળ

જોકે બે વિકેટ લેનાર સ્પિનર નેથન લાયન ગઈ કાલનો હીરો હતો. તેણે પોતાની પહેલી જ ઓવરમાં બે વિકેટ (બેન ડકેટ, ઑલી પૉપ) લીધી હતી. તે સૌથી વધુ વિકેટ લેનાર ઑસ્ટ્રેલિયાના તમામ ટેસ્ટ બોલર્સમાં બીજા નંબર પર આવી ગયો હતો. તેની કુલ વિકેટની સંખ્યા ૫૬૪ ઉપર પહોંચી છે. તેણે ગ્લેન મૅકગ્રા (૫૬૩)ને પાછળ રાખી દીધો છે. હવે ઑસ્ટ્રેલિયનોમાં લાયનથી માત્ર શેન વૉર્ન (૭૦૮) આગળ છે.



નેથન લાયને બેન ડકેટ અને ઑલી પૉપની મહત્ત્વની વિકેટ લીધી હતી. બુધવારના સેન્ચુરિયન વિકેટકીપર ઍલેક્સ કૅરીએ પાંચ કૅચ ઝીલ્યા હતા.

### ઑસ્ટ્રેલિયાના ટોચના ટેસ્ટ બોલર્સ

| | | |
|---|---|---|
| (૧) | શેન વૉર્ન (સ્પિનર) | : ૨૭૩ ઇનિંગ્સમાં ૭૦૮ વિકેટ |
| (૨) | નૅથન લાયન (સ્પિનર) | : ૨૬૧ ઇનિંગ્સમાં ૫૬૪ વિકેટ |
| (૩) | ગ્લેન મૅકગ્રા (ફાસ્ટ બોલર) | : ૨૪૩ ઇનિંગ્સમાં ૫૬૩ વિકેટ |
| (૪) | મિચલ સ્ટાર્ક (ફાસ્ટ બોલર) | : ૧૯૭ ઇનિંગ્સમાં ૪૨૦ વિકેટ |
| (૫) | ડેનિસ લિલી (ફાસ્ટ બોલર) | : ૧૩૨ ઇનિંગ્સમાં ૩૫૫ વિકેટ ■ |

# કિશનના ૧૦ સિક્સર સાથે ૧૦૧ રન, ઝારખંડને બનાવ્યું ચૅમ્પિયન

પુણેઃ ઝારખંડે (૨૦ ઓવરમાં ૩/૨૬૨) સૈયદ મુશ્તાક અલી ટ્રોફી (એસએમએટી)ની ફાઇનલમાં હરિયાણા (૧૮.૩ ઓવરમાં ૧૦/૧૯૩)ને ૬૯ રનથી હરાવીને પહેલી વાર આ ટૂર્નામેન્ટની ટ્રોફી જીતી લીધી હતી. ઝારખંડનો કૅપ્ટન ઇશાન કિશન (૧૦૧ રન, ૪૯ બૉલ, દસ સિક્સર, છ ફોર) આ મૅચનો સુપરહીરો હતો. તેની અને કુમાર કુશાગ્ર (૮૧ રન, ૩૮ બૉલ, પાંચ સિક્સર, આઠ ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૧૭૭ રનની વિક્રમજનક ભાગીદારી થઈ હતી. તેમણે ટીમનો સ્કોર ત્રણ રન પરથી ૧૮૦ સુધી પહોંચાડ્યો હતો. હરિયાણાની ટીમમાં યશવર્ધન દલાલના ૫૩ રન હાઇએસ્ટ હતા. ઝારખંડ વતી સુશાંત મિશ્રા અને બાલ ક્રિષ્નાએ સૌથી વધુ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. ■


# કૉન્વેએ આઇપીએલની અવગણનાનો ગુસ્સો ઉતાર્યો?: પચીસ ચોક્કા સાથે વિક્રમી ભાગીદારી કરી

માઉન્ટ મૉન્ગેનુઇઃ ન્યૂ ઝીલૅન્ડ સામાન્ય રીતે ઘરઆંગણાની ટેસ્ટમાં પ્રથમ બૅટિંગ ભાગ્યે જ પસંદ કરતું હોય છે અને એમાં એણે ગુરુવારે વેસ્ટ ઇન્ડિઝ સામેની ત્રીજી ટેસ્ટમાં પહેલાં બૅટિંગ લીધા પછી ૯૦ ઓવરમાં માત્ર એક વિકેટે ૩૩૪ રન કર્યા હતા. આઇપીએલના મંગળવારના ઑક્શનમાં એકેય ટીમે જેને નહોતો ખરીદ્યો એ આક્રમક ઓપનરે ડેવૉન કૉન્વેએ ગુસ્સો જાણે કૅરિબિયન બોલર્સ પર ઉતાર્યો હતો. તેણે પચીસ ફોરની મદદથી ૧૭૮ રન કર્યા હતા અને આઉટ નહોતો થયો. જોકે તેના ૧૭૮ રનમાં એક પણ સિક્સર નહોતી. તેની અને કૅપ્ટન ટૉમ લૅથમ (૧૩૭ રન) વચ્ચે ૩૨૩ રનની વિક્રમજનક ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપમાં આ સૌથી મોટી ઓપનિંગ ભાગીદારી છે. કિવીઓ શ્રેણીમાં ૧-૦થી આગળ છે. ■

# વનતારામાં ‘મેસી’ અને ‘માણેકલાલ’ની આ જુગલબંધી જોઈ?







આર્જેન્ટિનાનો વર્લ્ડ ચૅમ્પિયન ફૂટબોલર લિયોનેલ મેસી ‘વનતારા’ની રોમાંચક મુલાકાતે ગયો એ પહેલાં તેને કોલકાતા, હૈદરાબાદ, મુંબઈ અને દિલ્હીમાં અલગ અનુભવો થયા હતા. કોલકાતામાં પ્રેક્ષકોએ તોફાન કર્યું હતું. હૈદરાબાદમાં તે બાળકો સાથે ફૂટબૉલ રમ્યો હતો. મુંબઈમાં તે ક્રિકેટના ભગવાન સચિન તેન્ડુલકરને મળ્યો હતો અને દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની નિર્ધારિત તેની મુલાકાત નહોતી થઈ શકી.

જામનગરઃ વિશ્વ પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી લિયોનેલ મેસી હાલમાં ત્રણ દિવસના ભારતપ્રવાસે આવ્યો હતો અને આ સમયે તેણે જામનગરમાં વન્યજીવનાં બચાવ, રક્ષણ અને પુનર્વસન કેન્દ્ર ‘વનતારા’ની મુલાકાત લીધી હતી. વનતારા ખાતેની વિઝિટના ફોટા સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. આ સમયે ક્યારેક મેસી હાથી સાથે ફૂટબોલ રમતો તો પછી ક્યારેક ભક્તિમય થઈને શિવાલયમાં શિવલિંગ પર અભિષેક કરતો કે આરતી કરતો જોવા મળી રહ્યો છે. ચાલો, તમને આખી સ્ટોરી જણાવીએ...

મેસી વનતારાની મુલાકાતે પહોંચ્યો ત્યારે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટે તેનું સ્વાગત કર્યું હતું. અનંતે મેસી સાથે ખાસ્સી એવી વાતચીત કરી હતી.

આ સમયે મેસી ભારતીય સંસ્કૃતિ અને પરંપરા વિશે જાણીને એકદમ અભિભૂત થઈ ગયો હતો. વાઈલ્ડ લાઈફ પ્રત્યેની તેની સંવેદનાથી મેસીએ નેટિઝન્સનું દિલ જીતી લીધું હતું. મેસી સાથે ઈન્ટર માયામીના ખેલાડી લુઇસ સુઆરેઝ અને રોડ્રિગો ડિ પૉલ પણ હતા.

### મેસી થયો ભક્તિમય

વનતારા ખાતે મેસીનું સ્વાગત એકદમ ભારતીય શૈલીમાં અને લોક સંગીત સાથે કરવામાં આવ્યું હતું. દિગ્ગજ ખેલાડીએ મંદિરની મહાઆરતીમાં પણ ભાગ લીધો હતો, જેમાં અંબે માતાની પૂજા, ગણેશ પૂજા, હનુમાન પૂજા અને શિવલિંગ અભિષેકનો સમાવેશ હતો. આ સાથે તેણે નારિયલ ઉત્સર્ગ અને મટકી ફોડ જેવા રીતરિવાજોનું પણ પાલન કર્યું હતું જેનું ભારતીય સંસ્કૃતિમાં અલગ જ મહત્ત્વ છે.

### મદનિયા સાથે મસ્તીની પળો

વનતારાની મુલાકાત દરમ્યાન મેસીએ સિંહ, વાઘ, દીપડા અને અન્ય લુપ્ત થઈ રહેલાં પ્રાણીઓની નજીક સમય પસાર કર્યો હતો. આ સિવાય તેણે મલ્ટિ સ્પેશિયાલિટી વાઈલ્ડ લાઈફ હૉસ્પિટલ પણ જોઈ હતી. આ ટૂરની સૌથી મજેદાર ક્ષણ એ હતી કે જ્યારે મેસી એલિફન્ટ કેર સેન્ટર પહોંચ્યો હતો. અહીં તે માણેકલાલ નામના મદનિયા સાથે ફૂટબોલ પણ રમતો જોવા મળ્યો હતો. માણેકલાલ અને મેસીની આ જુગલબંદી જોઈને હાજર તમામ લોકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

### સિંહના બચ્ચાંને મળ્યું લિયોનેલ નામ

મેસીની આ મુલાકાતને ખાસ બનાવવા માટે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટે એક સિંહના બચ્ચાને મેસીના માનમાં લિયોનેલ નામ આપ્યું હતું. અનંત અંબાણીએ મેસીનો જામનગર ખાતે આવવા અને વનતારાની મુલાકાત લેવા માટે આભાર વ્યક્ત કર્યો હતો. આ સમયે મેસીએ પણ વનતારામાં પ્રાણીઓની દેખરેખ કરવા માટે અનંત અંબાણીનો આભાર માન્યો હતો અને તેમની પ્રશંસા કરી હતી. ■

# ટ્રેડ ડીલની અનિશ્ચિતતા અને વિશ્વબજારના નબળા સંકેત વચ્ચે સેન્સેક્સ સતત ચોથા દિવસે લપસ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વબજારના નબળા સંકેત અને વિશ્વબજારના નબળા સંકેત વચ્ચે સતત ચોથા દિવસની પીછેહઠમાં સેન્સેક્સ વધુ ૭૮ પોઇન્ટ લપસ્યો હતો. નિફ્ટી મામૂલી ઘસરકા સાથે નેગેટીવ ઝોનમાં લપસ્યો હતો. સેન્સેક્સ ૭૭.૮૪ પોઇન્ટ લપસીને ૮૪,૪૮૧.૮૧ પોઇન્ટની અને નિફ્ટી ત્રણ પોઇન્ટના ઘસરકા સાથે ૨૫,૮૧૫.૫૫ પોઇન્ટની સપાટીએ બંધ થયો હતો.

સેન્સેક્સના શેરોમાં સન ફાર્મા, ટાટા સ્ટીલ, પાવરગ્રીડ, એશિયન પેઇન્ટ, એનટીપીસી અને ભારતી એરટેલ ટોપ લુઝર રહ્યા હતા. જ્યારે ટીસીએસ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ, અદાણી પોર્ટ, એક્સિસ બેન્ક અને ભારતી એરટેલ ટોપ ગેઇનર રહ્યા હતા. વેદાંતની પાંચ લિસ્ટેડ કંપનીઓમાં વિભાજીત થવાની યોજના ટ્રિબ્યુનલની મંજૂરી પછી અમલીકરણની નજીક પહોંચી રહી છે, જોકે, મુખ્ય મંજૂરીઓ અને એસેટ ટ્રાન્સફર હજુ બાકી છે. જેએસડબલ્યુ એનર્જી રૂ. ૪૦,૦૦૦ કરોડના ખર્ચે વેસ્ટ બંગાળ સ્થિત સર્બોની પાવર પ્લાન્ટની ક્ષમતા બમણી કરીને ૩૨૦૦ મેગાવોટ સુધી પહોંચાડવાની યોજના ધરાવે છે.

એડમેક સિસ્ટમ્સ લિમિટેડ રૂ. ૪૨.૬૦ કરોડના આઇપીઓ સાથે ૨૩ ડિસેમ્બરના રોજ મૂડીબજારમાં પ્રવેશ કરશે. ભરણું ૨૬ ડિસેમ્બરે બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૨૭થી રૂ. ૨૩૯ પ્રતિ શેર છે અને લોટ સાઈઝ ૬૦૦ ઇક્વિટી શેર્સની છે. ભંડોળનો ઉપયોગ નવી મશીનરી ખરીદવા, તેના સ્થાપન ખર્ચ, કાર્યકારી મૂડી અને સામાન્ય કોર્પોરેટ હેતુસરના ખર્ચની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે કરવામાં આવશે. એસેન્શરની પ્રથમ ક્વાર્ટરની રેવન્યૂ છ સટકાના વધારા સાથે ૧૮.૭ બિલિયન ડોલર નોંધાઇ છે.

એફએમસીજી સેકટરની શ્યામ ધાની ઇન્ડસ્ટ્રીઝનો રૂ. ૩૮.૪૯ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૨ ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૪ ડિસેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૬ ડિસેમ્બરના રોજ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૩૦ ડિસેમ્બરે થવાની શક્યતા છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૬૫થી રૂ. ૭૦ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઈઝ ૨,૦૦૦ શેરની છે. કંપની ક્ષમતા વિસ્તરણ કરી રહી છે. મેક્સ હેલ્થકેર પુણેમાં રૂ. ૧૦૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે.

અગ્રણી ડિજિટલ બેંકિંગ અને પેમેન્ટ્સ ટેક્નોલોજી કંપની, નેટવર્ક પીપલ સર્વિસીસ ટેક્નોલોજીસ લિમિટેડ (એનપીએસટી)એ નાની અને મધ્યમ કદની બેંકોને ડિજિટલી સશક્ત બનાવવા માટે બેંક ઇન એ બોક્સ પ્લેટફોર્મ રજૂ કર્યું છે. આ એક એકીકૃત ઉપયોગ માટે તૈયાર ડિજિટલ બેંકિંગ સોલ્યુશન છે, જે સહકારી બેંકો સહિતની બેંકોને ફક્ત બાર અઠવાડિયામાં સંપૂર્ણપણે ડિજિટલ બનવામાં મદદ કરે છે. સેબીએ મ્યુચ્યુઅલ ફંડની ફીને લગતા નિયંત્રણો હળવા કર્યા હોવાના સમાચારે એસેટ મેનેજમેન્ટ કંપની અને બ્રોકરેજ ફર્મના શેરોમાં સાત ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. વીએલ ઇન્ફ્રાપ્રોજેક્ટ્સે ગુજરાતના દાહોદ જિલ્લાના લીમખેડા અને સિંગવડ તાલુકામાં હડફ પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાના વિસ્તરણ માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ તરફથી એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે લેટર ઓફ ઇન્ટેન્ટ હાંસલ કર્યો છે, જેની કિંમત રૂ. ૪૨.૧૨ કરોડ છે. આ કોન્ટ્રાક્ટ વીએલ ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ અને એચએમ ઇલેક્ટ્રો મેક વચ્ચેના સંયુક્ત સાહસને આપવામાં આવ્યો હતો. ઇએસએસઇ સિગારેટના ગેરકાનૂની ધંધાને અવરોધવા કેટીએન્ડજીએ તેના લીગલ પાર્ટનર એસએસરાણા એન્ડ કંપની તેમ જ એન્ફોર્સમેન્ટ ઓથોરિટી સાથે મળીને દિલ્હી એનસીઆરના ૧૪ હોલસેલર પર એકસામાટા દરોડા પાડ્યા હતા.



ફાઇનાન્શિયલ, ટેકનોલોજી અને મેટલ-લિંક્ડ સેગમેન્ટમાં પસંદગીયુક્ત મજબૂતી જોવા મળી હતી, જ્યારે ઓટો, મીડિયા, ફાર્માસ્યુટિકલ્સ અને કેમિકલ શેરોમાં દબાણ જોવા મળ્યું હતું. વૈશ્વિક બજારોમાં નરમાઇના સંકેતો વચ્ચે સ્થાનિક શેરબજારોમાં અસ્થિરતા જોવા મળી હતી, જેમાં લાર્જ-કેપ શેરોમાં મિડકેપ અને સ્મોલ કેપ શેરો કરતા વધુ વેચવાલી જોવા મળી હતી. વેલ્યુ બાઇંગ અને સેન્ટ્રલ બેંકના હસ્તક્ષેપ દ્વારા રૂપિયામાં રિકવરી દ્વારા ટેકો મળતાં પ્રારંભિક સત્રમાં સહેજ સુધારાની આશા જાગી હતી, પરંતુ સંભવિત યુએસ-ભારત વેપાર સોદા અંગે અનિશ્ચિતતાએ સેન્ટિમેન્ટને કારણે સત્રના પાછલા ભાગમાં પ્રોફિટ બુકિંગ શરૂ થયું અને મંદીવાળા હાવી થઇ ગયા હતા. આગળ જતાં બજારો સ્પષ્ટ દિશાત્મક સંકેતો માટે બીઓઇ, ઇસીબી અને બેંક ઓફ જાપાનના વ્યાજ દરના નિર્ણયો સાથે યુએસ કોર ઇન્ફ્લેશન અને જોબ ક્લેમ ડેટા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

પ્રાઇમરી માર્કેટમાં મેઇનબોર્ડ સેગમેન્ટમાં નેફ્રોકેર હેલ્થ સર્વિસીસે લગભગ સાતેક ટકાના પ્રીમિયમ સાથે બુધવારે પ્રવેશ મેળવ્યો હતો, જ્યારે પાર્ક મેડી વર્લ્ડના શેર બુધવારે તેના ઇશ્યૂભાવ સામે ચાર ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. આ અગાઉ સોમવારે કોરોના રેમેડીઝના શેર તેના રૂ.૧૦૬૨ના ઇશ્યૂ ભાવ સામે ૩૮ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧૪૫૨ના ભાવે લિસ્ટેડ થયા હતા. જ્યારે એ જ દિવસે વેકફીટ ઇનોવેશનના શેર તેના ઇશ્યૂભાવથી ૪૬ પૈસા નીચા ભાવે લિસ્ટેડ થયા હતા. ગુજરાત કિડનીનો ઇશ્યૂ ૨૨ ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૪ ડિસેમ્બરના રોજ બંધ થશે. મારુતી સુઝુકીએ માસ સેગમેન્ટમાં મોબીલિટી ઇન્ક્લુઝનને પ્રોત્સાહિત કરવા માટે સ્વીવેલ સીટ સાથેની વેગનઆર લોન્ચ કરી છે.

એક્સચેન્જના ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૧૧૭૧.૭૧ કરોડના ઇક્વિટી શેર ખરીદીને લાંબા સમય બાદ નેટ બાયર બન્યા હતા, જ્યારે તેની સામે સ્શાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૭૬૮.૯૪ કરોડના શેરની લેવાલી નોંધાવી હતી.

જોકે, એફઆઇઆઇની એકધારી વેચવાલી મોટી ચિંતાનો વિષય છે. નવેમ્બર મહિનાના પહેલા બે અઠવાડિયામાં વિદેશી રોકાણકારોએ ભારતીય ઇક્વિટીમાંથી ૨૦૨૫માં રૂ. ૧.૬ લાખ કરોડ (૧૮.૪ અબજ ડોલર)થી વધુ નેટ સેલીંગ નોંધાવ્યું છે. વિદેશી ભંડોળના સતત આઉટફ્લો અને રૂપિયાના મૂલ્યમાં તીવ્ર ઘટાડાથી રોકાણકારોના વિશ્વાસ પર ભારે નકારાત્મક અસર પડી છે.

એફઆઇઆઇના એકધારા આઉટફ્લોને સંદર્ભે જાણીતા માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે યુએસ વ્યાજ દરમાં વધારો, પ્રવાહિતાની કડક સ્થિતિ અને સુરક્ષિત અથવા વધુ ઉપજ આપતી ડેવલપ્ડ માર્કેટ એસેટની પસંદગી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ભાર મૂકી રહી છે. ઉપરાંત, ભારતના પ્રમાણમાં વધુ પડતાં ઊંચા ઇક્વિટી મૂલ્યાંકને તેને અન્ય ઉભરતા બજારોની તુલનામાં ઓછું આકર્ષક બનાવ્યું છે જે હાલમાં વધુ સારું મૂલ્ય પ્રદાન કરે છે.

દરમિયાન, ભારતની નિકાસ નવેમ્બરમાં ૧૯.૩૭ ટકા વધીને ૩૮.૧૩ અબજ ડોલરની સપાટીએ પહોંચી છે, જ્યારે આયાત ૧.૮૮ ટકા ઘટીને ૬૨.૬૬ અબજ ડોલરની સપાટીએ પહોંચી છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે નવેમ્બરના આઉટબાઉન્ડ શિપમેન્ટે આ વર્ષે ઓક્ટોબરમાં થયેલા નુકસાનને સરભર કર્યું છે. તેમણે કહ્યું કે નવેમ્બરમાં ૩૮.૧૩ બિલિયન ડોલરની નિકાસ પાછલા દસ વર્ષમાં સૌથી વધુ આંકડો દર્શાવે છે.

નવેમ્બરમાં વેપાર ખાધ ૨૪.૫૩ અબજ ડોલર હતી. સંયુક્ત રીતે, એપ્રિલ-નવેમ્બર દરમિયાન નિકાસ ૨.૬૨ ટકા વધીને ૨૯૨.૦૭ અબજ ડોલર થઈ હતી, જ્યારે આઠ મહિનામાં આયાત ૫.૫૯ ટકા વધીને ૫૧૫.૨૧ અબજ ડોલર નોંધાઇ હતી. સંયુક્ત રીતે, એપ્રિલ-નવેમ્બર દરમિયાન નિકાસ ૨.૬૨ ટકા વધીને ૨૯૨.૦૭ અબજ ડોલર થઈ હતી, જ્યારે આઠ મહિનામાં આયાત ૫.૫૯ ટકા વધીને ૫૧૫.૨૧ અબજ ડોલર થઈ હતી.

# ડૉલર સામે રૂપિયો વધુ ૧૧ પૈસા ઊંચકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવા છતાં સંભવિતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો ફોરેક્સ માર્કેટમાં હસ્તક્ષેપ અને વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ બેરલદીઠ ૬૦ ડૉલરની અંદર પ્રવર્તી રહ્યા હોવાથી આજે સતત બીજા સત્રમાં ડૉલર સામે રૂપિયો વધુ ૧૧ પૈસા ઊંચકાઈને ૯૦.૨૭ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૩૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૦.૩૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૪૫ અને ઉપરમાં ૯૦.૦૪ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૧ પૈસાના સુધારા સાથે ૯૦.૨૭ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં પંચાવન પૈસાનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું.

એકંદરે છેલ્લા બે સત્રથી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા ગબડતા રૂપિયાને અટકાવવા માટે ડૉલર વેચી રહી હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળી રહ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ, વિલંબિત થઈ રહેલી ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ અને ક્રૂડતેલ તથા ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા રૂપિયો દબાણ હેઠળ આવે તેવી શક્યતા નકારી ન શકાય આથી અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૦થી ૯૦.૬૦ આસપાસની રેન્જમાં રહે તેમ જણાય છે. વધુમાં આજે ટાઈમ્સ નેટવર્ક ઈન્ડિયા ઈકોનોમિક કોન્ક્લેવ ૨૦૨૫ દરમિયાન વડા પ્રધાનની ઈકોનોમિક એડવાઈઝરી કાઉન્સિલનાં સભ્ય સંજીવ સન્યાલે જણાવ્યું હતું કે વર્ષ ૧૯૯૦થી રૂપિયાને બજારના પરિબળોને આધીન તરતો મૂકવામાં આવ્યો છે અને રૂપિયામાં ભારે ચંચળતા અટકાવવા માટે રિઝર્વ બૅન્ક હસ્તક્ષેપ માટે સ્વતંત્રપણે નિર્ણય લે છે. ભારતનો આર્થિક વૃદ્ધિદર મજબૂત હોવાથી મને રૂપિયાની નબળાઈની બિલકુલ ચિંતા નથી.

### ડૉલર ઈન્ડેક્સ મક્કમ રહેતાં વૈશ્વિક સોનામાં નરમાઈ, ચાંદી વિક્રમ સપાટીની નજીક

# સ્થાનિક ચાંદી ₹ ૧૪૭૯ ચમકીને ₹ બે લાખની પાર, સોનામાં ₹. ૧૫૭નો ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના ફુગાવાની જાહેરાત પૂર્વે આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને સોનામાં આયાત પડતરો વધી આવતાં હાજર અને વાયદાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીમાં પુરવઠાખેંચની સ્થિતિ અને ઔદ્યોગિક માગ પ્રબળ રહેતાં ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૬૬.૮૮ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચીને પાછા ફર્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં સ્થાનિક ઝવેરી બજારમાં આજે મુખ્યત્વે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૪૭૯ના ઉછાળા સાથે રૂ. બે લાખની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૭નો સાધારણ સુધારો આવ્યો હતો.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલીનું આકર્ષણ જળવાઈ રહેવાની સાથે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૪૭૯ની તેજી સાથે રૂ. ૨,૦૧,૧૨૦ના મથાળે રહ્યા હતા. જોકે, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. વધુમાં આજે વેરારહિત ધોરણે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૭ વધીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૩૧,૯૪૪ના મથાળે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૩૨,૪૭૪ના મથાળે રહ્યા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર તાજેતરમાં સોનાના ભાવ ઊંચી સપાટી આસપાસ હોવાથી પ્રવર્તમાન લગ્નસરાની અપેક્ષિત માગનો વસવસો જણાય છે, તેમ જ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની માગ પણ નિરસ રહે છે.

અમેરિકાના ફુગાવાની જાહેરાત પૂર્વે સાવચેતીના અભિગમ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને અનુક્રમે ઔંસદીઠ ૪૩૨૪.૪૭ ડૉલર અને ૪૩૫૫.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ઔંસદીઠ ૬૬.૮૮ ડૉલરની વિક્રમ સપાટી દાખવ્યા બાદ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૬૬.૦૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં ૧૨૯ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં રોકાણકારોએ સાવચેતીનું વલણ અપનાવતા સોના અને ચાંદીની તેજીએ થાક ખાધો હોવાનું યુબીએસના વિશ્લેષક ગિઓવન્ની સ્ટુનોવોએ જણાવ્યું હતું.

અમેરિકી ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં કપાત માટેના મુખ્ય પરિબળ ગણાતા ગત નવેમ્બર મહિનાના ફુગાવાની આજે મોડી સાંજે જાહેરાત થનાર છે. જોકે, તાજેતરમાં રૉઈટર્સ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણમા ફુગાવામાં વર્ષાનુવર્ષ ધોરણે ૩.૧ ટકાની વૃદ્ધિનો અંદાજ મૂકવામાં આવ્યો છે. જોકે, ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ફેડરલના નવા અધ્યક્ષ રેટકટની તરફેણ કરે તેવા હશે અને આગામી વર્ષે વ્યાજદરમાં ઘણી કપાત જોવા મળશે. પ્રાપ્ત માહિતી અનુસાર આગામી વર્ષના આરંભમાં ટ્રમ્પ જૅરોમ પૉવેલના અનુગામીની જાહેરાત કરશે. જોકે, હાલમાં બજાર વર્તુળો આગામી વર્ષ ૨૦૨૬માં ફેડરલ રિઝર્વ બે વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવી ધારણા મૂકી રહ્યા છે.

# ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીએ વધુ ₹ ૬૮ની તેજી, અન્ય ધાતુમાં મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે ટીનમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૬૮નો ઉછાળો આવ્યો હતો. તેમ જ આજે કોપર વાયરબાર અને નિકલમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. બે વધી આવ્યા હતા. જોકે, આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં કોપરની અન્ય વેરાઈટીઓ,બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી નવનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૬૮ વધીને રૂ. ૩૯૦૬ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં બે સત્રમાં ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨૬નો ઉછાળો આવી ગયો છે. આ સિવાય વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ લેવાલીને ટેકે કોપર વાયરબાર અને નિકલના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૧૩૭ અને રૂ. બે વધીને રૂ. ૧૩૩૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે અન્ય ધાતુઓ જેમાં વૈશ્વિક નરમાઈતરફી અહેવાલે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલી અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં જે ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૯૨૮, કોપર કેબલ ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૧૦૪૮ અને રૂ. ૩૦૯ તથા કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૦૩૭, રૂ. ૧૦૨૦ અને રૂ. ૬૩૧ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે છૂટીછવાઈ માગને ટેકે કિલોદીઠ બ્રાસ શીટ કટિંગ્સના ભાવ રૂ. ૭૨૦, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે રૂ. ૭૨૦, રૂ. ૨૧૪, રૂ. ૨૮૬ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

# ખાંડમાં માગ અને ગુણવત્તાનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૦૦થી ૩૬૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવમાં માગ અને માલની ગુણવત્તાનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. બે થી ૧૨નો ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો નવી લેવાલીથી દૂર રહ્યા હતા તેમ જ રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨ અને ઉપલા મથાળેથી રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૩૮૦૦થી ૩૮૯૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગને ટેકે વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધીને રૂ. ૩૯૧૨થી ૪૦૦૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૦થી ૩૮૬૦માં થયાના અહેવાલ હતા.



# ગુજરાતના મથકો પાછળ સિંગતેલમાં ₹ ૭૦નો ઝડપી ઉછાળો



મુંબઈઃ ગુજરાતનાં મથકો પર આજે મુખ્યત્વે સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોના સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૭૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૬૦ની તેજી આવી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ સિંગતેલમાં ૧૦ કિલોદીઠ રૂ. ૭૦નો ઝડપી ઉછાળો જોવા મળ્યો હતો. વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૩ રિંગિટનો સુધારો આવ્યો હતો અને ગઈકાલે શિકાગો ખાતે પણ સોયાતેલના વાયદામાં ૧૬ સેન્ટનો સુધારો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલે આયાતી તેલમાં સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા, જ્યારે આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા કામકાજ રહ્યાના અહેવાલ હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૨૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૦થી ૧૨૩૫, ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૭થી ૧૨૫૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ગુજરાતમાં આજે ગોંડલ મથકે મગફળીની ૩૦,૦૦૦ ગૂણીની અને ગઈકાલની શેષ ૫૫,૦૦૦ ગૂણી મળી કુલ ૮૫,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૧૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે રાજકોટ મથકે મગફળીની નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૫૫,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૩૫૦માં થયાના અહેવાલ હતા. તેમ જ આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાબીનની બે લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૫૦થી ૪૬૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૬૦૦થી ૪૬૭૫માં થયાના અહેવાલ હતા. હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, સિંગતેલના રૂ. ૧૫૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સરસવના રૂ. ૧૫૧૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૬૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સઃ પોરબંદર, દ્વારકા અને ભાવનગર સહિત ૫ જિલ્લામાં ઉદ્યોગ મિશનનો આજથી પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ કચ્છ-સૌરાષ્ટ્ર અંતર્ગત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ઉદ્યોગ, રોકાણ અને રોજગાર સર્જનને પ્રોત્સાહન આપવા જિલ્લાસ્તરીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત પોરબંદર, દેવભૂમિ દ્વારકા, ભાવનગર, બોટાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં વિવિધ સ્થળોએ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પોરબંદર જિલ્લામાં વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ કચ્છ-સૌરાષ્ટ્ર અંતર્ગત ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ એ વિવિધ કાર્યક્રમોનો આરંભ થશે. જ્યારે બીજા દિવસે ૨૦ તારીખે પણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી પ્રદર્શન યોજાશે.

આ તમામ કાર્યક્રમો તાજાવાળા હોલ અને નટવરસિંહજી ક્લબ ગ્રાઉન્ડ ખાતે આયોજિત કરવામાં આવેલ છે, જેમાં બ્લૂ બાયો-ઇકોનોમી વિકાસ માટેનો રોડમેપ, એગ્રી અને ફૂડ પ્રોસેસિંગ કોન્ક્લેવ તથા મહિલા સશક્તિકરણ માટેનું 'સશક્ત નારી મેળા' અને પ્રદર્શન યોજાશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જામ-ખંભાળિયા ખાતે ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના બપોરે ૩:૦૦ કલાકે આયોજિત કાર્યક્રમમાં પ્રભારી પ્રધાન કુંવરજીભાઇ બાવળીયા ઉપસ્થિત રહેશે. આ સાતે ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપની વિશેષ હાજરી રહેશે. આ એક દિવસીય જિલ્લાસ્તરીય કાર્યક્રમો સ્થાનિક ઉદ્યોગોને મજબૂત બનાવે છે.

ભાવનગર ખાતે ઇસ્કોન ક્લબ એન્ડ રિસોર્ટમાં ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના સવારે ૧૦:૩૦ કલાકે યોજાનાર કાર્યક્રમમાં પ્રભારી સચિવ તથા પ્રભારી પ્રધાન કૌશિકભાઈ વેકરિયા સહિત જીઓલોજી એન્ડ માઇનીંગના કમિશનર ડો. ધવલ પટેલની વિશેષ હાજરી રહેશે. તેઓ અંગે પ્રસ્તુતિ આપી ખનિજ ક્ષેત્ર, ઔદ્યોગિક વિકાસ અને રાજ્યની નીતિઓ અંગે માર્ગદર્શન આપશે, જે ઉદ્યોગકારો માટે ઉપયોગી સાબિત થશે.

બોટાદ જિલ્લામાં ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના સવારે ૧૦:૦૦ કલાકે આયોજિત એક દિવસીય કાર્યક્રમમાં પ્રભારી પ્રધાન રીવાબા જાડેજા સહિત ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના વાઇસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પ્રવિણા ડી કે. ની વિશેષ હાજરી રહેશે. તેઓ ઉદ્યોગ વિકાસ, ઔદ્યોગિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણ તકો અંગે માર્ગદર્શન આપશે.

સુરેન્દ્રનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉન હોલ ખાતે ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના સવારે ૧૦:૩૦ કલાકે યોજાનારા કાર્યક્રમમાં પ્રભારી પ્રધાન દર્શનાબેન વાઘેલા પ્રસંગ અનુરૂપ ઉદ્બોધન કરશે તથા કુટિર અને ગ્રામીણ ઉદ્યોગના સેક્રેટરી અને કમિશનર આર્દ્રા અગ્રવાલ દ્વારા પ્રાદેશિક કોન્ફરન્સ અંગે વિશેષ રજૂઆત કરવામાં આવશે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. ■




**ચકે દેઃ** ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભની સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી છે. આ સ્પર્ધામાં ભાવનગરની હોકીની ભાઈઓની ટીમે પોતાની પ્રતિસ્પર્ધી ટીમોને હરાવી ઝોન કક્ષાની ચેમ્પિયનશિપ પ્રાપ્ત કરી હતી. આગામી દિવસોમાં સ્ટેટ્સ ગુજરાત લેવલે રમવા માટે જશે. (વિપુલ હિરાણી)




**બુલડોઝરઃ** રાજકોટના રૈયા અને મવડીમાં ગેરકાયદે દબાણ હટાવવા માટે બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ભવનાથ મહાશિવરાત્રી મેળાને રાષ્ટ્રીય ફલક પર ચમકાવવા રાજ્ય સરકારનું ભવ્ય આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગરવા ગિરનારની ગોદમાં મહાશિવરાત્રી પર યોજાતા પરંપરાગત જૂનાગઢના પ્રખ્યાત ભવનાથ મહાશિવરાત્રિ મેળાના સુવ્યવસ્થિત અને ભવ્ય આયોજન માટે ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને એક મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં સાધુ-સંતો, સ્થાનિક પદાધિકારીઓ, પ્રવાસન વિભાગના અધિકારીઓ અને જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓની સુવિધા અને સલામતીને સર્વોપરી ગણવામાં આવી હતી. નાયબ મુખ્ય પ્રધાને ખાસ કરીને આરોગ્ય અને તબીબી સેવાઓ, પીવાના પાણીની વ્યવસ્થા અને પાર્કિંગ વ્યવસ્થા અંગે વિગતવાર સમીક્ષા કરી હતી.

શ્રદ્ધાળુઓને દર્શનમાં કોઈ અગવડ ન પડે તે માટે દર્શન વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા સૂચના આપવામાં આવી હતી.

મેળા દરમિયાન સ્વચ્છતા જાળવવા અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ગુજરાતના વારસાને ઉજાગર કરવા માટે પણ મંત્રી દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વહીવટી તંત્રને મેળાના સુચારૂ સંચાલન માટે તમામ સ્તરે સંકલન સાધવા આદેશ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મિનિ કુંભ તરીકે પ્રચલિત અને જેની આસ્થા દેશભરના સાધુસંતોમાં છે તેવા ભવનાથના શિવરાત્રીના મેળાની ઉજવણી મોટાપાયે થાય તે માટે રાજ્યના પ્રવાસન વિભાગ, સંસ્કૃતિ વિભાગ સહિત તમામ ખાતાઓ સાથે મળીને ભવ્ય આયોજન કરશે. સાંસદ સંજય કોરડિયાએ જણાવ્યું હતું કે, જૂનાગઢનો શિવરાત્રીનો મેળો આખા દેશમાં શિવરાત્રી પર યોજાતો સૌથી મોટો મેળો છે અને આ મેળાને સાધુ સંતોની મર્યાદા અને શિવ ભક્તિને સાથે રાખી રાષ્ટ્રીય સ્તરે કઇ રીતે રજૂ કરવામાં આવે અને મિનિ કુંભ સમાન આ મેળાના ભવ્ય આયોજન અંગે બેઠક કરવામાં આવી હતી. ■

# રાજુલા પોલીસ દ્વારા ૩૫ ગુનાના આરોપીને પકડી પડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લગભગ ૩૫ જેટલા ગુનામાં સંડોવાયેલા ગુનેગારને રાજુલા પોલીસે પકડી પાડ્યો હતો. ત્રણ ગંભીર ગુનામાં પણ આરોપી એવા શિવરાજ ધાખડાની રાજુલા પોલીસે ધરપકડ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આરોપી ઘણા સમયથી પોલીસના સકંજામાંથી બચી જતો હતો.

પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર ધાખડાએ પેટ્રોલપંપ સળગાવવાનો પ્રયાસ કર્યો હતો અને કર્મચારીઓ સાથે મારામારી પણ કરી હતી. આ સાથે એક ટ્રક ડ્રાઈવરની હત્યાના પ્રયાસો કરવાનો ગુનો પણ તેના નામે હતો. આવા ગુનામાં તે સંડોવાયેલો હતો. આ ઉપરાંત તેના વિરુદ્ધ રાજુલા, જાફરાબાદ, ખાંભા, દાઠા, સાવરકુંડલા અને ગીર ગઢડા સહિતના પોલીસ સ્ટેશનોમાં અત્યાર સુધીમાં કુલ ૩૫ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. તે એક સમયે તડીપાર પણ થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસે તેને પકડી પાડી તેની સામે કાર્યવાહી શરૂ કરી દીધી છે. ■

# ગાંધીધામ સંકુલમાં પ્રતિબંધિત કેપ્ટન ગોગો પેપરનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદઃ કચ્છના ગાંધીધામ શહેર અને સંકુલમાં તથા આદિપુર, અંજાર, ભચાઉ સહિતનાં મથકોએ દેશી-અંગ્રેજી શરાબના પોઈન્ટ, ગાંજો, ભાંગ વગેરે પ્રકારના નશાકારક પદાર્થોની બદી સતત વધી રહી છે એ વચ્ચે ગાંધીધામના સેક્ટર-૯ વિસ્તારમાં સ્થિત એક દુકાનમાંથી પોલીસે પ્રતિબંધિત કેપ્ટન ગોગો કોન તથા રોલિંગ પેપર સાથે એક શખ્સની ધરપકડ કરી હતી.

વિવિધ પ્રકારના પાઉડર સ્વરૂપના માદક દ્રવ્યોને ગોગો પેપરમાં વીંટાળી તેને બીડી, સિગારેટની જેમ બંધાણીઓ દ્વારા સેવન કરવામાં આવતું હોઈ, રાજ્ય સરકાર દ્વારા આ પેપરને પ્રતિબંધિત જાહેર કરી દેવામાં આવતા રાજ્ય પોલીસ હાલ પાન, બીડી, ચાની લારી, કરિયાણાની દુકાનોમાં તપાસ ચલાવી રહી છે. આ દરમ્યાન મહાનગરપાલિકા કચેરી પાછળ, સેક્ટર-૯,પ્લોટ નંબર ૪૪, મોરબિયા ચેમ્બરસ્થિત કમલેશ કોલ્ડ્રીંક્સ નામની દુકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમ્યાન કોલ્ડ્રીંક્સની દુકાનમાંથી પ્રતિબંધિત કેપ્ટન ગોગો કોનના નંગ ૪૬ તથા કેપ્ટન ગોગો રોલિંગ પેપર કોનના નંગ ૮૧ મળી આવતાં અપના નગરમાં રહેનાર દુકાનના સંચાલક એવા કમલેશ ગોવિંદ ઠક્કરની ધરપકડ કરવામાં આવી હતી.

આ ઉપરાંત ગાંધીધામના સપનાનગરમાં બી-૨૪૦માં આવેલી અન્ય એક દુકાનમાં પણ પોલીસે દરોડો પાડીને રૂ. ૪૪૦૦ની ગોગો પેપરની ભૂંગળી જપ્ત કરાઈ હતી તેમજ સંચાલક ભવાન કરમશી બારવાડિયા (પટેલ)ને નોટિસ પાઠવાઈ હતી. વધુ એક કાર્યવાહી શહેરના રેલવે મથક બહાર આવેલી એક પાન-બીડીની કેબિનમાં પાર પાડવામાં આવી હતી અને ગોગો પેપરની રૂ.૧૩૮૦ની ૧૩૮ જેટલી ભૂંગળીઓ જપ્ત કરી, આદિપુરના મહેશ તારાચંદ લાલવાણીને પણ નોટિસ આપવામાં આવી હતી.

દરમ્યાન, સરકારી જાહેરનામાની જાણકારી મળ્યા બાદ કેપ્ટન ગોગોના જથ્થાને આઘોપાછો કરી દેનારા વેપારીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી જારી રહેશે તેવું જાણવા મળી રહ્યું છે. ■

# ઓનલાઇન ટાસ્ક પૂર્ણ કરવાના નામે સાયબર ફ્રોડમાં યુવાને ₹ નવ લાખ ગુમાવ્યા

(અમારા પ્રતિનિધી દ્વારા)

અમદાવાદઃ આવક વધારવા માટે ઓનલાઇન ટાસ્ક પૂર્ણ કરી તેના બદલામાં સારી એવી કમાણી કરવાની ભેજાબાજોની જાળમાં આવી ગયેલા મૂળ મોટા આસંબિયાના અને હાલમાં ભુજના મિરજાપર ગામમાં રહેતા યુવકને ૯.૩૭ લાખ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, મિરજાપર રહેતો અને ભુજના હોસ્પિટલ રોડ પર સ્થિત આઇઆઇએફએલ ફાયનાન્સ કંપનીમાં ફરજ બજાવનાર દેવ પ્રિતેશભાઈ મકવાણાએ બોર્ડર રેન્જ ભુજની સાયબર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત તા. ૨૪-૧૧ના રોજ તેના ટેલિગ્રામ એપ પર અજ્ઞાત આઈ.ડી. પરથી પોતે ગૂગલ રિવ્યૂ મેનેજમેન્ટના એચ.આર. મેનેજર હોવાની ઓળખ આપનારનો સંદેશો આવ્યો હતો. આ વ્યક્તિએ ગૂગલ મેપ પર લિસ્ટ થયેલી વિવિધ હોટેલોને ફાઈવ સ્ટાર રેટિંગ આપી દરરોજ ઘરબેઠા રોજના પાંચ હજાર કમાઈ શકશો તેવું જણાવ્યું હતું. આ લલચામણી સ્કીમ અંગે દેવ સહમત થયો હતો અને આ બાદ સાયબર અપરાધીએ કથિત ઓનલાઈન ટાસ્ક માટે રેટિંગ મેળવીને ફરિયાદીના યુ.પી.આઈ. આઈ.ડી. તથા ક્યુ.આર. કોડ મેળવી લીધા હતા. આ બાદ આરોપીએ આપેલા ક્યુ.આર. કોડ પર ક્લિક કરતાં બીજી એક ટેલિગ્રામ આઈ.ડી. ઓપન થઈ. આમ દેવ એક પછી એક વિવિધ ગ્રૂપ - આઈ.ડી.ના ચક્કરમાં સપાડાઈ ગયો હતો અને તેના ડિજિટલ વોલેટમાં નફો દેખાતાં લાલચમાં આવ્યો હતો. આ બાદ આ અજાણ્યા આરોપીના કહેવા પ્રમાણે ૧૪ વિવિધ ખાતામાં કુલ મળીને રૂ. ૯,૩૭,૭૩૨ ટ્રાન્સફર કરી દીધા હતા. આ રકમ આરોપીએ આપેલી ક્રિપ્ટો કરન્સી વોલેટમાં દેખાતી હતી. દેવે પૈસા ઉપાડવા પ્રયાસો કર્યા હતા. આ ટોળકીએ વધુ પૈસાની માગણી કરતાં પોતે છેતરાઈ ગયો હોવાનો ખ્યાલ આવતાં તેણે પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. ■

# અંજાર શહેરમાં ચોરી-લૂંટફાટ કરતા પોલીસ પર હુમલો કરનારા ચાર આરોપીને પાંચ વર્ષની સખત કેદ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદઃ આજથી અઢાર વર્ષ પૂર્વે અંજાર શહેરમાં આવેલી દુકાનોમાં ચોરી કરનારા અને પડકારનારા પોલીસ કર્મીઓ પર જીવલેણ હુમલો કરી લૂંટ ચલાવવાના ચર્ચાસ્પદ કેસમાં ચાર આરોપીને પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી.

કેસ અંગે પ્રાપ્ત ટૂંક વિગતો મુજબ, અંજારમાં આનંદ એજન્સી તથા શ્રીજી પ્રોવિઝન સ્ટોરમાંથી મોબાઇલ ફોન, સિક્કા, રોકડ રકમની ચોરી કરનારા કરનારા નંદુ રામલાલ ખરાડી, જીવણ બાબુલાલ ભીલ, ગોરધન અંબાલાલ મુનિયા, ધનાલાલ શંભુ મુનિયા નામના આરોપીઓને પોલીસે પડકારી તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો. આ વેળાએ ચાર શખ્સે પથ્થરો વડે હુમલો કરી પોલીસ કર્મીઓને ઈજાઓ પહોંચાડી હતી. ચોરી-લૂંટના આ પ્રકરણમાં વર્ષ ૨૦૦૭માં પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ ટ્રાયલ અદાલતમાં કેસ ચાલી જતાં તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરાયા હતા. આ કોર્ટના હુકમ વિરુદ્ધ સરકાર મારફતે વર્ષ ૨૦૧૯માં અપીલ કરવામાં આવી હતી, જ્યાં બીજા અધિક સેશન્સ જજએ આ અપીલ મંજૂર કરી હતી. નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરાયો હતો તેમ જ સેશન્સ કોર્ટમાં બંને પક્ષની દલીલો સાંભળી આ ચારેય આરોપીને ન્યાયાધીશ કે. કે. શુક્લાએ તક્સીરવાન ઠેરવ્યા અને તમામને પાંચ વર્ષની સાદી કેદ તથા રૂ.૧૫૦૦નો દંડ ફટકારી દંડની રકમ ન ભરે તો વધુ કેદનો ચુકાદો આપ્યો હતો. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ આશિષકુમાર પી. પંડયા હાજર રહ્યા હતા. ■

# મુંદરાનાં પ્રાગપરની સુરઇ નદીના ડેમમાંથી ગુમશુદા વૃદ્ધનો મૃતદેહ મળી આવ્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદઃ ચાર દિવસથી ગુમ થયેલા મુંદરાના પ્રાગપર-૨માં રહેતા ૮૫ વર્ષીય ભીખાભાઇ ગેમાભાઇ રાઠોડ નામના વડીલનો સુરઇ નદીના ડેમમાંથી મૃતદેહ મળી આવતાં પંથકમાં ચકચાર પ્રસરી જવા પામી છે.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રાગપર-૨માં રહેનાર ભીખાભાઇ રાઠોડ ગત તા. ૧૩-૧૨ના રોજ વહેલી સવારના અરસામાં ઘરેથી પરિવારને જાણ કર્યા વિના ચાલ્યા ગયા હતા. ૨૪ કલાક સુધી તેમની ભાળ ન મળતાં પરિવારે પોલીસમાં ગુમનોંધ લખાવી હતી. વૃદ્ધની શોધખોળ ચાલુ હતી તે દરમ્યાન સુરઇ નદીના ડેમના પાણીમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક ભીખાભાઇને મધુપ્રમેહ અને રક્તચાપની બીમારી હતી, પાણી પીવા કે હાથ-પગ ધોવા જતા કે ચક્કર આવવાથી પાણીમાં પડી જવાથી ડૂબ્યાની સંભાવના તેના પુત્ર વિંઝાભાઇએ દર્શાવી હતી.

હાલ આ મામલે પ્રાગપર પોલીસે અકસ્માત મોતનો ગુનો દર્જ કરી આગળની તજવીજ આદરી છે. ■

# પધ્ધર પાસેના મોટા બાંધાની સીમમાં લીઝ બહાર ગેરકાયદે લાઈમ સ્ટોન પથ્થરનું થતું ખનન ઝડપાયું

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદઃ કચ્છના મોટા બાંધા ગામના સીમાડામાં લીઝ બહારના ભાગે થઇ રહેલી ગેરકાયદે ખનન પ્રવૃત્તિનો સ્થાનિક ગુનાશોધક શાખાએ પર્દાફાશ કર્યો છે.

કાર્યવાહી અંગે એલસીબીના ઇન્ચાર્જ પી.આઇ.એચ.આર.જેઠીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પધ્ધર વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન મળેલી પૂર્વ બાતમીના આધારે મોટા બાંધાના સીમાડામાં દરોડો પાડવામાં આવતાં અહીં ભારે મશીનરી દ્વારા લીઝ બહારના ભાગમાં લાઇમ સ્ટોનનું ગેરકાયદેસર ખોદકામ થઇ રહ્યું હતું. સ્થળ પરથી બે ટ્રકમાં લાઇમ સ્ટોન (બેલા)નો જથ્થો મળી આવ્યો હતો.

આ અંગેના પરવાના લીઝધારક પાસે ન હોવાથી લીઝની માપણી માટે ખાણ ખનિજ અને ભૂસ્તરશાત્રીની કચેરીનો સંપર્ક કરી, લીઝની માપણી કરાવી હતી અને ટૂકડી દ્વારા આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી તેમ જ બંને ટ્રકને સ્થાનિકે સીઝ કરવામાં આવ્યાનું એલસીબીના ઇન્ચાર્જ પી.આઇ. એચ.આર.જેઠીએ ઉમેર્યું હતું. ■

# ભાવનગરમાં બે અકસ્માતમાં યુવક-યુવતીએ જીવ ગુમાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં સતત વધતા અકસ્માતના બનાવોમાં યુવાનો પણ હોમાઈ રહ્યા છે. ભાવનગમરાં બનેલી બે અકસ્માતની ઘટનામાં એક યુવતી અને એક યુવકે જીવ ગુમાવ્યો હતો.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ શહેરના ભાદેવાની શેરી હાટકેશ્વર એપાર્ટમેન્ટ ભાવનગર ખાતે રહેતા મેહુલભાઈ પ્રેમજીભાઈ ચૌહાણએ નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે તેમની દીકરી જાનવી અને રિધ્ધી પોતાના ટુ વ્હિલર પર ઘરે પાછી આવી રહી હતી ત્યારે વાઘાવાડી રોડ પર સામેથી રોંગ સાઈડ પર પુરઝડપે આવી રહેલા ટુ વ્હીલર સાથે અથડાયું હતું અને બન્ને બહેનો રસ્તા પર પટકાઈ હતી. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેમની દીકરી રિદ્ધીનું મોત થયું હતું અને જાનવી હજુ સારવાર લઈ રહી છે. નિલમબાગ પોલીસે બાઈકચાલક જીણાભાઈ સામે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

તો બીજી બાજુ ભાવનગર જિલ્લાના વલ્લાભીપુર ખાતે રહેતા ઋષિરાજસિંહ હાલુભા ગોહિલ (૨૨) પગપાળા ચાલીને ઘરે જતા હતા ત્યારે વલ્લભીપુર ગામે પુર ઝડપે આવી રહેલી પિકઅપ ગાડીના ચાલકે જોરદાર અકસ્માત સર્જતા આશાસ્પદ યુવાનનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું . આ બનાવ બનતા પરિવારમાં શોક છવાઈ ગયો હતો. પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી. ■

# મુંદરાના મોટી ભુજપુરના હત્યાના ચકચારી કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદઃ એકાદ વર્ષ અગાઉ બંદરીય મુંદરા તાલુકાના મોટી ભુજપુરમાં થયેલી કરપીણ હત્યાના જે-તે સમયે ભારે ચર્ચાસ્પદ બનેલા કેસમાં એક મુખ્ય અને બે સહઆરોપીનો નામદાર અદાલત દ્વારા નિર્દોષ છૂટકારો થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત તા. ૧-૧૧-૨૦૨૪ના સાંજે મોટી ભુજપુર ગામની માધ્યમિક શાળાની સામે ઇમ્તિયાઝ હાસમ ચાકી નામની વ્યક્તિ પર હુમલાખોર દ્વારા છરીના ઉપરાઉપરી ઘા મારવામાં આવ્યા હતા. પરિવારને જાણ થતાં ઈમ્તિયાઝને મુંદરાની સરકારી હૉસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો. જો કે તેનું સારવાર મળે તે અગાઉ મોત નીપજ્યું હતું. હત્યાના બીજા દિવસે ઇમ્તિયાઝની માતા રશીદાબેને મુંદરા પોલીસ મથકમાં જિજ્ઞેશ નારાણ ગઢવીએ પુત્રને છરી મારી ઇજાઓ પહોંચાડવાની અને તેની સાથે મદદગાર એવા સહઆરોપી રામ દેવરાજ ગઢવી તથા ગોવિંદ શિવરાજ ગઢવી વિરુદ્ધ ઇમ્તિયાઝની હત્યા નીપજાવ્યાનો ગુનો નોંધાવ્યો હતો.

ચાર્જશીટ રજૂ થતાં આ કેસ ભુજની સેશન્સ કોર્ટમાં ચાલી જતાં ૧૬ સાહેદ તથા ૩૬ જુદા-જુદા આધારો રજૂ થયા હતા. પક્ષકારોને સાંભળીને ફરિયાદ પક્ષ તહોમત પુરવાર ન કરી શકતાં ત્રણે આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ અદાલત દ્વારા કરવામાં આવ્યો છે. આ કેસમાં આરોપીઓ તરફે વરિષ્ઠ ધારાશાત્રી ડી.વી. ગઢવી, વાય.વી. વોરા, એ.એન. મહેતા, એચ. કે. ગઢવી, એસ. એસ.ગઢવીએ કોર્ટરૂમમાં હાજર રહી તહોમત પુરવાર કર્યો હતો. ■

# કાર ભાડે આપવાની વાત કરી ૨૬ ગાડી ગિરવે મૂકનાર આરોપી પોલીસે પકડી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના જસદણમાં એક વિચિત્ર પ્રકારનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. અહીં આસપાસના વિસ્તારોના કારમાલિકો પાસેથી એક શખ્સ કાર લઈ ગયો હતો અને તેને જામનગર ખાતે ભાડે આપવાનું વચન આપી દસ્તાવેજ પણ બનાવ્યા હતા, પરંતુ પછીથી તેણે બધી જ કાર ગિરવે મૂકી દીધી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું.

આ ઘટનાની મળતી વિગતો અનુસાર રાજકોટ જિલ્લાના જસદણથી થોડે દૂર આવેલા કલોરાણા ગામના શખ્સ રાહુલ દેવશીભાઈ જાદવે ૨૬ જેટલી કાર માલિકો પાસેથી લીધી હતી. માલિકોને આ કાર ભાડે આપવામાં આવશે અને દર મહિને ૪૦થી ૪૫, ૦૦૦ ભાડું મળશે તેવો વાયદો કર્યો હતો અને આ માટેનું લખાણ પણ કર્યું હતું. કાર લઈ લીધા બાદ તે જામનગર આવ્યો હતો અને અહીં તેણે રૂ. ૫૦,૦૦૦થી એક લાખમાં કાર ગિરવે મૂકી દીધી હતી. કારમાલિકોને મહિને ભાડુ ન મળતા તેમને શક ગયો હતો અને તેમણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે પણ તાત્કાલિક કાર્યવાહી કરી રાહુલને ઝડપી પાડ્યો હતો અને તેની પૂછપરછ શરૂ કરી હોવાનુ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# મહુવામાંથી એલસીબીએ ત્રણ ક્રિકેટના સટોડિયા ઝડપ્યા

અમદાવાદઃ ભાવનગર જિલ્લામાં એલસીબી પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી બાતમીના પગલે મહુવામાં ક્રિકેટ પર સટ્ટો રમતા ત્રણ શખ્સને ઝડપી લીધા હતા અને મહુવા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી. ભાવનગર એલસીબી પોલીસે મહુવા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં યોગી ફ્લેટ સામેની ખૂલી જાહેર જગ્યામાં એક કારમાં બેઠેલા ત્રણ શખ્સને ઝડપી પાડ્યા હતાં. તેમની પાસેથી મોબાઇલ ફોન મેળવી તેમાં ઓનલાઇન એપ્લિકેશન ડાઉનલોડ કરી માસ્ટર આઇડીમાં લોગીન થઈ બીગબેચ લીંગ દ્વારા સાઇકલ મેચ ઉપર સટ્ટો રમાડતા હોવાને પગલે રંગે હાથ ઝડપી લીધા હતા. ભાવનગર એલસીબી પોલીસે ઝડપેલા ત્રણ શખ્સમાં ભવદીપસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા, કૃણાલ વિરેન્દ્રભાઈ ચૌધરી અને ધાર્મિક મહેન્દ્રભાઈ પરમારનો સમાવેશ થાય છે. જોકે આ સંદર્ભમાં ડોડિયા ઉર્ફે સાટીકને ઝડપવાનો બાકી છે. પોલીસે ઝડપાયેલા ત્રણેય શખ્સ પાસેથી બે મોબાઇલ, ૧૭૦૦૦ રોકડ, કાર એક નોટબુક મળી કુલ રૂ. ૫,૯૩,૦૦૦નો મુદ્દામાલ કબજે લઈ ધોરણસર ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■